કુમાર

તંત્રી
રવિશંકર રાવળ

અષાડ ઓગણીસ સો છયાશી :: અંક ૭૯મો



કુમાર

અષાડ ૧૯૮૬

અંક ૭૯

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



હીલોળા

ચિત્રકાર : કૃષ્ણલાલ ભટ્ટ

[શ્રી સવિતાબહેન ત્રિવેદીના સૌજન્યથી]

બલિમંત્ર

[દ્રુતવિલંબિત]

પવન, ધીર ગભીર મટી હવે
પ્રસરજે તુજ પાંખ વિશાળવીઃ
પ્રલયના ફફડાટ ભરીભરી
ગજવજે દિશ ચેતનના રવે.

ગગન, સ્વાર્પણના નવમંત્રથી
જગવજે મુજ અંતર–ભાનનેઃ
ભરી દઉં તુજ શૂન્ય વિતાનને
અમર યૌવનની વીર હાકથી.

પ્રગતિના સહુ તત્ત્વ, કહો તમે
સજીવ દર્શન ક્યાં મુજ સ્વપ્નનાં ?
પ્રકટવા પથ ભાવિ પ્રકાશના
જપીશ અંતર નિર્મળ ચેતને.

ઇન્દુલાલ ગાંધી



દેશની લડત આજે કોઇ ન સમજતું હોય એવું ભાગ્યે જ જડશે. એકેએક હિંદવાસીની હૃદયની ઇચ્છા એ લડતનો જય થાય એ જ હશે. પણ એ ઇચ્છા જેટલો જ ભોગ આપવામાં કે કંઇ પણ સક્રિય ફાળો આપવામાં કેટલો મોટો ભાગ હજુ પાછળ છે ? મહાસભા જેવી દેશની સર્વોપરી સંસ્થાનો આદેશ અને સંકલ્પ જાહેર થયા પછી કોઇ પણ માણસને કાર્યક્રમ અને યોજના વિશે જરા યે પૂછવાપણું રહેતું નથી. છતાં સમજુ વર્ગના અનેક જુવાનો અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રનો અવાજ ઝીલવામાં પાછળ અને મંદ છે તે જોઇએ છીએ ત્યારે ખેદ થયા વિના રહેતો નથી.

દેશનાં કેટલાંક માણસો લડી, ખુવાર થઇ અને ઘણા તો સર્વનાશને તળિયે જઇ પ્રજા માટે સ્વરાજ કે સમાન હક્ક મેળવશે ત્યારે તેમની મહેનત પર સવાર થઇ જવાને ડિગ્રીઓવાળા, કે વેપારીઓ અથવા નોકરીઆતો તૈયાર થઈ જશે. એ વૃત્તિમાં કેટલી સ્વાર્થપરાયણતા અને અધમતા રહેલી છે તેનો ખ્યાલ પણ જેમને નથી આવ્યો એવા આપણા દેશબંધુઓને પરમાત્મા સુમતિ આપો કે આ અણીને અવસરે દેશની લાજ રાખવા, દેશના જન્મોજન્મના દારિદ્ર્યનું નિવારણ કરવા અને દેશની સંસ્કૃતિ તથા સન્માન સાચવવા તેમની ક્ષણિક લાલચો ને મોહ દૂર કરી ચારિત્ર્ય ને પ્રતિષ્ઠાને પંથે આવી જાય.

ડિગ્રીઓ વિના કોઇ ભૂખે મરશે નહિ. જો દેશ આબાદ થશે તો આપણા અનેક ધંધાઓ અને ઉદ્યોગો સજીવન કરી શકીશું. આપણાં ધનધાન્ય પરદેશ ઘસડાઇ જતાં અટકાવી શકીએ તો આજની બેકારી અને જીવનકલહ ધુમ્મસની પેઠે ઊડી જાય. આપણા દેશવાસીઓના મોટા ભાગને ખાવાના

પોતાને શું ગમે છે એ સવાલ છોડી દઈ દેશને શું જોઇએ છે એ જોવાની શુદ્ધ દૃષ્ટિ કેળવ્યા પછી જ માણસને દેશસેવાનો સાચો રસ્તો જડે છે.

(કાલેલકર)

પણ વાંખા છે; આપણાં દર્દોના ઇલાજ કરવાને આપણી પાસે નાણાં રહ્યાં નથી; આપણી કેળવણી સુધારવાને તંગી નડે છે; ઘરમાં સુખસગવડનાં રાચરચીલાં વસાવવાની જોગવાઇ નથી; સગાંકુટુંબીઓને મદદ કરી શકીએ એવો સંગ્રહ નથી; છતાં બધી જાતના કરો આપણને વળગ્યા જ રહ્યા છે. દેશમાં આવતી દરેક ચીજ પર કર વસુલ લેવાય છે; દેશમાં બનતી દરેક ચીજ ને ધંધા પર કર ભરતાંભરતાં માણસ થાકી જાય છે ને આવક વધતી નથી. કારણકે સરવાળાનો નફો પરદેશના હાથમાં જ રહે છે.

આ અનેક દુઃખોનો ઈલાજ 'સ્વાધીન સત્તા' વિના બીજો કોઇ જણાયો નથી. કેળવણીવાળા, વેપારીઓ ધંધાદારીઓ, કારખાનાંવાળા, ખેતી સુધારણાવાળા,–બધા, વર્ષોના અખતરા ને ઉપદેશો લીધા પછી થાકીને એ એક જ વાત કહે છે કે જેને કંઇ પણ કરવાની સત્તા ને નાણાંવ્યયનો કાબુ ન હોય તે મન ગમે તેટલા વિચારો કરે તો ધૂળની ધૂળ છે. એ સત્તા અને એ સંગ્રહ પ્રજાની ઇચ્છા વિના એક ક્ષણવાર પણ ટકી શકે નહિ એવો સિદ્ધાંત દેશનેતાઓએ તો સ્વીકાર્યો છે, પણ પ્રજામાં ઘણા ય એવા છે કે જેમને એ વાતમાં શ્રદ્ધા નથી.

તમારે કેવાં કપડાં પહેરવાં એ તમારી સત્તાનો વિષય હોય તો તમારી ઇચ્છા સિવાય કોઇ તમને બીજાં કપડાં પહેરાવી શકે નહિ. તમારે શું ભણવું છે અને શું નથી ભણવું એ તમારી સત્તાની વાત હોય તો બહારની કોઇ શક્તિ તમારી પર અમલ કરી શકે જ નહિ. દેશના હિતની વાત સમજી દેશને ફાયદો થાય એ વાત જ મંજૂર હોઈ શકે એમ તમે સ્વીકારતા હો તો તમારે માટે એક જ વર્તન હોઇ શકે કે તમારા શરીર પરનાં વસ્ત્રો માટે પરદેશમાં પાઇ સરખી જવી ન જોઇએ. તમારી કેળવણીનો ઉદ્દેશ તમને આ દેશમાં સ્વાધીન અને સશક્ત માણસ બનાવે એ જ હોવો જોઇએ. જે કેળવણી માણસને નિર્ભય કરી શકે નહિ, સ્વાશ્રયી બનાવી શકે નહિ એને કેળવણી કહી શી રીતે આદર કરી શકીએ ?

શાળાકૉલેજોની કેળવણી લઈ બેઠેલા માણસો શી મોટી આવક કરી જાય છે કે ઠરીઠામ થઇ બેઠા છે ? મૂઠીભર સંખ્યાને ખાલી પડેલી નોકરીઓ કે માસ્તરગીરીઓ મળી જાય છે; પછી તો બાકીના બધા જનસમુદાયમાં ટલ્લા મારતા જ રહે છે. ફેરીવાળાઓ, મજૂરો, કારીગરો અને દુકાનદારો જે હિંમત ને બહાદુરીથી પોતાનું ગુજરાન ચલાવે છે તેની આગળ આ ભણેલાઓ લાચાર, નાહિંમત ને કરગરતાં પ્રાણીઓજ લાગે છે.

આઠ વર્ષથી વીસ વર્ષ સુધીના કુમારો ને કિશોરો સ્વાધીન કમાણી કરી શકે એવા ઘણા યે ધંધા, મજૂરી કે સાધનો હોય છે છતાં નોકરીની ખોટી લાલચે આપણી ઊગતી પ્રજા કેળવણીનાં ઊંચાં ધોરણો પાછળ ફી-ચોપડીઓનાં ખર્ચો કરે છે. એ યૂનિવર્સિટીના આશરા નીચે પરદેશના પુસ્તક વેચનારા, સામાન વેચનારા અને વિદ્વાનો સમૃદ્ધ થયે જાય છે ને બદલામાં એ વિદ્યાર્થીઓને ખર્ચાળ ટેવો ને પરાધીન ભેજાં સિવાય ભાગ્યે જ બીજું કાંઇ મળે છે.

એ દિવસ ક્યારે આવશે કે ગામેગામના વિદ્યાર્થીઓ મળી જાતમહેનત કરી પોતાની શાળાઓ, પોતાનાં ઉદ્યોગ-

ગૃહો અને પોતાની દુકાનો જમાવી નિર્વાહ તથા ભાગુતર સાથોસીથ ખેંચી કાઢશે? દેશની ગરીબી વધતી આવી છે તેમતેમ પોતાનાં બાળકોને ભણાવવાની માબાપોની શક્તિ પણ કમી થતી આવી છે. હવે કેળવણીના ગમે તેટલા ઊંચા આદર્શો ને સિદ્ધાંતો પરદેશમાંથી આવશે તોપણ તેમાંના એકેનો અમલ કરવાના સાધન કે શક્તિ આપણે ત્યાં રહેવાનાં નથી. વિદ્યાર્થીએ હવે માબાપના વારસા પર કે આશરા પર જીવવાનો જમાનો ગયો છે. પોતાની જિંદગીની લડત પોતે જ લડી લેવી પડશે. પરદેશને હાથે લૂંટાતી સંપત્તિ, ઉદ્યોગો ને આબરૂ બચાવવાં હોય તો તેણે જ કામે લાગી જવું પડશે.

વિદ્યાર્થીના જીવનમાં માત્ર અક્ષરજ્ઞાન જ નહિ પણ બધી જાતની મહેનત, કુશળતા અને કારીગરીનાં જ્ઞાન, પ્રયોગ તથા અનુભવ સાથે ખેડાશે નહિ ત્યાં સુધી સામા આવતા આ કઠણ કાળમાં ઊભા રહેવાની શક્તિ તે પામશે નહિ. ગરીબી, અજ્ઞાનભર્યા રિવાજો, જ્ઞાતિકલહો ને આજીવિકાની હરીફાઇનાં વાદળો ભેદીને જ તે આબાદી ને સત્તાનો સૂર્ય જોઇ શકશે. કામ, કામ–અખંડ કામ કર્યા વિના તેના આદર્શો કદી જ પાર પડવાના નથી.



કોણ સાચો સિપાહી ?


ચિત્રકાર : રવિશંકર રાવળ

નવો આંક

હિંસાનો જવાબ સામી હિંસા કરીને જ દેવાય, એ કાળજૂના લોકપ્રિય સિદ્ધાંતને ખોટો પાડીને, ગુજરાત! તેં માનવીના ઇતિહાસમાં નવો જ આંક માંડી આપ્યો છે. તારા જગદ્વન્દ્ય વીર પુત્રોએ જે દિવસથી ખૂનતરસ્યા હાથોની મારપીટને પુષ્પ પેરે સત્કારવા માંડી, તે દિવસથી ઇતિહાસકારે નવો સંવત્સર ગણવો પડશે. આજે જેની કલ્પના યે અશક્ય જેવી, તે અદ્ભુત અસર તારી તપશ્ચર્યા અને તારાં સર્વસમર્પણ આવતી કાલની માનવજાત પર કરશે.


નવો આંક, પણ આજે અતિનવો. પશુબળનો પ્રયોગ શરીર પર થયે જ જતો હોય છતાં મુખે હાસ્ય વિલસતું રહે ને હૃદયે ધૈર્ય અડોલ ઠરે,—આત્મબળનું આ દર્શન અમારે માટે એટલું નવું છે હજી, એટલું અણપિછાન્યું છે, કે બળાબળનાં અમારાં ચલણી તોલમાપે માપતાં તો એ શક્તિ માનવીની નહિ, દેવની લાગે છે. અથવા, દેવની યે નહિ: દેવ તો ઘા સામો ઘા નિઃસંકોચ કરતા. આ અજબ શક્તિ તો એવા અભિનવ માનવીની છે, જે પુરાણકીર્તિત દેવોને પણ અધૂરા કહેવડાવે. સાક્ષાત્ ઈશ્વરની જ વિભૂતિનો સુવિકસિત અંશ તેને કહીએ.

એ વિભૂતિને જગતમાં વ્યાપક થતાં, અહિંસાના અલોકિક શસ્ત્ર વડે હિંસામાત્ર નાબૂદ થઇ સર્વત્ર નિરતિશય પ્રેમનું સામ્રાજ્ય પ્રસરતાં, હજી ઘણો—ઘણો સમય જશે કદાચ. પરંતુ જ્યારે પણ એવો સાચો સુવર્ણયુગ આવશે, ત્યારે દુનિયામાં એમ કહેવાશે કે આ સ્વર્ગીય ફળોનું બીજ એક અમરકીર્તિ ગુજરાતીએ વાવ્યું હતું, આ કલ્પવૃક્ષનાં મૂળમાં નબળાનમાલા ગણાતા ગુજરાતીઓનાં ઊનાં [illegible] તું. (કૌમુદી)



ભાઇ બાળકૃષ્ણ ગોવિંદરાવ મુળે
કડી પ્રાન્ત વ્યાયામ મંડળનો વ્યાયામવીર (ચૅમ્પિયન)
ઉમર વર્ષ ૨૩, ઊંચાઇ ૫ ફૂ. ૮ ઇં, વજન ૧૪૪ રતલ.

ઉ. લાગલાગટ છેલ્લાં ત્રણ વર્ષથી દોડવામાં, કુસ્તીમાં અને વ્યાયામની સઘળી સર્વોત્કૃષ્ટતામાં 'કડી પ્રાંત વ્યાયામ મંડળ'નાં સંમેલનોમાં પ્રત્યેક મહત્ત્વનું ઇનામ છતી જનાર ભાઈ મુળે, પાટણના વતની અને ડૉ. પંડ્યા અભ્યાસ-ગૃહની વ્યાયામશાળાના જૂના વિદ્યાર્થી છે. આજે ઇજનેર ઑફિસની કારકુની કરતા છતાં વ્યાયામનો શોખ અને ઉત્સાહ એમનાં એટલાં જ અખંડ છે, અને ખાનગી સમય-માં પાટણની બે વ્યાયામશાળાઓ ચલાવવા ઉપરાંત પાટણ વિદ્યાર્થી મંડળના એ ચાલુ સાલના મંત્રી છે. સીધું સોટી જેવું શરીર એમની દોડવાની શક્તિ અને કુસ્તીની ચપળતાની સાક્ષી પૂરે છે. મિતાહાર અને વ્યાયામની નિયમિત ઉપાસના ભાઇ મુળેની સફળતાની ચાવી છે.



સ્વાસ્થ્ય : શક્તિ : સૌન્દર્ય

હિંદુસ્તાનનો ધણી કોણ?

નાણાંના સિક્કા અને ટપાલની ટિકિટો પર જ્યૉર્જનું મ્હોરૂં જોનારા જાણતા હશે કે એ બાદશાહ હિંદનો ધણી છે; ગામડાંના લોકો કલેક્ટર કે કમિશ્નરને પોતાનો રાજા માનતા હશે; થોડું ભણેલા અને સામાન્ય જનસમાજ વાઇસરૉયને હિંદનો કર્તાહર્તા સમજતા હશે; અને જરા વધુ ભણેલાઓ હિંદી વજીરને, બ્રિટિશ પ્રધાનને કે પાર્લામેન્ટને હિંદના ધણીરણી સમજતા હશે. ખરી વાત એ છે કે આમાંનો કોઇ હિંદુસ્તાનનો ધણી નથી; અને છતાં એ સૌ હિંદ ઉપર હકૂમત ચલાવે છે.

અંગ્રેજ સરકારનું જે તંત્ર હિંદમાંથી નાબૂદ કરીને સ્વતંત્ર થવાને આજે હિંદવાસીઓ કટિબદ્ધ થયા છે તે તંત્ર કેવું છે તેની સાદી સરખી સમજ પહેલાં મેળવી લેવી જોઇએ. એવી ખૂબીથી એ તંત્ર ગોઠવાયું છે કે એમાં કોઇપણ એક માણસના હાથમાં હિંદની સત્તા નથી. હિંદવાનોને અમલી કામમાં અમુક હક આપ્યાનું કહેવાય છે છતાં તેમને હવામાં બાચકા જ ભરવાના છે: અને સામ્રાજ્યસત્તાવાંછુ બ્રિટિશ મુત્સદ્દીઓ તથા ધનલોલુપ બ્રિટિશ મૂડીદારો અને વેપારીઓની ઇચ્છા મુજબ પરતંત્ર હિંદની બેડી સદા કાયમ રહે તથા તેની સમૃદ્ધિ ને સંપત્તિ ચુસાઇને આપોઆપ બ્રિટન તરફ અખંડ વહ્યા કરે એવી યુક્તિભરી એની રચના છે.

આપણે પહેલેથી જોઇએ. ઇંગ્લંડનો રાજા જ્યૉર્જ હિંદનો બાદશાહ ગણાય છે. હિંદનાં રાજકીય ફરમાનો પર તેની સહી પણ હોય છે. ટપાલની ટિકિટો અને સિક્કાઓ પર તેની મહોર હોય છે. રાજકીય કામ-કાજ અને વહીવટમાં તેના નામથી શ્રીગણેશ મંડાય છે અને તેને જ સર્વસત્તાધીશ ગણવામાં આવે છે. છતાં તેના હાથમાં હિંદની વહીવટી સત્તા ઓછામાં ઓછી છે. ખુદ તેના દેશમાં પણ તેની સત્તા નામ માત્રની છે; વહીવટ બધો પાર્લામેન્ટને હાથ. ફક્ત માન અને શિષ્ટાચારને ખાતર રાજાના નામથી બધું થાય એટલું જ. હિંદના વહીવટમાં પણ તેની એવી જ શિષ્ટાચારી સત્તા છે.

બાદશાહ

હિંદુસ્તાનનો કારોબારી વહીવટ ઇંગ્લંડમાં ત્રણ જણ વચ્ચે વહેંચાએલો છે: (૧) ક્રાઉન=બાદશાહ;

[અનુસંધાન આગળ પાન ૨૫૭મે]

સ્મરણ-યાત્રા



'કુમાર'ના બીજા વર્ષમાં, ૧૯મા અંકથી શરૂ થએલી શ્રી કાકાસાહેબ કાલેલકરનાં બાલ્યાવસ્થાનાં સ્મરણોની લેખમાળા 'કાકા થયા પહેલાં' જ્યારે ૨૫મા અંકથી આવતી અટકી ત્યારે અને ત્યાર પછી, 'કુમાર'માં એ ફરી ક્યારે શરૂ થાય તેની આકાંક્ષા અનેક વાચકોએ કરી છે; અનેકોએ ફરીફરીને આતુરતાથી એની માગણી કરી છે.

જેમજેમ પ્રકરણો લખાતાં જતાં તેમતેમ 'કુમાર'માં એ કકડેકકડે આપવામાં આવતાં; તેને બદલે એ એકસામટાં લખીને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાં એવી મિત્રોની ઇચ્છાને અનુસરીને, કાકાસાહેબે ત્રણ વરસ પર લગભગ સો ઉપરાંત પ્રકરણોની એ 'સ્મરણયાત્રા' લખાવી પૂરી કરી એમાં તેઓ કૉલેજમાં દાખલ થયા ત્યાં સુધીનાં અનેકવિધ સ્મરણોનો સમાવેશ થતો હતો.

પણ એ પુસ્તક આખું પ્રસિદ્ધ થાય એવી ઇશ્વરની ઇચ્છા જ નહિ હોય. એમાંનાં પૂર્વાર્ધનાં કેટલાંક પ્રકરણો એક પરમ સ્નેહીની પાસેથી ક્યાંક અટવાઇ ગયાં. અનેક કારણોને લીધે કાકાસાહેબનો એ પુસ્તકની પ્રસિદ્ધિ વિષેનો રસ પણ ઊતરી ગયો, એટલે બાકીનાં પ્રકરણો પણ જેમનાં તેમ પડી રહ્યાં.

ખોવાયેલાં પ્રકરણોમાં વર્ણવેલી ઘટનાઓ તો કાકાસાહેબના હૃદયમાં આજે પણ તાજી હશે. જે વસ્તુઓ ૩૦–૪૦ વર્ષ સુધી સ્મૃતિપટ પર ટકી શકી છે તે ત્રણ વરસમાં ભૂંસાઇ જાય એમ કેમ બને? પણ હવે એ સ્મરણો લખી કાઢવાનો સમય અને ઉત્સાહ કાકાસાહેબને ક્યારે હોય એ કહેવું મુશ્કેલ છે. એટલે આજે તો હવે એ બાકી રહેલાંમાંનાં હાથ લાગી શકયાં તેટલાં પ્રકરણો મેળવી તેની લેખમાળા ફરી શરૂ કરીએ છીએ.

જેટલા વિવિધ રસ જીવનયાત્રામાં હોય છે એટલા જ સ્મરણયાત્રામાં હોય છે એવી અનેક રસથી ભરેલી આ યાત્રાનાં પ્રકરણો જેઓ વાંચશે તેઓ પેલાં ખોવાએલાં પ્રકરણો માટે ખેદ જરૂર કરશે, અને એ ફરીથી લખાય એવી ઉત્કટ ઈચ્છા પણ કરશે. એમની એ વાંછા ફળે અને કાકાસાહેબની આખી સ્મરણયાત્રા ગુજરાતને પુસ્તકાકારે મળે ત્યાં સુધી તો આ નીચે શરૂ થતી લેખમાળાથી જ સંતોષ માનવાનો રહ્યો.

—તંત્રી

૧][ડાહ્યો થવાની ના

છેક નાનપણથી કેસુનો મારા તરફ ખાસ પક્ષપાત. તેથી મારા ઉપર એ કંઈક વાલીપણું પણ ચલાવતો. એને સંતોષ થાય એટલી મારે કસરત કરવી, એ કહે તે કામ કરવું, એને પસંદ હોય તે ચાહવું, એને જેની સાથે દુશ્મની હોય તેની મારે નિંદા કરવી, તેની છાની વાત ગમે ત્યાંથી મેળવી કેસુને કહેવી. વળી કેસુ મને મારે તો યે એની તકરાર ન કરવી એટલું જ નહિ, પણ માર ખાતી વખતે જો કોઇ મારી દયા ખાઈ છોડવવા આવે તો મારે એને કહી દેવું કે ભલે કેસુ મને મારે, તમારે વચમાં પડવાની જરૂર નથી! આવાઆવા અનેક પાઠ મારે ભજવવા પડતા. અને એ બધા હું એક જાતની રાજીખુશીથી ભજવતો. સેનાપતિનો હુકમ ઉઠાવતાં સૈનિકને જે કર્તવ્યપાલનનું સમાધાન મળે છે તે મેં કેળવેલું હતું. કેસુમાં શુદ્ધાચારનો ઊભરો આવે ત્યારે મારે મરજાદી વૈષ્ણવ જેવા થઈ જવું; એને શૃંગારી પદો ગાવાની લહેર ચડે ત્યારે મારે પણ રસિક બનવું; અને એમાંથી જ્યારે એને પશ્ચાત્તાપ થાય ત્યારે એ જ ઘડીએ મારે પણ પશ્ચાત્તાપ ધારણ કરવો; એવું અપૂર્વ અને આદર્શ અનુયાયીપણું મેં કેળવ્યું હતું. આમાં જેટલો સારો ભાગ છે તે હજી યે મારી પાસે છે; અને કેટલીક માઠી અસર પણ હજી મારામાં રહી હશે. આવી સાધનામાંથી એક અસર તો આજે હું સ્પષ્ટ જોઇ શકું છું કે કોઈ માણુસ મારી સાથે વાતો કરે તો તરત જ એના પ્રત્યે સમભાવ ધારણ કરી એનું કહેવું હું બરાબર સમજી લઉં છું ને એની મનોવૃત્તિ સમજી લઉં છું, એટલું જ નહિ પણ અરધી ધારણ પણ કરી શકું છું. આથી જ દરેક પક્ષની બાજુ અને એની ખૂબી સામાન્ય લોકો કરતાં મારા ધ્યાનમાં ઝટ આવે છે. અને તેથી, જ્યાં સુધી પ્રયત્નપૂર્વક કેળવું નહિ ત્યાં સુધી કોઇને વિષે મારા મનમાં ચીડ જાગતી નથી.



કાકાસાહેબ સ્કેચ : કનુ દેસાઇ

હું મરાઠી ભણતો, કેસુ અંગ્રેજી ભણતો. એક દિવસે એને મન થઇ આવ્યું કે ચાલો આપણે દત્તુને અંગ્રેજી ભણાવી હોશિયાર બનાવીએ. કોણ જાણે શાથી તે વખતે મને અંગ્રેજી ન ભણવાનું મન થઇ આવ્યું! મેં એને બીતાંબીતાં કહ્યું કે અંગ્રેજી નિશાળે જઇશ ત્યારે અંગ્રેજી શીખીશ; આજે શી ઉતાવળ છે? એણે મને અંગ્રેજીનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કર્યો. લાંબું વ્યાખ્યાન આપ્યું. અંગ્રેજીને દુનિયામાં માન છે વગેરે વગેરે બધું સમજાવી દીધું. હું આગળ બોલ્યો નહિ, એટલે કેસુ સમજ્યો કે એની વાત મારે ગળે ઊતરી છે. એણે ભાષાંતર પાઠમાળા મારી આગળ મૂકી અને કેટલાક શબ્દો ગોખી કાઢવા મને કહ્યું. આજે પાઠ આપે અને કાલે એ તૈયાર માગે એ તો નિશાળની પ્રથા. કેસુને ઉતાવળે આંબા પકવવા હતા. એણે કહ્યું કે આ શબ્દો હમણાં મારા દેખતાં જ ગોખી કાઢ. મને એ શાનું રુચે? કાચબો જેમ પોતાના પગ અને માથું પોતાની અંદર ખેંચી લે છે તેમ મેં મારું ચિત્ત અંદર ખેંચી લીધું અને મનમાં કહ્યું, લે હવે મારી પાસેથી જે લેવું હોય તે લે. હું પણ જોઉં કે તારું કેટલું ચાલે છે! અંગ્રેજી ૨૬ અક્ષરો તો મને આવડતા હતા. મરાઠી અંકલીપી સાથે એ હું શીખ્યો હતો. એટલે બેઠો ગોખવા:

એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં

થોડો વખત ગયા પછી કેસુએ પૂછ્યું, 'સિટ્ એટલે શું?' પણ મને જવાબ શાનો આવડે? કેસુ ચિડાયો. એણે કહ્યું કે આ એક જ શબ્દ પચીસ વાર ગોખી કાઢ. જમણા હાથની આંગળી આગળ કરી હું ગણવા લાગ્યો અને ગોખવા લાગ્યો:

એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં
એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં

પચીસ વખત પૂરા થયા. કેસુએ ફરી પૂછ્યું, 'સિટ્ એટલે શું?' હું તો પહેલાં જેટલો જ નિર્દોષ. જવાબ શાનો આપું? મારી જાંગમાં એક ચૂંટી ખણી કેસુએ કહ્યું 'હવે સો વાર ગોખી કાઢ.' સો વાર ગણવા માટે તો બંને હાથની આંગળીઓ વાપરવી જોઇએ. એટલે મૂર્તિની પેઠે બંને હાથ આગળ કરી હું ગણવા લાગ્યો અને ગોખવા લાગ્યો:

એસ આય ટી, સિટ્, મ્હણજે બસણેં
" " " " " "
" " " " " "

સો વાર પૂરા થયા. કેસુએ પૂછ્યું, 'સિટ્ એટલે શું?' હું નાઇલાજ થયો. મોઢામાંથી નીકળી ગયું, બસણેં.

એટલે કેસુને કાંઇક આશા આવી અને એણે પૂછ્યું, 'સિટ્‌નો સ્પેલિંગ શું?' આવો અવળો કૂદકો કંઇ ધ્યાન વગર મરાય? હું શૂન્ય નજરે એના તરફ જોતો જ રહ્યો. આ વખતે કેસુએ ખૂબ ધીરજ રાખી મારવાને બદલે એણે મને વખત આપ્યો અને કહ્યું કે 'જો, સિટ્‌ ઉચ્ચાર કયા કયા અક્ષર મેળવવાથી થઇ શકે છે? સિટ્‌માં કયા કયા ઉચ્ચારો સમાએલા છે?'

મારે ભેજું તો વાપરવું હતું જ નહિ. હોઠ હલાવીશ, મોઢામાંથી અવાજ કાઢીશ, અને બહુબહુ તો આંગળીઓ ચલાવીશ, એટલી જ મારી તૈયારી હતી. વિચાર કરવો એ કયાં મેં કરારમાં ગણાવ્યું હતું? હું તો શૂન્ય નજરે જોવા જ લાગ્યો. મારી નજરમાં ન હતી બીક, ન હતી અકળામણ કે ન હતી શરમ. દિલગીરીનું યે નામ ન મળે. એ તો વેદાંતીઓના પરબ્રહ્મ જેવી, નિરાકાર, નિર્ગુણ, નિશ્ચલ, નિર્વિકારી. શૂન્ય દૃષ્ટિ! પત્થરના બાવલામાં આવી દૃષ્ટિ સહન થાય, પણ જીવતા માણસમાં કંઇ આવી દૃષ્ટિ સહી જાય? કેસુ ક્ષણેક ભોંઠો પડ્યો અને બીજી જ ક્ષણે ઊછળ્યો. એણે મારૂં માથું ઝાલી નીચે નમાવ્યું અને બીજા હાથે પીઠ ઉપર કેટલા યે મુક્કા લગાવ્યા! ક્રોધની વરાળ ક્રિયા દ્વારા કંઈક નીકળી ગયા પછી એ મોઢામાંથી નીકળવા લાગી: 'રડ્યા, મહારડ્યા, તું કે'દિ ભણવાનો હતો? સાવ નંદીબૈલ છે.' આવું કેટલું યે ચાલ્યું. મારે કયાં એની ગણતરી રાખવી હતી? આખરે કેસુએ કહ્યું કે હવે ત્રણસો વાર ગોખી કાઢ! મારૂં મશિન ફરી ચાલ્યું:

એસ આય ટી, સિટ્‌, મ્હણજે બસણેં

" " " " " "

આ વખતે મેં મારા યંત્રમાં એક સુધારો કર્યો કે આંગળીઓ કયાં ગણવા બેસું? કેસુની ધીરજ કરતાં આપણી ધીરજ લાંબી છે. એ ફરી શબ્દ પૂછે ત્યા સુધી છોને યંત્ર ચાલ્યા જ કરે:

એસ આય ટી, સિટ્‌, મ્હણજે બસણેં

" " " " " "

હવે તો મારે ચોપડી તરફ જોવાપણું પણ રહ્યું ન હતું. ગમે તે દિશાએ જોઉં, મનમાં ગમે તે તરંગ ચલાવું, સમુદ્રનાં મોજાં સંભળાતાં તે ધ્યાનપૂર્વક સાંભળું, પાસેથી બિલાડી પસાર થાય તો એના તરફ મારી પેન્સિલ ફેંકું. મોઢું ચાલે એટલે બસ; બાકી તો આપણે સાવ સ્વતંત્ર. એટલે આ તો ખૂબ ફાવતું આવ્યું. આંખની પાંપણ ચાલે, નાકમાં શ્વાસ ચાલે, શરીરમાં લોહી ફરે તેમ મોઢું ચાલ્યા કરે.

એસ આય ટી, સિટ્‌, મ્હણજે બસણેં

" " " " " "

કોણ જાણે આમ કેટલોય વખત વહી ગયો. આખરે કેસુએ ફરી પૂછ્યું કે બોલ. મેં તરત જ બોલી સંભળાવ્યું: 'એસ આય ટી, સિટ્‌, મ્હણજે બસણેં.' મને ઊંઘમાં બોલાવત તો યે હું એ બરાબર બોલી બતાવત એટલું એ પાકું થઇ ગયું હતું. મૂઠી વાળતાં જેમ એ ને એ જ કરચલીઓ હથેળીમાં પડે છે તેમ જીભ અને હોઠને ટેવ પડી ગઇ હતી. પણ દુર્દૈવ કેસુનું, કે એણે મને ફરી અવળો સવાલ પૂછ્યો: 'બસણેં માટે શબ્દ કયો?' મગજનાં બધાં જ બારીબારણાં બંધ રાખેલાં હતાં, ત્યાં આવા અટપટા સવાલનો જવાબ કયાંથી ઉદ્‌ભવે? કેસુ સાવ નિરાશ થયો. મેં ઠંડે પેટે એને પૂછ્યું, 'ફરી ગોખી કાઢું?' હવે તો ધોધમાર માર વરસશે અને આખા શરીરની ચામડી બોર જેવી લીલી થશે એમ મેં માન્યું હતું. આંખ કાંઇક મીંચીને, છાતી કેડમાં દબાવીને અને માથું ખભાની અંદર ખોસી ઘાલીને મેં મારના સ્વાગતની તૈયારીઓ પણ પૂરતી કરી. હા, વિલંબ કર્યે શો લાભ? જે થવાનું છે તે ઝટ પતી જાય એ શું ખોટું?

પણ દુનિયામાં ઘણી વાર અણધાર્યું જ બને છે.

ચીડ, નિરાશા અને ક્રોધ એટલાં બધાં વધી ગયાં કે કેસુ આંધળો થવાને બદલે એકદમ શાંત થઈ ગયો. એ બોલ્યો, (અને એ અવાજમાં જરા યે જોર ન હતું) 'ઠીક તું જા.' હું પણ જાણે કશું થયું જ નથી એમ શાંતિથી ઊઠ્યો, પૂંઠ ફેરવી અને ચાલતો થયો.

તે દિવસથી કેસુએ મારી આગળ અંગ્રેજીનું નામ ન લીધું. આગળ જતાં ઘણાં વર્ષ પછી જ્યારે એણે એક દહાડો રાત્રે મારા ઊંઘી ગયા પછી મારા ટેબલ પર મારો એક સુંદર અંગ્રેજી નિબંધ જોયો ત્યારે એણે પોતાની પ્રતિજ્ઞા તોડી. બીજે દિવસે સ્ટેશન પર જઈ, વ્હીલર કંપનીની સ્ટૉલમાંથી સ્કૉટનું 'માર્મિયન' ખરીદી એણે મને ભેટ તરીકે આપ્યું! હજી એ ચોપડી મારી પાસે છે, અને જ્યારેજ્યારે તેના ઉપર નજર પડે છે ત્યારેત્યારે મને નાનપણના એ દિવસો યાદ આવે છે. 'માર્મિયન'માંથી કેટલા યે સારાસારા ફકરાઓ મોઢે કરી મેં કેસુને સંભળાવ્યા હતા.

૨][અંગ્રેજી વાચન

એક દિવસ મને થયું કે ચાંદરણી રાતમાં માણસને વાંચતાં આવડવું જોઈએ. આટલું મજાનું અજવાળું પડે છે એમાં કેમ ન વંચાય? એટલે એક ખુરસી લઈને હું આંગણામાં બેઠો અને મારી લૉંગમૅનની બીજી રીડર વાંચવી શરૂ કરી. અંગ્રેજી બીજા ધોરણમાં દાખલ થયે મને બહુ દિવસ થયા ન હતા. મારા બેત્રણ પાઠો જ થયા હતા. આઈએ પૂછ્યું, 'દીવા વગર રાત્રે શું વાંચે છે?' મેં જવાબ આપ્યો 'મારી અંગ્રેજી ચોપડી.'

બંગલાના માળી નજુની સ્ત્રી આઈ પાસે કંઈક માગવા આવેલી. એને ખૂબ આશ્ચર્ય થયું કે આટલો નાનો છોકરો ને અંગ્રેજી વાંચે છે! એ દોડતી જઈને આસપાસનાં કેટલાય લોકોને એ અદ્દભુત દૃશ્ય જોવા લઈ આવી.

અમે સાવનૂરમાં હતા ત્યારની આ વાત છે. સાવનૂર એ હુબળી તરફનું એક નાનકડું દેશી રાજ્ય છે. રાજા મુસલમાન છે. યાવલગી સ્ટેશનથી સાવનૂર જવાય છે. ત્યાંની ભાષા કાનડી. પિતાશ્રી કાનડી સરસ જાણે. આઈ પણ સમજી શકે. પણ મારે માટે તો એ વખતે એ જાનવરોની ભાષાથી જરાય જુદી ન હતી. ઘરમાં નોકરો મુસલમાન રાખેલા, એટલે મારું કામ ઠીક ચાલતું. માત્ર આઈને વાસણો, કપડાં બધું મુસલમાનના હાથનું એટલે ધોઈ લેવું પડતું. હું આઈને એમાં ખૂબ મદદ કરતો. અહીંની મુસલમાની એટલે મરાઠી ને કાનડી શબ્દોનું વિકૃત મિશ્રણ. ઉર્દૂ શબ્દો એમાં માત્ર વીસ ટકા હશે. ને ઉચ્ચાર સાંભળીને તો દમ જ છૂટે. આખરે અમને એક લિંગાયત નોકર મળ્યો, જે હિંદી બોલી શકતો હતો. એ સવારસાંજ ખૂબ ગાતો. હજી યે એનાં કેટલાંક પદો મને યાદ છે.

દત્તુ આપ્પા અંગ્રેજી વાંચે છે એ જોવા ઘણા લોકો ભેગા થયા. પણ ચાંદરણામાં અક્ષરો બરાબર વંચાય તો ને? પહેલો પાઠ તો મોઢે હતો, એટલે એ તો હું કડકડાટ બોલી ગયો. શ્રોતાઓના આશ્ચર્યનો પાર ન મળે. બીજા પાઠમાં અમારું ગાડું જરા ધીમું પડ્યું. આંખને તાણ પડવાથી (ગભરાટથી નહિ) આંખમાં પાણી આવવા લાગ્યાં. આઈએ કહ્યું, 'આમ અંધારામાં કંઈ વંચાતું હશે? ચાલ અંદર.' સભા વિસર્જન થઈ અને મને થયું હાશ, છૂટ્યા. સાવનૂરમાં ફરીવાર ચોપડી હાથમાં લીધી જ નહિ.

૩][દીનપરસ્ત કુત્તી

નજુ માળીની એક કાળી કૂતરી હતી. શિકાર કરવામાં એક્કો. બકરાં જુએ કે એમની પાછળ દોડી જ છે. કોક વખતે એકાદ બકરું કે સસલું મારીને લઈ આવે. સાવનૂરમાં શહેર બહાર ગેસ્ટ હાઉસમાં અમે રહેતા હોવાથી મને ત્યાં બિલાડી મળી નહિ, એટલે કાળીને જ મેં પોતાની કરી. રોજ એને ધરાઈને ખવડાવું અને રમાડું. આ કાળી મુસલમાન ધર્મ પાળતી હશે. ગુરુવારે બિલકુલ ખાય નહિ. પહેલે દિવસે મને થયું કે કાળી માંદી હશે માટે ખાતી નહિ હોય. પણ આસપાસના લોકોએ કહ્યું કે 'ના, એ રોજો રાખે છે.' નાનપણમાં આપણું મન બહુ ચિકિત્સક નથી હોતું. ગમે તે વાત શ્રદ્ધાથી આપણે સ્વીકારીએ છીએ, એટલું જ નહિ પણ આપણે અદ્દભુત રસના એટલા તો રસિયા હોઈએ છીએ કે દરેક વિચિત્ર લાગતી વસ્તુ સાચી જ છે એમ માનવા તરફ આપણું ખાસ માનસિક વલણ હોય છે. છતાં કાળીની આ વાત મને અસંભવિત જેવી લાગી અને ખાસ એના તરફ ધ્યાન રાખ્યું.

બીજે ગુરુવારે દૂધમાં લોટ બાંધી સરસ ભાખરી તૈયાર કરાવી. ઉપર ઘી ચોપડ્યું. (હું તો કાળીને પૂરી ખવડાવવાનો હતો, પણ આઈએ કહ્યું કે કૂતરાંને તળેલું

ન અપાય. એથી કૂતરાં હડકાયાં થાય છે કે માંદાં પડે છે.) ગુરુવારે આ ભાખરી મેં કાળીને આપી. ભાખરી સરસ મ્હેકે, એટલે ખાવાને મન લલચાય. કકડો મોઢામાં લે અને ફરી છોડી દે. આમ એણે અનેક વાર કર્યું, પણ અપવાસ તોડ્યો નહિ. સાંજે ચાર વાગ્યે એને ખૂબ ભૂખ લાગેલી જોઇ ફરી મેં એ જ પ્રયોગ કર્યો. એક આખી ભાખરી એના આગળ મૂકી. કાળીને આ વખતે નવો વિચાર સૂઝ્યો. એણે ભાખરી મોઢામાં લીધી અને સહેજ દૂર જઇ, આગલા પગ વડે જમીન ખોદી એમાં એ ભાખરી દાટી દીધી અને એના પર જ પોતાનું આસન જમાવી દીધું. બીજે દિવસે સવારે વહેલો ઊઠી હું કાળીને જોવા ગયો. એ પણ એ જ વખતે ઊઠી. એણે જમીન ખોદી અને જોતજોતાંમાં ભાખરીથી પારણું કર્યું. બીજા બે ગુરુવારે પણ મને એ જ અનુભવ થયો!

ત્યાર પછી ઘણાં વરસે મારા પિતાશ્રી ફરીવાર સાવનૂર ગયા હતા. હું ગયો ન હતો; પણ એમની પાસેથી ખબર મળ્યા કે કાળીનો ધંધો હજી એનો એ જ ચાલે છે. એ જ અરસામાં કાળી શિકાર કરવા જતાં કંઇક અકસ્માતથી મરી ગઈ.

૪][હિંમતની દીક્ષા

સાવનૂરની જ વાત છે. અમારા ઘરની આસપાસ આંબલીનાં ઝાડ હતાં. આંબલી બરાબર પાકી ગઇ હતી. મને આંબલીનું શરબત (આંબલમાણું) બહુ ભાવે, એટલે આઇએ મને કહ્યું, 'પેલું આંબલીનું ઝાડ છે એના પર સરસ આંબલી પાકી છે; ચાલ તને બતાવું. થોડીક પાડી આપે તો આ તડકાને વખતે આપણે મજાનું આંબલમાણું કરીએ.' હું ઝાડ પર ચઢ્યો. પણ સારી, પાકી અને પુષ્ટ આંબલી તો ડાળને છેડે જ હોય. મેં હાથ લંબાવ્યા, ખૂબ હિંમત કરી, પણ જોઇએ તેટલો આગળ પહોંચ્યું નહિ. આઇને મારા ઉપર ચીડ ચડી: 'સાવ બીકણ છોકરો! જુઓ તો કેવો ધ્રૂજે છે! આ તે શું સરગવાનું ઝાડ છે કે બટકી જાય? નીડર થઇને વધ આગળ, નહિ તો ખાલી હાથે પાછો આવ. અરે રામ, આટલુંય આ છોકરાથી થતું નથી.' મારી આંખે અંધારાં આવ્યાં. બીકનાં નહિ, પણ શરમનાં. છોકરાંઓ અટકચાળાં કરી જાન જોખમમાં નાખે ત્યારે માબાપ (તેમાં યે ખાસ કરીને મા) બ્હી બ્હીને છોકરાને રોકવા માગે, શરીર સાચવવાનું કહે ને બેદરકારી માટે વઢે એ સનાતન નિયમ. જુવાનોને એ જ છાજે. એના બદલામાં મારું બીકણપણું આઇને અસહ્ય થયું ને આઇએ મારી નિર્ભર્ત્સના કરી. મને થઈ આવ્યું કે આના કરતાં તો હું અહીં જ મરી જાઉં તો શું ખોટું?


હું કઈ રીતે આગળ વધ્યો અને છેક છેડા પરની તથા ટોચ પરની આંબલીઓ તોડીને લઇ આવ્યો એ કશું યે મારા ધ્યાનમાં ન રહ્યું. તે દિવસથી મેં મારી બીક છોડી જ દીધી એમ કહું તો ચાલે.

આજે જ્યારે છોકરાઓ મને પૂછે છે કે આટલો સ્વાર્થત્યાગ કેમ કરાય? અમારી 'કરીઅર' ખુવાર થઇ જાય એનું શું? ત્યારેત્યારે હું એમને કહું છું કે તમારા જેવી જુવાનીને તો લગામ શોભે, ચાબુક નહિ. અને જેટલી વાર આ વાક્ય ઉચ્ચારું છું તેટલી વાર સાવનૂરનું પેલું આંબલીનું ઝાડ અને એની તળે ઊભેલી મારી માની મૂર્તિ દૃષ્ટિ આગળ ખડી થાય છે.

૫][શિક્ષકની ઈર્ષ્યા

નાનપણથી જ મને 'કૉપી' કરવા બાબતની ભારે ચીડ હતી. બીજા છોકરાની પાટી કે ચોપડીમાં જોઇને જવાબ લખ્યાનો એકેય દાખલો મારા જીવનમાં નથી. પરીક્ષા વખતે પડોશના છોકરાને પૂછવું અથવા છાની ચોપડી રાખી એમાંથી જવાબ જોઈ લેવો, પહેરણની બાંય ઉપર પેન્સિલથી ઉપયુક્ત માહિતી લખી રાખી પરીક્ષામાં તેનો ઉપયોગ કરવો, શાહીચૂસ પર એક ખૂણે ઇતિહાસના સન લખી રાખવા, પડોશના છોકરા સાથે કાગળની અદલબદલ કરવી વગેરે શાસ્ત્ર હું બરાબર જાણતો, છતાં એકેય દિવસ મેં એનો ઉપયોગ કર્યો નથી. જે જે નિશાળે ગયો છું (અને મેં કંઇ ઓછી નિશાળો નથી જોઇ; કોઇપણ નિશાળમાં એકસામટું એક વર્ષ તો મેં પૂરું કર્યું જ નથી) તે તે નિશાળમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં મારી પ્રામાણિકતા તો હમેશ સંશયાતીત રહેતી. શિક્ષકની ગેરહાજરીમાં વર્ગમાં કંઇ બનાવ બને અને શિક્ષક સુધી તકરાર જાય તો બંને પક્ષના વિદ્યાર્થીઓ મારી સાક્ષી ટાંકે. ઘણી વાર તો હું સાક્ષી આપવાની જ ના પાડું.

(અનુસંધાન આગળ પાન ૨૬૧મે)



પિતૃદેશને ચરણે

ઇ. સ. ૧૯૧૪નું વર્ષ હતું. વિશ્વવિગ્રહની આગ આખી દુનિયા ઉપર ફેલાતી જતી હતી. મહાન જર્મન ઍડમિરલ ફૉન સ્પી પૅસિફિકનાં પાણી કાપતો ચીનથી દક્ષિણ અમેરિકા તરફ ધસ્યે જતો હતો. તેની પાસે 'સ્કાર્નહોર્સ્ટ,' 'નીસનાઉ,' 'નુર્નબર્ગ,' 'ડ્રેસ્ડન' અને 'લાઇપ્ઝિક' નામની ક્રૂઝરો (યુદ્ધનૌકાઓ) હતી. પિતૃદેશને વિજય અપાવવા હજારો બહાદુર જર્મન ખલાસીઓ મૃત્યુને તુચ્છકારતા અને દુશ્મનોને શોધતા જન્મભૂમિથી અસંખ્ય ગાઉ દૂર પૅસિફિકનાં પાણી ડોળતા હતા.

નવેમ્બર માસનો પહેલો દિવસ હતો. ચિલીના કિનારા ઉપર શ્વેત બરફથી ઢંકાએલા ઍન્ડિસ પર્વતની ગગનચુંબી શિખરમાળા નજર પહોંચે ત્યાં સુધી પથરાતી હતી. પશ્ચિમમાં સૂર્યાસ્ત થતો હતો અને સંધ્યાની ગુલાબી સુરખીમાં વિશ્વ નહાતું હતું. એ સમયે જર્મન નૌકાસૈન્યનો નાશ કરવા આવી પહોંચેલો બ્રિટિશ ઍડમિરલ સર ક્રિસ્ટોફર ક્રૅડૉક પોતાની ચાર ક્રૂઝરો સાથે ઉત્તરમાંથી ધસમસ્યો આવતો હતો. ક્રૅડૉક છેક ઇંગ્લંડથી આટલાંટિક ઓળંગી, દક્ષિણ અમેરિકાના દક્ષિણ છેડા કેપહોર્નની પ્રદક્ષિણા ફરી ઉત્તર તરફ પૅસિફિકમાં આગળ વધ્યો હતો. અને જર્મન ક્રૂઝરોની સાથોસાથ દક્ષિણ તરફ ધસી આવતો હતો. ઍડમિરલોની ક્રૂઝરો આગળ હતી અને બાકીની તેમને અનુસરતી હતી.

સંધ્યાની સુરખી વિલીન થતી હતી. બહાદુર જર્મન ખલાસીઓનાં હૃદય ઉત્સાહ અને શૌર્યથી ધડકતાં હતાં. તેઓનો દરિયાઇ અનુભવ માત્ર ૪૦ વર્ષનો હતો ને અંગ્રેજોનો લગભગ ૧૦૦૦ વર્ષનો! પણ સ્વદેશાભિમાનના જુસ્સાથી પ્રેરાએલા જર્મનોને ડર નહોતો. સંધ્યાના એ ઓસરતા પ્રકાશમાં સ્કાર્નહોર્સ્ટે 'ગુડ હોપ' ઉપર પહેલો ગોળો ફેંક્યો અને કૉરોનલનું વિખ્યાત દરિયાઇ યુદ્ધ શરૂ થયું.

તોપોના ભયંકર અવાજ થતા હતા, આગના ભડકા ઊઠતા હતા અને ધુમાડાના ગોટેગોટ દરિયા ઉપર પથરાતા હતા. અરધા કલાકના ઘોર સંગ્રામ પછી ગુડ હોપ સળગી ઊઠી. સ્કાર્નહોર્સ્ટના ગોળાએ તેને જાજરી કરી નાખી હતી. એક ભયંકર ધડાકા સાથે તે પૅસિફિકને તળિયે જઇ બેઠી.

દોઢ કલાકના તુમુલ યુદ્ધ પછી જર્મનો વિજયવંત બની મૃત્યુના મુખમાંથી બહાર આવ્યા. 'ગ્લાસગો' નાસી ગઇ અને બીજી ક્રૂઝરો ડૂબી ગઇ. તોપો શાંત પડી, અગ્નિ બુઝાઇ ગયો અને થોડી વાર પહેલાં જ્યાં કાનના પડદા ફાડી નાખે તેવા ધડાકા નભોમંડલને ધ્રુજાવતા હતા ત્યાં હવે પૅસિફિક મહાસાગરનાં કાળાં અને ઊંડાં પાણી રાત્રિની શાંતિમાં ઘેરૂંઘેરૂં ગરજતા સંભળાવા લાગ્યાં.

અઠવાડિયા ઉપર થોડો સમય વીતી ગયો હતો. ઍડમિરલ ફૉન સ્પી ચિલીથી થોડે દૂર પશ્ચિમમાં આ-

પિતૃદેશના પ્રેમ વડે પરાજયને પણ ઉજ્જ્વળ કરતા

વેલા જુઆન ફર્નાન્ડિસ નામના ટાપુઓ પાસે પોતાની ક્રૂઝરો સાથે પડયો હતો. અચાનક વાયરલેસ ઉપર નીચલો સંદેશો પકડાયો:

'કૅપ્ટન—કૅનોપસ, પૉર્ટ સ્ટૅનલી જાગો; ત્યાં સલામતી છે. નવી તોપો ત્યાં આવી ગઈ છે.'

વાયરલેસ ઑપરેટરે ફૉન સ્પીને ખબર આપી. ઍડમિરલ ચેતી ગયો કે જર્મનો કૅનોપસ ઉપર હુમલો ન કરે તે માટે જ નવી તોપોના નામવાળો આ ખોટો સંદેશો પસાર કરવામાં આવ્યો છે અને જર્મન વાયરલેસ તેને વચ્ચેથી લઇ લે એવી રીતે જાણી જોઇને તે મોકલવામાં આવેલો છે. તેણે તરત કૅનોપસનો નાશ કરવાનો નિશ્ચય કર્યો.

પણ રચાતી કપટબાજીની તેને ખબર ન હતી.

ડિસેમ્બરની આઠમી તારીખની સવાર હતી. આકાશ સ્વચ્છ હતું. સૂર્યનાં કિરણો ઠંડા વાતાવરણને ઉષ્મા આપતાં હતાં. ફૉકલૅંડ ટાપુઓ પાસેનો દક્ષિણ આટલાંટિક શાંત હતો અને ઠંડો પવન મંદમંદ વાતો હતો. એ સમયે ઍડમિરલ ફૉન સ્પી પોતાના કાફલા સાથે ફૉકલૅંડ ટાપુ પાસે આવી પહોંચ્યો. તેની એક ક્રૂઝર આગળ ગઇ અને તેના કૅપ્ટને પૉર્ટ સ્ટૅનલીના બારામાં બે ક્રૂઝરો જોઇ. ઍડમિરલ આગળ વધ્યો. તેણે ધાર્યું કે બીજી તો નાસી ગએલી ગ્લાસગો હશે; પણ ઍડમિરલ છેતરાયો.

જેવું તેની ક્રૂઝર નીસનાઉએ પૉર્ટ સ્ટૅનલીના બારામાં ડોકિયું કર્યું તેવો જ તે ભડકયો. શું જોયું? ત્યાં તો કેટલી યે ક્રૂઝરો હતી! તરત ઍડમિરલે સુકાન ફેરવવાનો સિગ્નલ આપ્યો. જર્મન ક્રૂઝરોએ પૂર્વનો રસ્તો લીધો અને બ્રિટિશ કાફલાએ તેની પૂંઠ પકડી.

પૉર્ટ સ્ટૅનલીના બારામાં નવ જહાજ હતાં, તેમાંથી કૅનોપસ ધીમી ગતિ હોવાને લીધે ત્યાં જ રહ્યું. સામાનથી ભરેલી બે જર્મન સ્ટીમરો દક્ષિણ તરફ નાસતી હતી, તેની પૂંઠ બે ક્રૂઝરોએ પકડી અને બાકીની બધી પૂર્વ તરફ જર્મન ક્રૂઝરોની પાછળ પડી. ઍડમિરલ ફૉન સ્પી જેવા ભયંકર દુશ્મનનો નાશ કરવા બ્રિટિશ ઍડમિરલ સર ફ્રેડરિક ડવટન સ્ટર્ડી છેક ઇંગ્લંડથી આવ્યો હતો. તેની ક્રૂઝરો મોટી અને મજબૂત હતી. તેમની સંખ્યા વધારે હતી અને તેમની તોપો મોટી હોવાથી મોટા ગોળા ફેંકતી. ઍડમિરલ ફૉન સ્પીએ નાસવામાં ડહાપણ જ વાપર્યું હતું.

સૂર્ય ઊંચે ચડતો જતો હતો. આટલાંટિકનાં ઊંડાં અને આસમાની પાણી નજર પહોંચે ત્યાં સુધી પથરાતાં હતાં, અને વાયવ્ય કોણમાંથી મંદમંદ પવન વાતો હતો. જર્મન ક્રૂઝરો પૂર્વ તરફ પૂર વેગે ધપતી હતી અને બ્રિટિશ ક્રૂઝરો તેમને પહોંચીવળવા ભગીરથ પ્રયત્ન કરતી હતી. કાળા ધુમાડાના ગોટેગોટ સૂર્યના પ્રકાશને ઢાંકી દેતા હતા અને આટલાંટિકનાં આસમાની પાણી ઉપર તેમના કાળા પડછાયા પડતા હતા. પાણીમાં ક્રૂઝરોના પંખા અસાધારણ ઝડપથી ફરતા હતા અને તેને લીધે ઘૂમરીઓ ખાતું પાણી ચકડોળે ચડયું હતું. ક્રૂઝરોની અતિશય ઝડપથી તેમની બાજુમાં જબરાં મોજાં અથડાતાં હતાં અને તેમના મોરા સામે આવતાં પાણીને ઝડપથી બે ભાગમાં કાપી નાખતાં. આ અસાધારણ અને ભય ઉપજાવતા દેખાવથી આલ્બેટ્રૅસો, કલ્લારો (Gulls), દરિયાઇ ગીધો (Mollyhawks), બતકો, તેહરીઓ (Terns) પેલિકનો, પેટ્રૉલો, પેંગ્વિનો ને બીજાં દરિયાઇ પક્ષીઓ ચીસો નાખતાં ભયથી આમતેમ બેબાકળાં બની ઊડતાં હતાં. વખત વીતતો ગયો તેમ અંતર કપાતું ગયું.

મધ્યાહ્ન થયો અને બ્રિટિશ કાફલાની પહેલી ક્રૂઝરે લાઇપ્ઝિકને પકડી પાડી. લગભગ પોણો વાગતાં ઍડમિરલ સ્ટર્ડીએ સિગ્નલ આપ્યો: 'મારો શરૂ કરો અને દુશ્મનોને લડવામાં રોકો.' ઓછી ઝડપ ધરાવતી પાછલી ક્રૂઝરો નાસી શકશે નહિ એમ જાણી ઍડમિરલ ફૉન સ્પીએ પણ મારો શરૂ કરવાનો સિગ્નલ આપ્યો. નુર્નબર્ગ, ડ્રેસ્ડન ને લાઇપ્ઝિક સામે લડવા ત્રણ બ્રિટિશ ક્રૂઝરો રોકાઇ; ને બાકીની ત્રણને લઇ સ્ટર્ડીએ સ્કાર્નહોર્સ્ટ અને નીસનાઉ સામે લડવા હુકમ આપ્યો.

દુનિયાએ જવલ્લે જ જોએલાં ભયંકર દરિયાઇ યુદ્ધોમાંનું આ એક હતું. બ્રિટિશ ને જર્મન ખલાસીઓ જીવ ઉપર આવીને લડતા હતા. કાળના ક્રૂર હાથ જેવી એ લાંબી તોપો ફૂટવાના ભયંકર ધડાકાથી ક્રૂઝરો ધ્રૂજવા લાગી. યંત્રોની જાણે આજે કસોટી થતી હતી અને ઇજનેરો ઝડપ વધારવા બનતા પ્રયાસ કરતા હતા. ભૂંગળાં અને તોપોમાંથી નીકળતા ધુ-

માડાના ગોટેગોટમાં ક્રૂઝરો વારંવાર અદૃશ્ય થઇ જતી અને તોપોના મુખમાંથી નીકળતા આગના ભડકા એ ધુમાડાનાં વાદળોમાંથી વારંવાર ચમકતા હતા. છૂટેલા જતા ગોળા દરિયામાં પડતાં ત્યાં પાણીના મિનારા ઊભા થઇ જતા.

આખરે બ્રિટિશ ક્રૂઝરો જીત ઉપર આવવા લાગી. એ જીત બ્રિટિશ ખલાસીઓના ૧૦૦૦ વર્ષના અનુભવ કે તેમની બહાદુરીને નહિ, પણ તેમની મોટી તોપોને આભારી હતી. જર્મનીનો ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ઉડાડતી ઍડમિરલ ફૉન સ્પીની ક્રૂઝર, સ્કાર્નહોર્સ્ટ સળગતી હતી. તેણે જરા જમણી બાજુ મુખ ફેરવ્યું અને એક ગોળાએ તેનું એક ભૂંગળું ઉડાવી દીધું. તેની ડાબી બાજુની તોપો નકામી થઈ પડી. આગ વધવા લાગી, યંત્રો તૂટવા લાગ્યાં, કૅબિનો સળગવા લાગી અને બ્રિટિશ ક્રૂઝરોમાંથી છૂટેલા રાક્ષસી ગોળા તેની બાજુમાં ગાબડાં પાડતા વિનાશ કરવા લાગ્યા. એ ગાબડાંમાંથી અંદર સળગતી આગ દેખાતી હતી. તેમાં પાણી ભરાતાં સ્કાર્નહોર્સ્ટ ડાબી બાજુએ નમી. ઍડમિરલ ફૉન સ્પી પોતાના બે બહાદુર પુત્રો અને ખલાસીઓ સાથે, દેશના ગૌરવરૂપ ત્રિરંગી રાષ્ટ્રધ્વજ હવામાં ફરકાવતો ઊભો હતો. મોતથી બેપરવા ખલાસીઓ રાષ્ટ્રગીત ગાતા હતા. સ્કાર્નહોર્સ્ટ બાજુ ઉપર સાવ નમી જઇ આટલાંટિકનાં અગાધ જળ નીચે અદૃશ્ય થતી જતી હતી.

હવે નીસનાઉનો વારો હતો. મોરાથી સુકાન સુધી તેમાં આગના ભડકા બળતા હતા. 'ઇનફ્લેક્સિબલ'ની તોપોએ તેને જર્જરી બનાવી હતી. આકાશમાં ધીમેધીમે આંધી આવતી હતી. સાંજના પાંચ વાગ્યા હતા. નીસનાઉ ડૂબવાની તૈયારી કરતી હતી. તેનું એક ભૂંગળું તૂટીને બીજાને અઢેલીને પડ્યું હતુ. આગથી તારાજ થયેલાં યંત્રોમાંથી વરાળના ગોટેગોટ નીકળતા હતા. આગના ભડકા જાણે આકાશને બાળી નાખવા ઊંચે જતા હતા અને ધુમાડાના ગોટેગોટ તેને વિંટાઇ વળ્યા હતા. હવે તો તેની એક જ તોપ સારી હતી. ભયંકર મોત સામે ડાચું ફાડીને ઊભું હતું, પણ બહાદુર અને સ્વદેશાભિમાની જર્મન ખલાસીઓ એ એક તોપ પણ ફોડયા કરતા હતા. તેમને જિંદગી કરતાં જન્મભૂમિ ક્યાંય વધારે વહાલી હતી.

આખરે દારૂગોળો ખલાસ થયો. ૬૦૦ માણસોની ખુવારી થઇ અને નીસનાઉ બાજુ ઉપર નમી જઇ ડૂબવા લાગી. કૅપ્ટને હુકમ કર્યો કે 'જેને આધારે તરી શકાય તેવી વસ્તુઓ લઇને તુતક ઉપર ગોઠવાઇ જાઓ' સાંજે લગભગ ૬ વાગ્યે નીસનાઉ આટલાંટિકની સપાટી ઉપરથી અદૃશ્ય થઇ. ૨૦૦ જેટલા બહાદુર ખલાસીઓ હીમ જેવા ઠંડા પાણીમાં પડયા.* ઘણા તો ઠંડીને લીધે પડતાં જ ડૂબી ગયા.

વાતાવરણમાં આંધી વધતી જતી હતી. આકાશમાં વાદળ ઘેરાતાં હતાં. ઠંડો પવન સુસવાટા મારતો હતો અને આટલાંટિકના બીષણ મોજાં ઊછળતાં હતાં. ડ્રેસ્ડનની ઝડપ સારી હોવાથી તે છટકી ગઇ હતી. દરમ્યાન નુર્નબર્ગ અને લાઇપ્ઝિક બહાદુરીથી લડતી હતી સાંજે સાડા છ વાગતાં નુર્નબર્ગ સળગી ઊઠી. પણ આગ, મહાસાગર કે સળગતા ગોળાઓનો જરા પણ ભય રાખ્યા વિના એ દેશપ્રેમી આજ્ઞાધીન ને અડગ જર્મન ખલાસીઓ પોતાની ફરજ બજાવતા હતા. નુર્નબર્ગ ધીમેધીમે ડૂબતી હતી. બ્રિટિશ જહાજોમાંથી છૂટતા ગોળાઓ તેના ઉપલા ભાગોને છિન્નભિન્ન કરી ઉડાવી દેતા હતા અને જમદૂતની જીભ જેવા આગના ભડકા એ દેશભક્ત સુભટો તરફ લંબાતા હતા.

ડૂબતી નુર્નબર્ગની આગ આટલાંટિકનાં ઊછળતાં મોજાં ઠારતાં હતાં. જહાજ ડૂબતું હતું પણ તેના ગોલંદાજો હજી પણ પોતાની ફરજ બજાવતા હતા. બાકીના ખલાસીઓ તુતક ઉપર હારબંધ ગોઠવાઈ જર્મન વાવટો ઉડાવતા રાષ્ટ્રગીત ગાતા હતા.

ગોલંદાજોના પગ સુધી પાણી આવી ગયું, પણ તેઓ તોપ ફોડતાં અટકયા નહિ મોતને તુચ્છકારતા તેઓ બહાદુરીથી મથતા હતા. હજારો ગાઉ દૂર યુરોપની રણભૂમિ ઉપર તેમના દેશબંધુઓ દુનિયાનાં બળવાન રાષ્ટ્રો સામે લડતાં મરતા હતા, ત્યારે જન્મભૂમિથી દૂર, આટલાંટિકનાં અગાધ પાણી પર પોતાના પિતૃદેશ પ્રત્યેની ફરજ બજાવવામાં તેઓ પોતાના દેશબંધુઓથી ઓછા કેમ ઊતરે ? નુર્નબર્ગ ડૂબતી હતી તોપણ હજી તેમાંથી ગોળા છૂટતા હતા. અંતે તેની તોપો પર

* દક્ષિણ ગોળાર્ધને ફરી વળતો ઍન્ટાર્ટિક કરંટ અથવા વેસ્ટ વિન્ડ ડ્રિફ્ટના નામથી ઓળખાતો ઠંડો પ્રવાહ અહીંથી પસાર થાય છે

પાણી ફરી વળ્યું ને થોડી મિનિટો પછી ગળકાં ખાતા જર્મન ખલાસીઓ, થોડાં મૃત શરીરો અને કેટલીક બળી ગએલી વસ્તુઓ સિવાય ત્યાં કંઇ રહ્યું નહિ.

રાત્રિનો કાળો અંધકાર વિશ્વને ગળી જતો હતો; પણ લાઇપ્ઝિક હજી લડતી હતી. તેના આગલા અને પાછલા ભાગ ઉપર આગના ભડકા ઊઠતા હતા. રાત્રિના કાળા અંધકારમાં સળગતી લાઇપ્ઝિકની લાંબી તોપો-માંથી ધગધગતા ગોળા છૂટતા હતા અને એ અંધ-કારમાં પણ ધુમાડાના ગોટેગોટ દેખાઇ આવતા હતા. નીચે કાળા પાણીમાં એ જ્વાળાનું પ્રતિબિંબ પડી આસપાસ થોડે સુધી ધુમ્મસમાં આગનો પ્રકાશ પડતો હતો. બીજી તરફ થોડે દૂર બે બ્રિટિશ ક્રૂઝરો તેના ઉપર ભયંકર મારો ચલાવી રહી હતી. સળગતા રાતા ગોળા લાઇપ્ઝિક અને એ બ્રિટિશ ક્રૂઝરો વચ્ચે ભરતી માફક દોડતા હતા. આખરે રાત્રે નવ વાગ્યે આગ અને ગોળાથી તારાજ બનેલી લાઇપ્ઝિકે આટલાં-ટિકના અગાધ જળ નીચે સમાધિ લીધી.

તોપોના ધડાકા અનંતતામાં શમી ગયા. આગ બુઝાઇ ગઇ. આટલાંટિક ઊછળતો હતો. શરીરને અકડાવી નાખતો ઠંડો પવન સુસવાટા મારતો હતો અને તેવા પણ ઠંડા આટલાંટિક મહાસાગરનાં અગાધ પાણીમાં પિતૃદેશને ખાતર ભયંકર મોતને ભેટેલા બહાદુર જર્મન ખલાસીઓનાં મડદાં તરતાં હતા. દરિયાઇ પ્રાણીઓ તેમની ઉજાણી કરતાં હતાં. જહાજોના તૂટેલા ભાગો પાણી ઉપર તરતા હતા અને તેને વળગી રહેલા ઠંડીમા અકડાઇ ગએલા જર્મન ખલાસીઓને મહાસાગરનાં મોજાં આમથી તેમ ઉછાળતાં હતાં. તેમને મારી નાખવા દરિયાઇ ગીધો તથા આલ્બેટ્રોસ પક્ષીઓ ઝાપટો મારતાં હતાં અને તેમની ચીસો રાત્રિના અંધકારમાં ભયાનક લાગતી હતી. તેમને બચાવવાનો પ્રયત્ન કરતા બ્રિટિશ ખલાસીઓ હોડીઓમાં બેસી અહીંતહીં ભટકતા હતા. રાષ્ટ્રગીત ગાતા વિજેતા બ્રિટિશ ખલાસીઓના સૂર સુસવાટા મારતા પવનમાં મળી જતા હતા.

રાત વીતી ગઇ. પૂર્વમાં સૂર્યે આટલાંટિકની સપાટી પર ડોકિયું કરી જોવા માંડ્યું; પણ સ્વદેશપ્રેમ ને સ્વદે-શાભિમાનથી પ્રેરાએલા સેંકડો આત્માઓ એ સપાટી પરથી ક્યારના અદૃશ્ય થયા હતા. ઍડમિરલ ફૉન સ્પી તેના બે બહાદુર પુત્રો ને બીજા સેંકડો આત્મભોગી સાથીઓ સાથે હજારો ફૂટ ઊંડે આટલાંટિકને તળિયે અનંત નિદ્રા ને નિઃસીમ શાંતિમાં સૂતો હતો. સામે બ્રિટિશ ખલાસીઓ બચાવેલા જર્મનોમાંથી મરી ગએલાનાં મૃત શરીરોને તેમની વીરતાને ઘટતા લશ્કરી માન સાથે આટલાંટિકના જળમાં દફનાવતા હતા.

આજે ત્યાં, પંદર વર્ષ ઉપર બનેલા એ બનાવનો એક પણ અવશેષ દેખાતો નથી. સમુદ્રનો ઠંડો પ્રવાહ ત્યાં ધીમી ગતિએ પૂર્વ તરફ વહે છે, રાક્ષસી વ્હેલ માછલીઓ ત્યાં કુદકા મારતી રમે છે. દરિયાઇ પક્ષી-ઓનાં ટોળેટોળાં ત્યાં ચીસો પાડતાં ઊડે છે. ધુમ્મસ અને આંધી વાતાવરણમાં વારંવાર આવે છે અને ઠંડો પવન ત્યાં સુસવાટા મારે છે. તૂટેલી ક્રૂઝરો હજી આ-ટલાંટિકને તળિયે પડી છે અને સેંકડો આત્મભોગી વીર પુરુષોનું કબ્રસ્તાન હોય તેવી આટલાંટિકના ઊછળતા મોજાંની હારો લ્હેરાયાં કરે છે. પિતૃદેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવતાં વીરને છાજતા મોતે મરેલા ઍડમિરલ ફૉન સ્પી અને તેના બે યુવાન પુત્રો તથા બહાદુર ખલાસીઓના દેહને પોતાના અગાધ જળ નીચે ઢાંકતો આટલાંટિક મહાસાગર તેમના સ્વદેશપ્રેમ ને શૌર્યનાં યશોગાન ગાતો ધેરૂંઘેરૂં ગર્જે છે.

[મિ. જૉન બુકનના પુસ્તક અને ઍડમિરલ સર ફ્રેડરિક ડવટન સ્ટર્ડીએ બ્રિટિશ ઍડમિરાલ્ટીને લખેલા પત્રને આધારે]

વિજય વાસુ

વર્ષા

જો આભમાં ચમકાર,
નાસે એક ક્ષણ અંધાર;
ગાજે વિશ્વનો વાયુ બની ઉન્મત્ત નાચે તાનમાં,
નર્તન ભયંકર આદરે હર જેમ પ્રલયોન્માદમાં.
સંહારમાં સર્જન કરે,
સુધા તણું સિંચન સ્રવે.
વેરાનમાં ભરપાઇ કરવા જો સહેલી વેદના,
આજે જગતનો નાથ સજતો સાજ દેવા ચેતના.
જો મેઘ-ધનુ આભે ઊગે,
રત્ને વિભૂષિત શું ઝગે!
નવ જોમ, નવ ચેતન, ફુવારા તેજના ફૂટે, અને
આખું જગત ફૂલે-ગુલાલે તેજથી રમતું દિસે.

'રસનિધિ'

નાલંદ અને અજંતાનાં સમકાલીન લાગતાં પ્રાચીન બૌદ્ધ વિહારો ધરાવતું

કાઠિયાવાડનું સૌંદર્યસ્થાન



તળાજ

કાઠિયાવાડમાં ભાવનગર શહેરથી બત્રીસ માઇલ દૂર તળાજા નામે એક સુંદર ગામ છે. તેની વસ્તી આશરે ચારેક હજાર માણસની છે. ત્યાં જવા માટે ભાવનગરથી એક પાકી સડક બાંધેલી છે અને બધી ઋતુમાં વાહનની સગવડ મળે છે.

ગામ ટેકરીના ઢોળાવ પર વસેલું છે. એટલે ઘણા માઇલ છેટેથી દેખાય છે. તેનો સુંદર દેખાવ આકર્ષક થઈ પડે છે. અરધો માઇલ રહે છે ત્યારે રસ્તામાં શેત્રુંજી નદી આવે છે. તેનો વિશાળ પટ ઓળંગી થોડે જતાં તળાજી નામની બીજી નદી ઓળંગવી પડે છે અને તળાજામાં દાખલ થવાય છે.

જે ટેકરીના ઢોળાવ પર એ ગામ વસ્યું છે તેને લોકો તળાજાનો ડુંગર એ નામે ઓળખે છે. તળાજાથી પાંચ માઇલ દૂર 'ટીમાણા' ગામમાંથી સં. ૧૨૬૪ (ઇ. ૧૨૦૭)નો લેખ મળી આવ્યો છે તેમાં તળાજાને 'તલાઝા મહાસ્થાન' તરીકે ઓળખાવેલું છે. 'શત્રુંજય માહાત્મ્ય' નામના ગ્રન્થમાં એને 'તાલધ્વજ નગરી' તરીકે ઓળખાવ્યું છે ને ડુંગરને 'તાલધ્વજગિરિ' કહ્યો છે.

આ ડુંગરની અડખેપડખે બીજો કોઇ ડુંગર નથી. આસપાસની સપાટ ભૂમિ વચ્ચે તે જુદો પડી જાય છે. તેના બે વિભાગ પડે છે. એક ભાગ શંકુ આકૃતિનો ઊંચો છે; બીજો તેનાથી નીચો અને શિખર આગળ થોડો સપાટ છે. બંને પર ધવલ જિનમંદિરો શોભી રહ્યાં છે અને તેમની ફરતો સફેદ ગઢ છે. દૂરથી જ પ્રવાસીની દૃષ્ટિ ઊંચા વિભાગના શિખર પર ઠરે છે અને પછી બંને બાજુના ઢોળાવ પર દૃષ્ટિ નમતાં એક તરફ તળેટીમાં વસેલું ગામ દેખાય છે, જ્યારે બીજી તરફ અન્ય ધવલ મંદિરનાં શિખરો નજરે પડે છે. આમ ડુંગરની શોભા ફૂલની તોરણમાળાની અનુપમતા ધારણ કરે છે. તળાજા જતાં રસ્તામાં આવું રમણીય દૃશ્ય મળે છે, જ્યારે શિખરપરથી કોઇ બીજા જ પ્રકારનું મનોહર દૃશ્ય મળે છે.

પૂર્વ દિશા સંમુખ દૃષ્ટિપાત થતાં પ્રથમ ગામની બજાર અને લોકોની પ્રવૃત્તિ દૃષ્ટિગોચર થાય છે. ગામને છેડે ભાંગી ગએલા કિલ્લાની રાંગ દેખાયા પછી તેની નજીકની પાળિયાની હાર નજરે પડે છે. ત્યાંથી દૂર શેત્રુંજી અને તળાજી નદીનું સંગમસ્થાન અને ત્યાંનાં શિવાલયો દેખાય છે. દૂર સરતાનપુર નામનું તળાજાનું બંદર છે. તેની નજીકમાં જ સમુદ્રને ભેટતી શેત્રુંજી નદીનો વિશાળ પટ પ્રતીત થાય છે. સમુદ્રનાં મોજાંનો ચળકાટ આંખને ભરી દે છે અને નદી, પર્વત, સંગમસ્થળ તથા સમુદ્રની ભેગી થતી શોભાનું ફરીફરી સ્મરણ કરાવે છે. એક ખુણે દૂર ગોપનાથ મહાદેવનો દ્વીપકલ્પ ઝાંખોઝાંખો દેખાય છે.

પૂર્વ દિશામાંથી પશ્ચિમ તરફ જતાં ક્ષિતિજ પર શત્રુંજયગિરિ દેખાય છે. દિશા ચોકખી હોય તે વખતે શત્રુંજય ઉપરની ઉજ્જવલ શિખરમાળ આનંદ આપે છે. (અને તેવી જ રીતે ત્યાંથી તળાજાની 'ટેકરી' પણ દેખાય છે.) આ દિશામાં તેમજ ઉત્તર દિશામાં દૂર સુધી નાનાં મોટાં ગામડાંઓ અને ડુંગરો દેખાય છે. તેમની વચ્ચે લીલાં સૂકાં ખેતરમાં થઇને વહેતી શેત્રુંજીની ગતિ દૃષ્ટિને સમુદ્રપર્યંત દોરી લઈ જાય છે.

પણ ઉપર વર્ણવી તે સર્વ શોભાથી અધિક શોભા તો ડુંગરની અંદર છે અને તે તેની મનોહર ગુફાઓમાં

છે. કેટલીક ગુફાઓ દૂરથી જ દેખાય છે, અને ડુંગર ઉપર ચડતાં તો ગુફાઓની હારની હાર નજરે પડે છે. ગુફાઓની સંખ્યા આશરે ત્રીસની છે. કેટલીક ગુફાઓ ટાંકા વગરની છે, ઘણીને એકેક ટાંકું છે અને કેટલીકને બે ટાંકાં છે. કેટલીક ગુફાઓમાં પ્રધાન ખંડ છે, જેની ફરતી ગર્ભગૃહ જેવી ઓરડીઓ છે. કેટલીક ગુફાઓ મોટી અને વિશાળ છે અને તેનો ચૈત્યગુફા તરીકેનો કે સભાસ્થાન તરીકેનો ઉપયોગ થતો હશે તેમ અનુમાન થાય છે. આવી એક ગુફા ગઢની અંદર છે અને તેમાં હજી પણ એક ઊંચી વેદિકા છે. ગઢમાં એક બીજી નાની ગુફા છે, જેને લોકો 'ધનકોઠી' તરીકે ઓળખાવે છે અને કહે છે કે એ કોઠી તોડે તેને તેમાંનું ધન મળે! આ નામ ને વાત ભ્રમ ઉપજાવનારાં છે; ધનની લાલચથી કોઇ તેને તોડવા લલચાય તેવું છે. મૂળ નામ 'ગન્ધકૂટી' (બૌદ્ધ ચૈત્ય?–અંગ્રેજીમાં 'Dahgoba') હશે તેમ માની શકાય છે.

આ તમામ ગુફાઓ જીર્ણ થઈ ગઇ છે; તેની ભીંતો વધુ ને વધુ ખરતી જાય છે. દરેકના સ્તંભ એવા તો અલોપ થઇ ગયા છે, કે તે માટે આછા દળનો પત્થર હોવાનું કે કુદરતના કોપનું જ કારણ કલ્પી શકાય. ભૂતકાળમાં ધર્મવિરોધના કારણે સારાસારનો વિવેક નષ્ટ થતાં આ સ્તંભોનો નાશ થયો હશે એમ કલ્પી શકાય છે. સ્તંભોનો આવો એકસરખો અભાવ અન્ય સ્થળની ગુફાઓમાં નથી થયો.

ઇશાન કોણમાંથી ગુફાઓની હાર શરૂ થાય છે અને દક્ષિણ દિશામાં તે પૂરી થાય છે. વચ્ચે કોઇકોઇ ઠેકાણે જવા આવવા સારૂ કોરી કાઢેલી પગથીઓ નજરે પડે છે. કેટલેક ઠેકાણે વરસાદનું પાણી ટાંકાંમાં પહોંચાડવા સારૂ કોરી કાઢેલી નીકો પણ દેખાય છે. ગુફાઓનો પત્થર બધે એકસરખો નથી. પશ્ચિમમાં ચંબેલીની ગુફા તરીકે ઓળખાતી ગુફા આગળનો પત્થર વધારે સારો, એકસરખો ને સુંવાળો માલૂમ પડે છે. ઇશાન અને ઉત્તરની ગુફાઓનો પત્થર ખરતો અને તૂટતો છે. વાયવ્ય દિશામાં સૌથી મોટી, વિશાળ અને ભવ્ય 'એભલમંડપ' નામે ઓળખાતી ગુફામાં છતનો પત્થર એકસરખો અને સારો છે, જ્યારે પડખાની ભીંતોનો પત્થર નબળો અને ખરબચડો છે!

૧૮૭૬માં સ્વ. બર્જેસે 'કાઠિયાવાડ અને કચ્છનાં પુરાતન અવશેષો' પર ગ્રંથ બહાર પડચો છે તેમાં તળાજાની ગુફાઓની સવિસ્તર નોંધ (પા. ૧૪૭–૧૪૯) લીધી છે, તળાજાનો ટૂંકો ઇતિહાસ આપ્યો છે અને જૈનમંદિરો વિષે માહિતી આપી છે.

'પૂર્વકાળમાં જ્વાળામુખી જેવું થતાં આ ડુંગર ઉપરી આવ્યો હોવો જોઇએ. દરિયાની સપાટીથી તે આશરે ૩૨૦ ફીટ ઊંચો છે, અને તેમાં કેટલેક સ્થળે ચકમકના પોચા પત્થરો મળી આવે છે.' આ મુજબ સ્વ. જેમ્સ બર્જેસે આ ડુંગરની નોંધ કરી છે. તળાજામાં તેઓ ૧૮૬૯ની સાલમાં આવી ગયા છે અને ૧૮૭૦માં 'સોમનાથ, જૂનાગઢ વગેરે સ્થળના ફોટોગ્રાફો' પ્રસિદ્ધ કર્યા છે, જેમાં તળાજાની એભલમંડપ ગુફાનો ફોટોગ્રાફ પણ આપ્યો છે. આ એભલમંડપની ભીંતોમાં નાનામોટા એવા ખાડા પડી ગયા છે કે ભીંતમાંથી તે તે સ્થળેથી કાંઈ કાઢી નાખ્યું હોય, કાંઇ ઊખેડી નાખ્યું હોય તેવા અનુમાનને પૂરતો અવકાશ રહે છે. વળી તેમાં ફરતી એકથી દોઢ ફૂટની પરથાળ છે અને તે પરથી આ અનુમાનને પુષ્ટિ મળે છે.

અત્યારે આ ગુફામાં કાંઈ નથી! (બર્જેસે આપેલા ફોટોગ્રાફમાં વેદિકા લાગે છે.) કોઈ ઠેકાણે કોતરકામ કે કારીગરી સચવાએલી દેખાતી નથી. માત્ર મુખદ્વાર પર સામાન્ય કારીગરી જળવાઇ રહી છે અને તેનો ફોટો બર્જેસે પોતાના બંને ગ્રંથોમાં આપ્યો છે. ઉપરના ભાગમાં ઘોડાની નાળના આકારે વળેલી પાંચ કમાનો છે તેમાંની ત્રણ વિશીર્ણ થઇ ગઇ છે. તે કમાનો નીચે જાળી જેવી લાગતી કોરણી છે, જે અન્ય સ્થળની બૌદ્ધ ગુફાઓને મળતી છે. બહારના ચોકમાં એક પત્થરનો લાંબો કટકો પડચો છે. તે સ્તંભનો ટુકડો હશે તેમ નથી જણાતુ, કારણકે ઉપરના ભાગમાં તૂટેલા ભાગની નિશાની છે તેના પ્રમાણમાં તે બહુ પાતળો લાગે છે. એના પર પણ કાંઇ કારીગરી નથી. ચોકમાં કોઇ ઊભો સ્તંભ હશે અને તેના અવશેષ રૂપે આ ટુકડો હોય તેવો સંભવ છે.

આ વિશાળ ગુફા સૌકોઇના ચિત્તને પ્રસન્ન કરે છે અને લીધેલા શ્રમનો બદલો આશ્ચર્ય અને આનંદમાં વાળી આપે છે તથા પૂર્વ સમયનું યથોચિત સ્મરણ આપે છે. લોકો તેને એભલમંડપના નામથી જ ઓળખે છે. તે બહુ ઊંડી અને વિશાળ છે. લંબાઇ

૭પા ફીટ અને પહોળાઇ ૬૭ાા ફીટ છે. ઊંચાઇ ૧૯ાા ફીટથી ૧૭ ફીટ સુધીની છે, કારણકે ઉપરની છત એક ખૂણેથી બીજે ખૂણે ઢળતી છે. અંદરના ભાગમાં એકે સ્તંભ નથી, એટલે વચ્ચે ઊભા રહીએ ત્યારે માથે કેવું જબરૂં દળ અદ્ધર રહ્યું છે તેનું સંપૂર્ણ ભાન થાય છે. મુખદ્વાર પર ચાર સ્તંભ હશે તેમ સમજાય તેટલી નિશાની રહી છે.

બહારનો ચોક વિશાળ છે અને માપમાં ગુફાથી અરધો થાય છે. તેને લીધે ગુફાની ભવ્યતામાં અનહદ વૃદ્ધિ થાય છે. આ ગુફાનો ઉપયોગ ચૈત્યગુફા તરીકે અથવા સભાસ્થળ તરીકે અવશ્ય થતો હોવો જોઇએ. તેની અંદર બે હજાર ઉપરાંત માણસો છૂટથી અને સુખેથી બેસી શકે તેટલી તે વિશાળ છે.

આ ગુફા વિષે એક દંતકથા કહેવાય છે. પૂર્વે 'એભલવાળા' નામના રાજાના વખતમાં મેંડાળ જ્ઞાતિના બ્રાહ્મણ ગોરેસનો લોભ બહુ વધ્યો હતો. લોભને વશ થઇ દરેક લગ્ન પાછળ દક્ષિણામાં તેઓ સોનું માગવા લાગ્યા! આ કારણને લીધે ઘણાં ગરીબ માબાપો પોતાની કન્યાનાં લગ્ન કરતાં અટકી પડ્યાં અને થોડા વરસમાં કન્યાઓ મોટી થઇ ગઇ. તેવી કન્યાઓની સંખ્યા પણ બહુ વધી પડી, એટલે થાકીને એભલવાળા આગળ લોકોએ રાવ ખાધી ને બ્રાહ્મણોનો ત્રાસ જણાવ્યો. એભલવાળો વચ્ચે પડ્યો. ગોરોને મનાવવા માંડ્યા પણ માન્યા નહિ અને હઠ ન છોડી, એટલે એભલવાળાનું લોહી તપી આવ્યું. તમામ માબાપોને ધીરજ આપી, તેમની કન્યાઓનું પોતે પિતા તરીકે એક જ દિવસે આ (એભલ) મંડપમાં દાન દીધું તથા નાગી તલવારે સૌનું રક્ષણ કર્યું. આ અવસરનો લાભ ૧૬૦૦ કન્યાઓને મળ્યો. બ્રાહ્મણ ગોરો વિલખા પડ્યા ને તેમનું જોર તે દિનથી તૂટ્યું.


આ દંતકથા દ્વારા ગુફાની વિશાળતા અને ભવ્યતા પ્રકટ થાય છે, પણ તેટલા માટે જ અન્ય સર્વ પ્રકારે તેને ઐતિહાસિક સત્ય માની ન લેવાય. તળાજાથી સાડેક માઇલ ઉપર રાજુલાના ડુંગરમાં 'સાણા'ની ગુફાઓ છે. ત્યાંની ગુફા ૬૮ાા ફીટ લાંબી ૬૧ ફીટ પહોળી ને ૧૬ાાફીટ ઊંચી છે. તેનું નામ પણ એભલમંડપ છે, પણ તે લગ્નમંડપ થયાની હકીકત જણાઇ નથી.


એભલવાળાની ઉપરની દંતકથા સિવાય ગુફાઓ વિષેનું અન્ય કોઈ સ્મરણ લોકોમાં રહ્યું હોય તેમ માલૂમ પડ્યું નથી. ગુફાઓ પર કોતરણી અલ્પ છે કે અલ્પ રહી છે, એટલે વિશેષ જ્ઞાન મેળવવામાં તે સાધનની મદદ પણ નથી રહી.

પરિભ્રમણથી ન જડ્યું તે પુસ્તકમાંથી મળી રહેશે તે જિજ્ઞાસાએ, સ્વ. કવિ નર્મદ વાળો ઇ. સ. ૧૮૮૬માં પ્રકટ થએલો 'કાઠિયાવાડ સર્વસંગ્રહ' પણ તપાસ્યો. તેમાં આપેલા તળાજાના પૂર્વ ઇતિહાસમાંથી અગત્યનો ભાગ નીચે મુજબ છેઃ 'શત્રુંજી નદીના ઉત્તર કાંઠાનો ભાગ ગોહિલવાડ તથા દક્ષિણ કાંઠાનો ભાગ વાળાક (વાલાક્ષેત્ર) કહેવાય છે. વાલાકમાં વળા ચમારડીના વાળાઓનું રાજ્ય હતું. જ્યારે ગોહિલોએ તેમની પાસેથી વળા ચમારડી ઝૂંટવી લીધું ત્યારે વાળા તળાજામાં આવી વસ્યા. તળાજાના વાળા ઠાકોરો વિષે ઘણી દંતકથા ચાલે છે . . . . . વાળાઓને બારીઆ કોળીઓએ તળાજામાંથી હાંકી મૂક્યા. બારીઆ કોળી નિર્ભય ચાંચિયા હતા; તે એટલે સુધી કે બ્રિટિશ લોકોનાં વહાણ પણ લાગ ફાવ્યે લૂટી લેતા. આખરે ઈ. સ. ૧૭૭૧માં ભાવનગરના ઠાકોર અખેરાજજી તેમની સામે ચડ્યા. . . . કોળીઓને તળાજામાંથી ખસવું પડ્યું. પણ અખેરાજજી તળાજા પોતાને સ્વાધીન લેવા નારાજ જણાયાથી ખંભાતના નવાબને તે આપવામાં આવ્યું . . . ઇ. સ. ૧૭૭૩માં ભાવનગરના વખતસિંહજીએ નવાબ પાસેથી તળાજા વેચાતું લીધું, ત્યારથી એ ભાવનગરના તાબામાં રહ્યું છે. પ્રસિદ્ધ વિષ્ણુભક્ત નાગર નરસિંહ મહેતાનો જન્મ આ ગામમાં થયો હતો. (ડુંગર ઉપર ચડતાં ઇશાન દિશામાં એક નાની ગુફા છે. લોકો તેને 'નરસિંહ મહેતાની નિશાળ' તરીકે ઓળખાવે છે.) . . . સરતાનપુર (જૂનું નામ સુલતાનપુર) એ તળાજાનું બંદર છે.

આ ઇતિહાસ દ્વારા પણ ગુફાઓ સંબંધી વધુ જાણવા લાયક કાંઇ ન મળ્યું, એટલે પછી વધુ તપાસ માટે એક જ આધાર રહ્યો. ઇ. સ. ૬૪૦ લગભગ વલભીના પ્રદેશમાં ચીન દેશનો પ્રસિદ્ધ યાત્રાળુ હુએનત્સંગ આવેલો, તેને યાદ કરી તેનું વર્ણન વાંચ્યું. તેમાંના પૂર્વાપર સંબંધથી તળાજાની ગુફાઓ એ ઇ. સ. ૬૪૦ પૂર્વેનો તળાજાનો મહાન વિહાર છે એટલું નિર્ણિત થયું.

ઈ. સ. ૬૭૧–૬૯૫માં 'ઇત્સીંગ' નામના બીજા





(૧) તળાજાની ટેકરી (૨) ટેકરી ઉપરનાં જૈન મંદિરો તથા નીચેનું દૃશ્ય   ફોટો : બળવન્ત ભટ્ટ



એક ચીનાઈ મુસાફરે હિંદની યાત્રા કરી હતી. હિંદમાંના આચાર, વિદ્યાભ્યાસ અને વિહારજીવનની તેણે નોંધ કરી ગયો છે, તેમાંની એક નોંધમાં વલભીના પ્રદેશમાં એક મોટા વિદ્યાપીઠ વિષે ઉલ્લેખ છે કે 'નાલંદ વિહારના વિદ્યાપીઠમાં અથવા પશ્ચિમ હિંદના વલભીના વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ બેથી ત્રણ વર્ષ રહે છે.

આ ઉપરથી તળાજા વિહારનો અને નાલંદ વિહારનો સમય એક સાથે ઇ. સ.ના પહેલા સૈકાથી માંડી ત્રીજા અથવા ચોથા સૈકા સુધીનો હશે એ નક્કી થાય છે. આન્ધ્ર તથા મહારાષ્ટ્રમાંના અન્ય વિહારોનો પણ આ જ સમય ઠરે છે, એટલે જો મહારાષ્ટ્રનો વિહાર અજંટાનો જ સમજાય તો તેનો સમય પણ તેટલો જ પ્રાચીન ઠરે છે.

આ ગુફાઓ કેટલી પુરાતન હશે તે સાબિત કરવા યોગ્ય ચોક્કસ સાધનો આપણી પાસે નથી. પરંતુ ગોઠવણની સાદાઇ ધ્યાનમાં લેતાં, એભલમંડપના મુખદ્વાર પર જે કારીગરી છે તે સિવાય અન્ય ગુફાઓમાં કોતરકામનો અભાવ જોતાં ગુફાઓનો સમય ઘણો પ્રાચીન માની શકાય.

તળાજાનું સ્થળ, વિહાર વગેરેની આ હકીકત વાંચી પ્રતીતિ થશે કે અશોકના શાસનો જેવું અન્ય પુરાતન અવશેષ કાઠિયાવાડના તળાજા ગામમાં છે. પ્રાચીન મહાન વિહારનું ત્યાં અસ્તિત્વ જાણી હર્ષ થશે.

તળાજાના વિહારની એક બીજી વિશિષ્ટતા છે. નાલંદ, અજંટા વગેરે અન્ય સર્વ વિહારો પાસેથી વસ્તી દૂર ગઈ છે, પરંતુ આ વિહારની સમીપ ગામ ઘણા કાળથી વસી રહ્યું છે. વિહાર અત્યારે નિર્જન છે ને તે વસ્તીવાળો નહિ થાય, ભિક્ષુસંઘો અને વિદ્યાર્થીગણો પુનઃ નહિ આવે. તે જીર્ણ થયો છે—વધુ જીર્ણ થતો જાય છે, માટે તેની રક્ષા તેમજ સદુપયોગ અર્થે પ્રજાવર્ગે ને અધિકારીવર્ગે તત્પર થવાની પૂરી જરૂર છે.

આ વિહારની મહત્તા સાહિત્યમાંથી જવાની નથી, ભૂંસાવાની નથી. તેને યોગ્ય વસ્તી ગઇ છે, પણ તેની શાંતિ અને ભવ્યતા ચિરંજીવ છે અને રહેશે.

હીરાલાલ અમૃતલાલ શાહ

['પુરાતત્ત્વ' પુ. ૧ અં. ૧માંના લેખ પરથી આભાર સાથે]

હિંદુસ્તાનનો ધણી કોણ?

અનુસંધાન પૃ. ૨૪૪થી

(૨) સેક્રેટરી ઑફ સ્ટેટ=પાર્લામેન્ટે નીમેલો હિંદી પ્રધાન;
(૩) ઇન્ડિયા કાઉન્સિલ=હિંદી સભા. એમાં બાદશાહની સત્તા હિંદ માટે સૂબાઓ અને અમલદારો નીમવાની. વાઇસરૉયો, ગવર્નરો તથા તેમની કાઉન્સિલોના સભાસદો, ઍડવોકેટ જનરલ, એકાઉન્ટન્ટ જનરલ અને વડા ન્યાયાધીશો વગેરેની નિમણૂક બાદશાહ કરે; પણ એ બધું હિંદી વજીર અને હિંદી સભાની સલાહસંમતિ લઇને—એટલેકે એમની ભલામણ મુજબ જ. આ ઉપરાંત પ્રાંતોની સરહદો ફેરવવી હોય, નવા પ્રાંતો મુકરર કરવા હોય, નવી પ્રાંતીય કાઉન્સિલો ઠરાવવી હોય તેની સત્તા પણ બાદશાહને.

હિંદી પ્રધાન

એક રીતે જોઇએ તો હિંદી પ્રધાન એ હિંદના વહીવટમાં મુખ્ય સત્તાધીશ અને જવાબદાર વ્યક્તિ ગણાય. જોકે તેને પાર્લામેન્ટે નીમેલો એટલે તે બધી હકીકતો માટે પાર્લામેન્ટને (એટલેકે બ્રિટિશ પ્રજાના પ્રતિનિધિ મુત્સદ્દીઓને) રજેરજ જવાબદાર તો ખરો જ. એટલે પાર્લામેન્ટ જોકે બ્રિટિશ પ્રજાની પ્રતિનિધિ કહેવાય છે, છતાં ખરી રીતે તો બ્રિટિશ પ્રજાના નામે બ્રિટનના સામ્રાજ્યવાદી મુત્સદ્દીઓ, ધનભૂખ્યા મૂડીદારો અને આજે વેપારી જેવા થતા જતા ઉમરાવો જ હિંદી પ્રધાન મારફત હિંદ ઉપર હકૂમત ચલાવે છે.

પાર્લામેન્ટ ચૂંટાય અને તેમાંથી બ્રિટિશ પ્રધાનમંડળ નક્કી થાય એટલે એ પ્રધાનમંડળમાંના એક સભ્યને હિંદની લગામ સોંપવામાં આવે છે. તે હિંદી પ્રધાન કહેવાય છે. તેને વરસે પાંચ હજાર પાઉંડ (સાડા સડસઠ હજાર રૂપિયા)નો પગાર મળે છે. તે ઉપરાંત તેના હાથ નીચે દોઢદોઢ હજાર પાઉંડના બે કાયમી મદદનીશ પ્રધાનો (અન્ડર સેક્રેટરી) હોય છે. આ અને બાકીનું પરચુરણ મળી કુલ વરસે દહાડે એક લાખ ત્રીસ હજાર પાઉંડનું ખર્ચ આ ઘરની સરકાર (હોમ ગવર્નમેન્ટ) માટે થાય છે, તે પાર્લામેન્ટ ઉઠાવે છે.

હિંદુસ્તાનની કુલઝપટ છેવટની રાજકીય સત્તા આ હિંદી પ્રધાનની આંગળીને ટેરવે રમે છે એમ કહીએ તો ચાલે. હિંદુસ્તાનની આખી સરકાર તેની હકૂમત નીચે છે. ગવર્નરો અને વાઇસરૉયો તેને જ જવાબદાર અને આધીન હોય છે. હિંદુસ્તાનના વહી-

વટને લગતા હુકમો ભલે ગવર્નર-જનરલ પોતાના નામથી કરે, પણ તેની નકલો હિંદી પ્રધાનની સંમતિ માટે તેને મોકલવી જ જોઇએ એવી રચના છે. હિંદની કોઇપણ પ્રાંતીય સરકારની કાઉન્સિલ તે ધારે તો બંધ કરી શકે એવી તેને સત્તા છે. આ બધા વિસ્તારી કામકાજને પહોંચી વળવા ઈંગ્લંડમાં તેના હાથ નીચે 'ઇન્ડિયા કાઉન્સિલ' (હિંદી સભા)નામની સભા હોય છે.

ઇન્ડિયા કાઉન્સિલ

આ ઇન્ડિયા કાઉન્સિલમાં ઓછામાં ઓછા આઠ ને વધુમાં વધુ બાર સભ્યો, (દરેક વાર્ષિક ૧૨૦૦ પાઉંડના પગારે) નિમાય છે. તેમની મુદત પાંચપાંચ વર્ષની હોય છે. તેમની નિમણૂકો, બદલીઓ વગેરે હિંદી પ્રધાનને હાથ હોય છે. તે જ તેમનો વડો હોય છે અને તેના હાથ નીચે રહીને આ સભ્યો હિંદનો વહીવટ ચલાવે છે. કામના વ્યવસ્થિત અને ઝડપી નિકાલ માટે હિંદના વહીવટનાં સાત ખાતાં પાડી નાખ્યાં છે અને તે જુદાજુદા સભ્યોને સોંપવામાં આવ્યાં છે: (૧) નાણાંખાતું (૨) છૂપું અને રાજકીય (૩) લશ્કરી (૪) વસુલાતી ને હિસાબી (૫) જાહેર બાંધકામ (૬) સરસામાન (૭) ન્યાય અને પ્રજાકીય ખાતું. આ ખાતાં ચલાવનારી સાત કમિટિઓ હિંદી પ્રધાનને જવાબદાર હોય છે. જોકે કેટલીક બાબતમાં હિંદી પ્રધાનને આ કમિટિઓની બહુમતીને માન આપવું પડે છે, પરંતુ ઘણીખરી બાબતમાં હિંદી પ્રધાન તેમને બીનજવાબદાર છે અને જે કાંઇ થાય તે બધું તેની સંમતિથી જ થાય છે. એટલે ખરૂં જોતાં હિંદી પ્રધાન જ આ બધા કાઉન્સિલરો ઉપર કુલ સત્તાધીશ છે. આ આખી ઇન્ડિયા કાઉન્સિલનો ખર્ચ હિંદુસ્તાનને કપાળે ચોંટે છે.

હિંદી સરકાર

આ આટલે સુધી વાત થઈ તે તો ઇંગ્લંડમાં હિંદનો વહીવટ ચલાવનાર કોણ છે તથા તેની રચના કેવી છે તે વિષયની. અંગ્રેજો તેને 'હોમ ગવર્ન્મેન્ટ' એટલેકે ઘરની સરકાર કહે છે. અને હિંદુસ્તાનમાં રહીને જે અમલ ચલાવે છે તે હિંદી સરકાર કહેવાય છે. હવે આપણે એ હિંદી સરકારની રચના સમજીએ.

વાઈસરૉય

હિંદી સરકારનું બધું વહીવટી સુકાન વાઇસરૉય (જે ગવર્નર-જનરલ પણ કહેવાય છે તે) ને હસ્તક છે. પાર્લામેન્ટ તરફથી નિમાએલો તે હિંદનો સરસૂબો છે. હિંદુસ્તાનમાં ચાલતા વહીવટનો તે ધણીરણી છે. જોકે તે બધા માટે હિંદી પ્રધાનની મારફતે પાર્લામેન્ટને તે જવાબદાર છે, પણ હિંદમાં તો તેની સત્તા રાજા જેટલી છે; આ દેશના વહીવટની બધી સત્તાનો તે સ્વામી છે.

કારોબારી મંડળ

વાઇસરૉય હિંદની હકૂમત આઠ સભ્યોના બનેલા એક કારોબારી મંડળ વડે ચલાવે છે. (૧) કમાન્ડર-ઇન-ચીફ (હિંદી લશ્કરનો સેનાધિપતિ); (૨) હોમ-મેમ્બર--જે અંદરની રાજકીય બાબતો, કાયદો, ન્યાય, જેલ, પોલીસ, ઇન્ડિયન સિવિલ સર્વિસ વગેરે સંભાળે છે; (૩) કાયદાનો સભ્ય-જે ધારાસભાઓ પર દેખરેખ રાખે અને રાજ્યવ્યવસ્થામાં ઉદ્‌ભવતા કાયદાના પ્રશ્નોનો વિચાર તથા નિવેડો લાવે; (૪) નાણાં ખાતાનો સભ્ય—જે હિંદના આવકખર્ચની બાબતો સંભાળે તથા સરવૈયાં અને નવાં બજેટો ઘડે; (૫) વેપારનો સભ્ય—જે રેલવેઓ, વેપારરોજગારને લગતી હકીકતો અને ધાર્મિક બાબતોની હકૂમતની સંભાળ રાખે; (૬) કેળવણીનો સભ્ય--જેને હાથ કેળવણી ઉપરાંત દેશની જનસુખાકારી ને જમીન સંબંધેની લગામ સોંપાઇ છે; (૭) વસુલાતી અને ખેતીવાડી ખાતાંનો સભ્ય અને(૮) ઉદ્યોગ ખાતાનો ને મજૂરોને લગતા વિષયોનો સભ્ય.

આ આઠે સભ્યો પોતપોતાનાં ખાતાં ઉપર હકૂમત ચલાવે છે એમ કહેવાય, પણ તે બધું જ વાઇસરૉયના દોરીસંચાર નીચે. વાઇસરૉયને હિંદનો વહીવટ ચલાવવામાં તે આઠે જણ મદદ કરે. વાઇસરૉય સિવાય તેઓ બીજા કોઇને જવાબદાર નહિ, વાઇસરૉય સિવાય તેમનો કોઇ અધિકારી નહિ. દેશની ધારાસભાઓથી પણ તેઓ સ્વતંત્ર.

પ્રાંતીય સરકારો

આ થઈ હિંદ સમસ્ત ઉપર અમલ ચલાવતી હિંદની વડી સરકારની વાત. પણ હિંદ તો એક ખંડ જેવડો મોટો દેશ છે. એના પર આ નવ જણ પહોંચી ન વળે. એટલે હિંદુસ્તાનના નાનામોટા પંદર પ્રાંતો પાડી નાખીને તે દરેક પર એકેક સૂબો નીમેલો હોય છે ને તેના હાથ નીચે આવું જ એકેક હકૂમતીમંડળ આપેલું હોય છે. એ સૂબો ને તેનું મંડળ તે પ્રાંતીય

સરકાર કહેવાય છે.

બંગાળા, મુંબાઇ અને મદ્રાસ એ ત્રણ હિંદુસ્તાનના મોટા પ્રાંતો છે. તેના દરેક પર સૂબા તરીકે વાર્ષિક રૂા. ૧,૨૮,૦૦૦ના પગારનો ગવર્નર નિમાય છે; પંજાબ, મધ્ય પ્રાંતો, બિહાર–ઓરીસા, આસામ અને બ્રહ્મદેશ એ નાના પ્રાંતો છે, તેના પર વાર્ષિક રૂા. ૧,૦૦,૦૦૦ના પગારનો લેફ્ટેનન્ટ ગવર્નર હોય છે; અને બાકીના વાયવ્ય સરહદનો પ્રદેશ, બ્રિટિશ બલુચિસ્તાન, દિલ્હી, અજમેર–મારવાડ, કુર્ગ તથા આંદામાન ને નિકોબાર બેટો વધારે નાના હોવાથી તે દરેક પર વાર્ષિક રૂા. ૭૨,૦૦૦ના પગારના કમિશનરો નિમાય છે. આ પ્રાંતીય સરકારો ખરીરીતે તે તે પ્રાંતના સૂબા–હાકેમોની દોરવણી પ્રમાણે જ ચાલે છે, અને એ સૂબા––હાકેમોનો દોરીસંચાર વાઇસરૉયને હાથ હોય છે.

દુનિયા આખીના કોઇપણ દેશના વાઇસરૉયો અને ગવર્નરોના પગારો કરતાં આપણા આ ગરીબ દેશના ગવર્નરોના પગાર વધારે છે. અમેરિકા જેવા સમૃદ્ધિસંપન્ન દેશના પ્રમુખનો પગાર પણ આપણા વાઇસરૉય કરતાં ક્યાં યે ઊતરતો છે. અને આ વાઇસરૉય–ગવર્નરોના પગારની એક ખરી ખૂબી તો એ છે કે તેઓને એ પાંચે વર્ષનો પગાર અહીંનો હોદ્દો પૂરો કરી તેઓ ઇંગ્લંડ જાય ત્યારે એકસામટો કોરેકોરો મળે! ત્યાં સુધીમાં અહીં હિંદુસ્તાનમાં પાંચે વર્ષ રહેવાનો, ખાવાપીવાનો, હરવાફરવાનો, ગાર્ડનપાર્ટીઓ અને મેળાવડાનો વગેરે ખર્ચો તો જુદાં. આ બધું હિંદુસ્તાનના ગરીબ ખેડુત અને નિર્ધન કર ભરનારને માથે!

આઇ. સી. એસ.

હિંદની કેડ ઉપર નભતા આ માત્ર આટલા જ ધોળા હાથી નથી. એવા હાથીઓનું તો એક મોટું ટોળું છે. તેનું નામ 'ઇન્ડિયન સિવિલ સર્વિસ.' આઈ. સી. એસ. નું નામ તો ભણેલાઓએ સાંભળ્યું હશે,—તે જ એ આઇ. સી. એસ. હિંદી પ્રજાને ભીંસટ દઇને નીચોવતું અંગ્રેજ સરકારનું જે પોલાદી ચોકઠું હિંદ પર રચાયું છે એ ચોકઠાનો એકએક સ્ક્રૂ એટલે એકએક આઈ. સી. એસ., એમ સમજી લો. ઇંગ્લંડની ઇન્ડિયા કાઉન્સિલ, હિંદી સરકારની કારોબારી કાઉન્સિલ, પ્રાંતીય સરકારોનાં હકૂમની મંડળો, સેક્રેટરિયેટો, કલેકટરી, કમિશનરી, એ દરેકે દરેક સ્થળે એ આઇ. સી. એસ. જ ગોઠવાએલા છે. અને તે ભારેમાં ભારે પગારે. હિંદની ખીલતી વાડી આ ધોળા હાથીનું ટોળું દિવસરાત વેડે છે. આ આઇ. સી. એસ. હિંદના રાજકારણની મુખ્ય લગામો જેવા છે અને તેમના આખરી છેડા વાઇસરૉય તથા હિંદી પ્રધાનનાં આંગળામાં ભરાએલા છે. તેઓ બહુ જ ખૂબીથી એ છેડાઓનો સંચાર કરતા રહીને સત્તા અને શોષણની ક્રિયા ચલાવ્યે જાય છે.

દ્વિમુખી સત્તા

આ સત્તા અને શોષણ સામે હિંદીઓએ મહાસભાની સ્થાપનાના વર્ષથી ત્રીસ ચાળીસ વર્ષ સુધી અખંડ ઝુંબેશ ઉઠાવ્યા કરી ત્યારે, છેક ૧૯૧૯માં, હિંદીઓને રાજતંત્રમાં કાંઇક જવાબદારી આપવાનો ઢોંગ કરીને થોડી નામની સત્તા આપી છે. તે એ કે ૧૯૧૯થી મોટા પ્રાંતોમાં (૧) કેળવણી, (૨) આબકારી, અને (૩) સ્થાનિક વહીવટ (મ્યુનિસિપાલિટી, લોકલબોર્ડ વગેરે) એ ત્રણ ખાતાંઓ હિંદી મંત્રીઓના હાથમાં સોંપાય છે. પ્રાંતની ધારાસભામાં પ્રાંતે જે સભ્યોને ચૂંટી મોકલ્યા હોય તેમાંથી વધુમતી પામેલા સભ્યોને ગવર્નર આ હકૂમત સોંપે છે. પણ એ હકૂમત નામની જ છે. એ મંત્રી બધો વહીવટ ચલાવે તે ગવર્નરની સલાહ અને મતને આમંત્રીને જ. એટલેકે ગવર્નરની ઇચ્છા મુજબ જ વહીવટ ચાલે. ઘણુંખરું સરકારે નીમેલા આ મંત્રીઓ હાજી હા કરનારા જ હોય છે. આમ પ્રજાને સોંપેલાં ખાતાંનો વહીવટ પ્રજાયત્ત શાસનથી ચાલતો કહેવાય છે, તથા સરકારને હસ્તકનાં ખાતાંઓ સ્વાયત્ત શાસનથી ચાલતાં કહેવાય છે. પ્રાંતોના આવા બેવડા અમલને દ્વિમુખી સત્તા કહે છે.

ધારાસભાઓ

હિંદુસ્તાનમાં મુખ્ય બે ધારાસભાઓ છે. (૧) કાઉન્સિલ ઑફ સ્ટેટ અને (૨) લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી—જે વડી ધારાસભા કહેવાય છે. પહેલી સભા પ્રજાએ નીમેલા ૩૩ અને સરકારે નીમેલા ૩૦ સભ્યોની બનેલી હોય છે; બીજી, વડી ધારાસભામાં ૧૪૦ સભ્યો હોય છે, જેમાંના ૧૦૩ પ્રજા તરફથી ચુંટાઇને આવે છે. આ સભાઓ પાંચપાંચ વર્ષે ફરીથી રચાય છે, અને ત્યારે શરૂઆતમાં વાઇસરૉય તેનું મંગળ–ભાષણ કરી સરકારની રાજનીતિની કંઇક દિશા સૂચવે છે.

આ ધારાસભાઓ દેશને માટે ધારાઓ ઘડે છે એમ કહેવાય છે, પણ કાયદાની આંટીઘૂંટીઓ સમજનારા જાણે છે કે આ સભાઓને બહુ જ થોડા કાયદાઓ ઘડવાની અર્થહીન સત્તા છે. અર્થહીન એટલા માટે કે એના અધિકારમાં વાઇસરૉયને ગમે ત્યારે ગમે તે બાબતમાં માથું મારવાનો સંપૂર્ણ હક છે. ધારાસભાનું કરેલું તે ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળ મેળવી શકે છે. પૈસા સંબંધીની બાબતો વિષે બોલવાનો કે કરવેરાની બાબતમાં ભલામણ કરવાનો અધિકાર તો આ સભાઓ ભાગ્યે જ વાપરી શકે છે. આટલી જ સાંકળોથી જકડાએલી દરેક પ્રાંતની પ્રાંતીય ધારાસભાઓ પણ આવી જ અર્થહીન છે. સરકાર મનાવે છે કે લોકોના પ્રતિનિધિઓ ચુંટાઇને ધારાસભાઓમાં આવે છે; તેઓ દેશના કાયદા ઘડે છે; તેમાંના યોગ્ય શક્તિવાળા અધિકારી માણસો કારોબારી મંડળોમાં પ્રધાનો તરીકે નિમાય છે;–આમ પ્રજાને રાજવહીવટમાં કેટલા બધા હકો છે! પણ ખરી રીતે જોતાં એ બધાં નામનાં પૂતળાં છે અને ગવર્નરની ઇચ્છા મુજબ જ બધો વહીવટ ચાલે એવી અંદરની આંટીઘૂંટીઓ હોય છે.

દુનિયા આખીમાં હિંદુસ્તાનના જેવી આવી એકહથ્થુ ને આપખુદ સત્તા ક્યાં યે નથી. કાયદાઓ ઘડનાર ને કાયદા અમલમાં મૂકનાર બંને સત્તાઓ જુદી હોવી જોઇએ તે એકલા હિંદુસ્તાનમાં જ નથી. આપણે ત્યાં જ કારોબારી અને ન્યાયખાતાં ગવર્નર એક જ લગામે દોરી શકે છે. દુનિયાના સ્વતંત્ર દેશોમાં ન્યાયખાતું આખા રાજ્યથી તદ્દન જુદું અને સ્વતંત્ર હોય છે. કારોબારી ખાતાનો કોઇપણ વડો તેના પર હકૂમત ચલાવી શકે નહિ. આપણે ત્યાં તો કાયદા ઘડાય તેના પર પણ ગવર્નરો અને વાઇસરૉયોની હકૂમત; અને અમલમાં મુકાય તેના પર પણ તેમની હકૂમત.

આમ 'કાયદાઓથી સ્થપાએલી' આ સરકારના અમલનું-કાયદાનું પોલાદી-ચોકઠું હિંદુસ્તાનને એવી સજ્જડ રીતે ચોંટેલું છે કે 'રાજકીય હકો' અપાયાની ગમે તેટલી પોકળ વાતો છતાં એનો એક પણ સ્ક્રૂ ઢીલો થતો નથી; અને હિંદુસ્તાનની સમૃદ્ધિ ચુસાઇ ચુસાઇને તેનો પ્રવાહ અખંડપણે ઇંગ્લંડ તરફ વહ્યા કરે તથા હિંદુસ્તાનના લોકો એવાં જેવાં ગુલામીમાંથી ઊંચા ન આવે તેની બરાબર તકેદારી રખાય છે.

હિંદીઓ જરા જેટલો અસંતોષ બતાવે કે માથું ઉઠાવે એટલે તરત એ ચોકઠાના આઇ. સી. એસ. રૂપી સ્ક્રૂ ટાઇટ થવા માંડે છે અને હિંદને વધારે આકરી ભીંસણ આપે છે.

પરંતુ હિંદી પ્રજા પણ હવે જંપતી નથી. એ દમનના ભીંસણની પરવા વિના એણે પોતાના નિરધારને માર્ગે નિશ્ચયાત્મક કૂચ શરૂ કરી છે. એટલે ગયે વર્ષે ઇંગ્લંડની સરકારે હિંદના રાજ્યબંધારણની તપાસ કરીને ભવિષ્યમાં હિંદી પ્રજાને રાજકારભારમાં કેટલા હક અને કેવા ક્રમમાં આપવા તેનો નિર્ણય કરવા સાત સભાસદોનું એક કમિશન નીમ્યું હતું. તેના પ્રમુખ સર જૉન સાયમનના નામ પરથી એ સાઇમન કમિશન કહેવાય છે. પરંતુ એ કમિશન પણ એક પ્રકારનો ઢોંગ જ છે એમ સૌ જાણતા હતા, અને એ પોગળ આખરે હમણાં ફૂટ્યું છે. હિંદુસ્તાનને પૈસે હિંદુસ્તાનમાં ફરીને તથા આટલો સમય ખૂબ ખર્ચ * કરીને તેમણે આખરે કોથળામાંથી બિલાડું બહાર કાઢ્યું છે. હમણાં જ એ કમિશનનો રિપોર્ટ બહાર પડ્યો છે, તેમાં તો ઊલટું હમણાં જે કાંઇ નામની સત્તાઓ પ્રજાને અપાએલી કહેવાય છે તેના પર પણ લીંપણ વાળેલું છે. દેશના વિનીતમાં વિનીત વિચારના માણસોએ પણ તેનો પ્રચંડ વિરોધ કર્યો છે§

---

* એ સાઇમન કમિશનનું ખર્ચ (તેની પેટા કમિટીનું ખર્ચ બાદ જતાં) ૧ લાખ અને ૪૬ હજાર પાઉન્ડ—એટલે લગભગ ૧૯ લાખ ૬૨ હજાર રૂપિયા—થયું છે!

§ શ્રી આનંદશંકર ધ્રુવ જેવા વિચારશીલ વિદ્વાને પોતાના 'વસંત' માસિકના છેલ્લા અંકમાં તંત્રીસ્થાનેથી તેનો જે ટૂંક સાર આપ્યો છે તે બહુ જ સ્પષ્ટ ખ્યાલ આપે એવો છે. જુઓ:

"કમિશને પોતાની ભલામણમાં દિલ્હી અને સીમલામાં સિવિલ સર્વિસનું રાજ્ય હતું તેવું ને તેવું કાયમ રાખ્યું, બલ્કે એના ઉપર કાંઈક ઉદાર અને સ્વતંત્ર એવા સેક્રેટરી ઑફ સ્ટેટનો કોઇવાર અંકુશ પડવાનો સંભવ હતો એ પણ દૂર કર્યો, કારણકે સેક્રેટરી ઑફ સ્ટેટની સત્તાને સ્થાને ગવર્નર જનરલની સત્તા મૂકી અને ગવર્નર જનરલ ઉપર સિવિલ સર્વિસ કેટલી સત્તા ભોગવે છે એ તો આજ કોઇને બતાવવું પડે એમ નથી. બીજું, દેશી રાજ્યના અને હિંદુમુસલમાનના મહાપ્રશ્નનો કાંઈ પણ ઊકેલ લાવવા પ્રયત્ન નથી કર્યો; લશ્કર ઉપર પ્રજાને કાંઇ જ અધિકાર નથી આપ્યો; પ્રજાની આર્થિક સ્વતંત્રતાની માગણીના જવાબમાં પહેલાં

એટલે, દેશના અમુક વર્ગમાં, આજ સુધી બ્રિટિશ સરકાર ધીમેધીમે પણ હિંદુસ્તાનને સ્વરાજ આપવાની છે એવી જે શ્રદ્ધા હતી તેનો પણ આ સાયમન રિપોર્ટે લોપ કર્યો છે, અને દેશભરની સ્વરાજકામના હવે એટલીતો એકસરખી તીવ્ર થઇ છે કે હિંદુસ્તાને બ્રિટનના આ પોલાદી ચોકઠામાંથી કોઇપણ પ્રયત્ને અને ભોગે મુક્ત થવું.

કરતાં પણ વધારે આર્થિક પરતંત્રતા આપી, તે એવી રીતે કે અત્યાર સુધી નામની પણ સમજણ હતી કે ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા અને ધારાસભા જે આર્થિક યોજનામાં મળે તેમાં સેક્રેટરી ઑફ સ્ટેટ ફેરફાર ન કરી શકે, પરંતુ સાઇમન કમિશન આ વિષયમાં કુલ સત્તા હિંદ ખાતાના સેક્રેટરી ઑફ સ્ટેટ અને બ્રિટિશ પ્રધાનમંડળને આપે છે! અને હિંદના તેમજ પ્રાંતનાં બજેટમાં અમુક રકમો રાખવા કાઢવાની સત્તા ધારાસભાની નહિ એ વિષમ સ્થિતિ કાયમ રાખે છે!

કમિશને પ્રજા માટે જે કાંઇ કર્યું કહેવાય તે માત્ર પ્રાંતોને આપવા કહેલું સંપૂર્ણ સ્વરાજ્ય: અર્થાત્, અત્યાર સુધી ચાલતો સ્વાયત્ત અને પ્રજાયત્ત એવો ખાતાંનો વિભાગ બંધ થશે એટલું જ નહિ, પણ શાંતિ અને વ્યવસ્થાનાં ખાતાં –એટલેકે પોલીસ અને ન્યાય–પણ પ્રજાના અધિકારમાં જ રહેશે. રેતીના રણમાં દેખાતી આટલી લીલોતરી પણ કેટલી અને કેવી વાડોથી રૂંધી લીધી છે એ જોઇએ. 'શાંતિ અને વ્યવસ્થા ખાતા'નો મંત્રી સરકારી અમલદાર હોઇ શકે! અને 'સી.આઇ.ડી'ખાતું દિલ્હી સરકારના તાબામાં! ઇન્ડિયન સિવિલ સર્વિસ અને ઇન્ડિયન પોલીસ સર્વિસ હિંદને તાબે નહિ, પણ સેક્રેટરી ઑફ સ્ટેટને તાબે! ખાતાંના મંત્રીઓ સર્વે પ્રજાના પસંદ કરેલા જ ન હોય, પણ એમાં 'ઑફિશ્યલ' યાને સરકારના અમલદાર વર્ગમાંથી પણ નિમાય! અને રાજ્યતંત્ર અવળે માર્ગે જતું હોય તો તેને અટકાવવાની ગવર્નરને સર્વ સત્તા. એ અવળે માર્ગે જાય છે કે કેમ એનો નિર્ણય કરનાર ગવર્નર પોતે એટલેકે એની સિવિલ સર્વિસ!

આનો દુરુપયોગ કેવી રીતે થાય એનું એક ઉદાહરણ આ રિપોર્ટમાંથી જ સૂઝી આવે છે. ગવર્નર પોતાની આપખુદી સત્તા વાપરીને કોઈ પણ કાયદો કે કાનૂન રદ કરી શકે–જો એમાં જણાય કે કોઈ પણ પ્રજાવર્ગને એથી નુકસાન થવા સંભવ છે: અર્થાત, કોઇ કાયદાથી અંગ્રેજોના વહેપારને ધક્કો પહોંચવા સંભવ હોય તો એથી હિંદુસ્તાનને લાભ છે કે હાનિ એ વિચારવાને બદલે એથી અમુક વર્ગને નુકસાન છે કે કેમ એ વિચારવાનું ધોરણ આવે.

આ કમિશનના રિપોર્ટ કરતાં વધારે સાંકડા મનનો લેખ આવે મહાન પ્રસંગે ભાગ્યે જ સંભવી શકે. અને તે છતાં મિસ મેયોની 'હિંદમાતા' જેવા આ નિંદાના સંગ્રહને યુરોપની જુદી જુદી ભાષામાં ઊતરાવવાની સૂચના થઇ છે!"

સ્મરણયાત્રા (અનુસંધાન પાછળ પાન ૨૪૯થી)

પણ જેટલું કહું તેટલું સાચેસાચું જ. એક વખતે કારવારમાં મારા એક દિલોજાન દોસ્ત વિષે કંઇક કહેવાનો પ્રસંગ આવ્યો. હરિ માસ્તરે મને એક મુદ્દાનો સવાલ પૂછ્યો. મારી શાખ વટાવીને જૂઠું બોલવાનું અને સહેજે મિત્રને બચાવવાનું મન થઈ આવ્યું. મનમાં જવાબનું વાક્ય પણ ગોઠવાયું. હિંમત કરી અને શરૂઆત કરવા ગયો ત્યાં હિંમત ભાંગી પડી. અરધોએક ક્ષણ મન સાથે લડ્યો અને સાચેસાચું કહી દીધું. ભલા માસ્તરની દુષ્ટ આંખોએ મારું મનોમંથન બરાબર જોઇ લીધું. તેઓ હસી પડ્યા. મારો માનસિક ગુનો ઉઘાડો પડ્યો. હું શરમાયો, પણ આખરે મારી લાગણી સમજી શિક્ષકે મારા મિત્રને નહિજેવી સજા કરી. તે દિવસથી શિક્ષક આગળ મારી શાખ ઘટવાને બદલે વધી, એ તો હું પાછળથી જોઇ શક્યો.

કૉપી કરવામાં હીચકારાપણું છે એ તો સ્વાભાવિકપણે મારી રગેરગમાં હતું. પણ કૉપી આપવી એમાં તો બહાદુરી છે, દાનશૂરતા છે એમ લાગતું. અને એથી યે વધારે તો, ચોકીદારની આંખે આમતેમ ફરનાર શિક્ષકો સામે વેર વાળવાની એક સરસ તક છે એમ પણ હું માનતો. પણ એ તો બહુ નાનપણની વાત. જરાક મોટો થયો એટલે એ પણ મેં છોડી દીધું હતું. કોઇ છોકરો કૉપી માગે તો બહુ જ સૌમ્ય રીતે હું ના પાડતો. ફરીફરીને અને કરગરીને કૉપી માગે ત્યારે શિક્ષકને કહી દેવાની એને બીક બતાવતો, પણ કોઇ કાળે મેં કોઇને આવી રીતે ઉઘાડા પાડ્યાનું સ્મરણ નથી. માત્ર એક દિવસે આબાદ કૉપી આપ્યાનો દાખલો હજી બરાબર યાદ છે.

ગોખલે માસ્તર નવાસવા બી.એ. પાસ થઇને અમારી નિશાળમાં આવ્યા હતા. એમનું ગોળ માથું, લીંબુ જેવી કાંતિ, ધૂર્ત આંખો, ઠીંગણું શરીર,—બધું જ આકર્ષક હતું. એમના અંગ્રેજીના હાવકા ઉચ્ચારો અને છોકરાઓ પ્રત્યેનો વિવેક એ એમની ખાસિયત હતી. 'ઇડિયા'ને બદલે તેઓ 'ઇડિય' ઉચ્ચાર કરતા. તેઓ હસતાહસતા છોકરાઓને કહેતા કે 'તમારી બધી યુક્તિઓ હું જાણું છું. મને તમે છેતરી ન શકો. હું પણ તમારામાંનો જ એક છું એમ માનજો.' ગોખલે માસ્તર પ્રત્યે અમારો બધાનો સદ્ભાવ ખરો, પણ અમારાથી એ ન છેતરાઈ જાય એનો અર્થ શો?

એ તો વિદ્યાર્થીઓનું હડહડતું અપમાન. શું અમે આટલા મોળા થઇ ગયા ? શિક્ષકોમાં જો આવો આત્મવિશ્વાસ વધવા દઇશું તો જોતજોતામાં એ આપણને પાણી જશે અને પછી તો એમનું રાજ્ય સદાસલામત ચાલશે. ના, આ માસ્તરને તો પહોંચી વળ્યે જ છૂટકો.

અમારી સત્રાંત કે વાર્ષિક પરીક્ષા હશે. શાહપુરની નિશાળમાં અમે અંગ્રેજી બીજી ભણતા. ગોખલે ભૂગોળની પરીક્ષા લેવાના હતા. મને તો પચાસમાંથી પચાસ મળવાના છે એ ખાતરી, પણ આજે ગોખલે માસ્તરને જરૂર છેતરવા એવો મેં મન સાથે સંકલ્પ કર્યો. લેખી પરીક્ષાનો શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને કંટાળો હોય છે, અને જબાની પરીક્ષામાં બધાને સરખા જ અઘરા સવાલો નથી પૂછાતા. આ અગવડને પહોંચી વળવા ગોખલે માસ્તરે એક ઉપાય શોધી કાઢ્યો. પરીક્ષ્ય વિદ્યાર્થી બધાઓને બહાર કાઢ્યા અને એક ઓરડીમાં બેસવાનું કહ્યું. પરીક્ષા માટે જુદી ઓરડી રાખી એમાં એકેક વિદ્યાર્થીને બોલાવે. આ ઓરડી સાથેની વચલી ઓરડી ખાલી રાખેલી, એમાં બીજા નંબરનો વિદ્યાર્થી આવીને બેસે. પહેલાની પરીક્ષા પૂરી થાય એટલે એ બારણું ખોલી નંબર બેને બોલાવે. નં. બે અંદર આવતાં પહેલાં બહારની ઓરડીમાં બેઠેલા નં ત્રણને બૂમ પાડી વચલી ઓરડીમાં આવી બેસવાનું કહે અને પછી પોતે કતલખાનામાં દાખલ થાય. જેની પરીક્ષા થઇ ગઇ તે તો પરીક્ષાની ઓરડીમાં જ આખર સુધી પૂરાઇ રહે. માસ્તરના હાથમાં પચીસ સવાલો લખેલો એક કાગળ હતો. એ જ સવાલ દરેક વિદ્યાર્થીને પૂછે અને દોકડા મૂકતા જાય.

આવા સજ્જ કિલ્લામાંથી ચોરી કરીને પરીક્ષાના સવાલો બહાર ફોડવા એ સહેલી વાત ન હતી. વર્ગના વિદ્યાર્થીઓ કહેવા લાગ્યા કે આપણે હાર્યા છીએ. મેં કહ્યું, 'આમ તો લાજ ન જ ગુમાવાય. હું જઇને સવાલો તમને ચોક્કસ લખી મોકલીશ.' પરીક્ષાની ઓરડી મેડા પર હતી. મેં એક વિદ્યાર્થીને કહ્યું તું બારી નીચે જઇને બેસજે, હું સવાલોનો કાગળ ઉપરથી ફેંકી દઈશ તે ઝટ લઇને ત્યાંથી નાસી જજે. ઊભો રહ્યો તો આપણે બંને માર્યા ગયા જાણજે.

મારો વારો આવ્યો. મેં ઝટઝટ જવાબો આપ્યા અને પચાસમાંથી ૪૮ દોકડા મેળવ્યાનું સમાધાન લઇને એક ખૂણામાં ડેસ્ક આગળ જઇને બેઠો. પછી ગજવામાંથી ત્રણ કાગળ કાઢ્યા. એક કાગળ પર કેટલીક મરાઠી કવિતાઓ લખી, બીજા પર ભૂગોળના સવાલો અને ત્રીજા પર કેટલાક રમૂજી ટુચકા. કવિતાનો કાગળ તો ઢાળિયા (ડેસ્ક) પર જ રાખ્યો. ભૂગોળના સવાલવાળો કાગળ વાળી એની અંદર એક કાંકરો મૂકી એ તૈયાર રાખ્યો. પછી ટુચકાવાળો કાગળ ફાડીને એના નાનાનાના દસબાર ટુકડા કર્યા અને પછી, કાંકરાવાળો કાગળ તેમજ પેલા નાના કકડા હાથમાં લઈ સીધો ચાલતો બારી આગળ ગયો અને બારી બહાર ફેંકી દીધા. શિક્ષકનું ધ્યાન મારી તરફ ન જાય એવું તો હતું જ નહિ. મેં તો શાહુકારની પેઠે સીધા ચાલતા બારી સુધી જઇ કાગળો ફેંક્યા હતા. કાંકરાવાળો કાગળ તો ઝટ નીચે પડી ગયો. પડી ગયો શાનો ? મારા મિત્રે અદ્ધરથી જ ઝીલી લીધો અને ત્યાંથી નાઠો. શિક્ષકને મારી હિંમત જોઇને જ મારા પર શક આણવાનું નહિ રુચ્યું હોય. એક જ ક્ષણ અનિશ્ચિતતામાં ગાળી તેઓ ઝટ ઊઠ્યા. દોડતાદોડતા બારી પાસે આવ્યા ને જુએ છે તો બારીમાંથી કાગળના કકડા નીચે ઊડતા પડે છે. મને પૂછ્યું, 'તેં નીચે શું ફેંક્યું છે ?' મેં કહ્યું, 'નકામા કાગળના કકડા.' બારી આગળ ધ્યાન રાખી એમણે ઢાળિયા પરનો મારો કાગળ જોયો. એના પર તો મરાઠી કવિતા જ હતી, એટલે શંકાનિવૃત્તિ થઈ. છતાં ઔરંગઝેબ કંઈ વિશ્વાસથી ચાલે ? માસ્તરે પોતે બારીમાં જ ઊભા રહી વર્ગના મૉનીટરને નીચે મોકલ્યો અને પડેલા બધા કાગળોના કકડા ભેગા કરી આણવાનું કહ્યું. મૉનીટરને દોડતા જઇ દોડતા આવવાનું કહેતાં તેઓ ભૂલ્યા નહોતા; કેમકે રસ્તામાં એ જ સવાલો કદી દે તો ?

મૉનીટર ગયો. બધા કકડા વીણી લાવ્યો. શિક્ષકે કંઇક પ્રયાસથી એ બધા કકડાના આકાર તપાસી તપાસીને મેજ પર ગોઠવ્યા ને વાંચી જોયું તો એના પર રમૂજી ટુચકા સિવાય કશું હતું નહિ. એમણે મને એટલું કહ્યું, 'ફરી કાગળ ફેંકીશ નહિ. જો કેટલો વખત નકામો ગયો.' મેં પણ ડાહ્યા થઇને કહ્યું, 'હા જી.'

પછી જેમજેમ વિદ્યાર્થીઓ આવવા લાગ્યા તેમ તેમ તેમના સવાલોના જવાબ સાચા પડવા લાગ્યા. શિક્ષકને શક ગયો. દરેક આવનાર વિદ્યાર્થીને પૂછવા

લાગ્યા કે સવાલો બહાર ફૂટ્યા છે? પણ કબૂલ કોણ કરે? બાબરે 'પડતે' નામનો એક છોકરો આવ્યો. અમારા વર્ગના એ ઠોઠ નિશાળીઓ. એ તો એકેય વિષયમાં પાસ ન થાય, એટલે એને કોઇએ સવાલો કહ્યા ન હતા. પોતાનો આવો બહિષ્કાર એને બહુ સાલ્યો. એને જ્યારે શિક્ષકે પૂછ્યું, 'કેમ નારાયણ, સવાલો બહાર ફૂટ્યા છે?' એણે કહ્યું, 'હા જી.' હું તો બેઠેલે ઠેકાણે ઓગળી જ ગયો! પગમાં પહેરેલા બૂટ પણ ભારે થઈ ગયા. છાતી પણ ધડકવા લાગી. અત્યાર સુધીની શાખ ધૂળમાં મળશે. ગોખલે માસ્તર ઘણીવાર મારા ભાઇને મળે એટલે આબરૂનું નિશાળમાં જ નહિ, પરંતુ ઘરમાં પણ દેવાળું નીકળવાનું! મને ક્યાંથી એ કુબુદ્ધિ સૂઝી? ગયું, બધું ગયું. હવે ગમે તેટલો સાચો થઇશ તો યે ડાઘો કાયમને માટે રહેવાનો. ક્યાં આ શિક્ષકની ઇર્ષ્યા કરવા ગયો!

ઇશ્વરને ઘેર કેવો કાયદો છે એ જણાતું નથી. કોઇક વખતે ઘણા અપરાધ કર્યા છતાં માણસને સજા થતી જ નથી. એ અપરાધમાં વધ્યે જ જાય છે અને છેલ્લી ઘડીએ અપરાધનું સાટું વળાય છે. કેટલીક વાર પહેલી ઘડીએ જ એવી તો સખત સજા થાય છે કે ફરી એ અપરાધ કરવાનું નામ જ ભૂલી જાય છે. આને હું ઇશ્વરની કઠોર કૃપા કહું છું. કોઇક વાર માણસનો પશ્ચાત્તાપ એ જ એને પુરતી સજા છે એમ સમજી ઇશ્વર એને બચાવી લે છે. આ છેલ્લો પ્રસંગ મહા કઠિન. બચી જવામાં જો એ ઇશ્વરની દયા ઓળખી શકે તો ફરી ગુનો ન કરે. પણ જો બચી જવામાં પોતાના ભાગ્યની જ મહત્તા ગણે અથવા નીતિના નિયમની શિથિલતાનું અનુમાન કરે તો તો એ વધારે ને વધારે અંધારા ખાડામાં ડૂબી જવાનો. ઇશ્વર ગમે તે નીતિ અખત્યાર કરે તો યે ઇશ્વર ન્યાયી છે તેથી જ દયાળુ છે અને એને સુનીતિ પ્રિય છે એટલું જો આપણે ધ્યાનમાં રાખીએ અને એ વિચારને જ દૃઢતાથી વળગી રહીએ તો જ આપણે બચી જવાના.

પડતેને શિક્ષકે પૂછ્યું કે 'જવાબો ક્યાંથી બહાર પડ્યા?' એણે કહ્યું, 'મૉનીટર પટવેકરે ફલાણા ભાઇને કહ્યું, ફલાણાએ ઢીંકણાભાઇને કહ્યું, એમ સવાલો બધે ફેલાઇ ગયા છે. મને કોઇએ કહ્યું નહિ; મારો બધાએ બહિષ્કાર કર્યો છે.'

કમબખ્ત મૉનીટરે બારણું ખોલતાં એકબે સવાલો હળવેથી કહી દીધા હતા ને મારા કાગળો લાવવા નીચે

(અનુસંધાન જોડેના કોલમના છેડેથી)

જ્ઞાનલીલા

વૈશાખની જ્ઞાનલીલા તદ્દન સાચી કોઇની નથી; તેથી સૌથી ઓછી ભૂલ કરનાર ભાઈ જયંતિલાલ વખારીઆ–સુરત ઇનામને લાયક ઠરે છે. ખરા જવાબો નીચે મુજબ:

(૧) ગણિત-ગમ્મત:

(૧) ૮૪ ખુરશી—૨૦૫ ૪/૫ રૂા.
૩૨ ટેબલ—૧૬૧ ૭/૧૦ રૂા.
૩૦ કબાટ—૩૬૭ ૧/૫ રૂા.
૭૩૫ રૂા.

(૨) અંક-ગોઠવણ: ૧૯ ૧/૨

(૨) એ શું? સવાર

(૩) ગોઠવી આપો:


(૧) (અ) મારા કેસરભીના કંથ હો સીધાવોજી રણવાટ
(બ) રણ તો ધીરાનું ધીરાનું

(૨) અમૃતલાલ શેઠ, ફુલચંદભાઇ, મણિલાલ કોઠારી, વલ્લભભાઇ અને જવાહરલાલ.


(૪) શબ્દ-ગોઠવણ: નીચે મુજબ:

		સ	રિ	તા		
		યો	જ	ન		
અ	ધ	મ	ફે	ત	મા	શા
આ	હા	ર		પ્ર	હ	ર
લ	વીં	ગ	ર	જ	કા	ત
		બિ	હા	ર		
		ન	ફે	ટ		

(૫) ચિત્ર પ્રશ્ન: નીચેની આકૃતિ ૧માં બતાવ્યા મુજબ બે સીધા કાપ મૂકવાથી ચાર કટકા પડશે. પછી



આકૃતિ ૧



ડાબી બાજુની આકૃતિમાં બતાવ્યા મુજબ ગોઠવવાથી સમચોરસ બનશે.

ગએલો ત્યારે પણ એકબે કહી દીધેલા. એની દુર્બુદ્ધિની ઢાલ પાછળ હું બચી ગયો. બચી ગયો એટલેકે શિક્ષક આગળ ઉઘાડો ન પડ્યો. વર્ગમાં કોઇની સાથે મારે દુશ્મનાઇ ન હતી, એટલે મારૂં નામ બહાર ન આવ્યું.

વર્ગના છોકરાઓ તો એ પ્રસંગ ભૂલી પણ ગયા હશે, પણ એ છેલ્લી ચારપાંચ ક્ષણમાં મેં જે માનસિક વેદના વેઠી છે અને મારી જાતને જે શિખામણ આપી છે તે તો મારા જીવનના કિંમતી પ્રસંગ તરીકે યાદગાર રહેશે. એ હું કદી નહિ ભૂલી શકું?

જેને મેં સવાલનો કાગળ આપ્યો હતો એ વણકરનો છોકરો હતો. એણે મને સૂતરના પડીકાની બે બાજુ વપરાતાં જાડાં પૂંઠામાંથી એક સરસ પૂંઠું ભેટ દાખલ આપી દીધું. કેટલાં ય વરસ સુધી એ પૂંઠું મારી પાસે હતું અને દરેક વખતે તે દિવસની વાતનું મને સ્મરણ કરાવતું. **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

નીચે આપેલા નવા સવાલોના જવાબ કુમાર કાર્યાલયમાં ઑગસ્ટની પંદરમી તારીખ પહેલાં પહોંચી જવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: 'લ્યો, આ તપેલી ભરાઇ ગઈ. લાવો પૈસા.' ઘીવાળો દુકાનદાર દાદાજી સામું જોઇ બોલ્યો. દાદાજીએ પૈસા આપ્યા અને પછી જરા કટાણું મોં કરી બોલ્યા, 'ભાઇ, હવે તો મોંઘવારી ગજબની થઇ ગઇ છે. આ તપેલી આજના કરતાં પાંચ રૂપિયા ઓછા ખરચવાથી ભરાઇ જતી એ જમાનો મને યાદ છે. મેં તમને જેટલા પૈસા આપ્યા તેથી ત્રીજા ભાગના ઓછા પૈસા વડે, તમે મને જેટલું ઘી આપ્યું તેના ત્રીજા ભાગનું વધારે ઘી તે વખતે મળી શકતું. એ સોંઘવારી ફરી ક્યારે આવશે?' એમ કહી દાદાજીએ તપેલી ઉપાડી ને ચાલતા થયા. દાદાજીએ કહેલી આ હકીકત ઉપરથી તમે કહી શકશો, કે સોંઘવારીના વખતમાં તેમને તપેલી ભરીને ઘીના કેટલા પૈસા આપવા પડતા હશે ને હાલ તેમણે વેપારીને કેટલા પૈસા આપ્યા હશે?

(૨) એ શું? (૧) આપણી એવી કઇ નદી છે જેની [અં]દર જમીન ઉપર વસનારૂં એક પ્રાણી છુપાઈ રહે છે? [(૨]) આપણો એવો કયો પર્વત છે જેની અંદર એક જાતિ [ત]યા તે જાતિના દેવ સમ થઇ ગએલા રાજાનો એક પુત્ર છુપાઇ રહે છે? (૩) સત્યાગ્રહથી પ્રખ્યાત થએલું એવું કયું હિંદનું શહેર છે કે જેમાં એક ભયંકર પ્રાણી સંતાઇ રહે છે?


(૩) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં સૂચના પ્રમાણે શબ્દો ભરી કાઢવાના છે. જ્યારે બધા શબ્દો સાચા ગોઠવાઇ જશે ત્યારે ચોકડીથી બતાવેલી પહેલી હારમાં સત્યાગ્રહના મોરચાનું એક મથક તથા બીજી હારમાં દેશને માટે પ્રાણ આપનાર એક શહીદનું નામ આવી જશે. ઉપરનો ચોરસ: પહેલો શબ્દ=યુક્તિ; બીજો શબ્દ=ગુજરાતનું એક શહેર; ત્રીજો શબ્દ =મુખ્ય સ્થળ. ડાબી બાજુનો ચોરસ: પહેલો શબ્દ=નીચ; બીજો શબ્દ=ગરીબ; ત્રીજો શબ્દ =શરીરનો એક ભાગ. જમણી બાજુનો ચોરસ: પહેલો શબ્દ દેવું; બીજો શબ્દ=શાહ જેવી તે; ત્રીજો શબ્દ=કિસ્મત. નીચેનો ચોરસ: પહેલો શબ્દ=કાવ્ય; બીજો શબ્દ=એક પ્રકારનો ખેલાડી; ત્રીજો શબ્દ=એક સંખ્યા.

```
    . . *
    . * .
. . * . . . *
. * .   . * .
* . . . * . .
    . * .
    * . .
```

(૪) શબ્દ-ફેરવણી: બાજુની આકૃતિમાં પહેલા ખાનામાં 'કરાડી' શબ્દ આપેલો છે. તેમાંનો માત્ર એક જ અક્ષર બદલી, બીજા અક્ષરોને એમની જગ્યાએ જ રહેવા દઇ જે શબ્દ બને તે બીજા ખાનામાં મૂકો. આમ માત્ર એકેક ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'રહેમાન' લાવી દો.

ક	રા	ડી
રહે	મા	ન

(૫) શબ્દ-સાંકળી: નીચેના અર્થવાળા સાત શબ્દો એવા શોધી કાઢો કે જેમાં પછીના દરેક શબ્દ તેની પહેલાના શબ્દના છેલ્લા બે અક્ષરથી શરૂ થતો હોય. (દાખલા તરીકે: કાતર, તરત, રતવા વગેરે) (૧) ખોરાકમાં વપરાતી એક વસ્તુ (૨) એક કારીગર (૩) જૂના વખતનો એક રાજા (૪) લડાઇનું ક્ષેત્ર (૫) રાક્ષસ (૬) નવીન (૭) ચંચળ.



(૬) બાજુએ બતાવેલી આકૃતિના ઓછામાં ઓછા કેટલા ટુકડા ગોઠવીને તમે એક સમચોરસ બનાવી શકશો?

ના ન કડો બા ળ વિ ભા ગ



દોઢડાહ્યો વાંદરો

લંડનના બંદરના કાયદાઓમાં એવો એક કાયદો છે કે જેની રૂએ ત્યાં લાંગરેલા કોઈ પણ વહાણમાં બંદૂક કે તોપ ફોડવામાં આવે તો તેના માલિકને ભારે દંડ આપવો પડે.


એક વખત એક લડાયક વહાણ લાંબી મુસાફરીએથી લંડન આવી પહોંચ્યું. સફર દરમ્યાન તે કેટલેક બંદરે થોભ્યું હતું અને તે દરેક બંદરે લંગર નાખતી વખતે સલામીની તોપ ફોડવામાં આવી હતી.

વહાણમાં એક વાંદરો હતો. વહાણ લંડન આવ્યું, પણ લાંગરતી વખતે તોપનો અવાજ સંભળાયો નહિ તેથી એ વાંદરો અત્યંત આશ્ચર્ય પામ્યો. તેને લાગ્યું કે બંદર આવે અને તોપનો ધડાકો સાંભળવાની મજા ન મળે તો તો ભારે ખોટ જાય તેથી તેણે નક્કી કર્યું કે કોઇ તોપ ન ફોડે તો લાવને હું જ ફોડું!

એમ વિચારીને તે રસોડામાં ગયો અને ચિપિયા વતી એક સળગતો કોલસો ઉપાડી લાવી તોપના કાન ઉપર મૂક્યો. બીજી જ પળે તોપનો ધડાકો સાંભળી આખું બંદર સડક થઇ ગયું!

વહાણના કપ્તાન ઉપર બંદરના કાયદાનો ભંગ કરવા સબબ કામ ચલાવવામાં આવ્યું; અને જ્યારે ખરી હકીકત રજુ કરીને તે સાબિત કરી શક્યો કે તોપ તો વાંદરે ફોડી હતી ત્યારે જ તેનો છુટકો થયો.

શા. લ. આલમિયાં



પૂર્વ આફ્રિકાનો પ્રવાસ

૮ બુકોબા–માંઝા

બુકોબા ત્રણ વરસથી ફરી વસ્યું છે. સરકારે ફરજિયાત વસાવડાવ્યું છે. જૂનું ગામ સરોવરની નજીક હતું. આ સહેજ દૂર થયું છે. નવા ગામની બાંધણી સાદી સુંદર અને સ્વચ્છ છે. લોકોને તાત્કાલિક પૈસા કાઢવા વસમા લાગ્યા, પણ અનેક રોગમાંથી તેઓ બચી ગયા. રસ્તા એંશી ફીટ પહોળા રાખ્યા છે. આપણે ત્યાં બધાં જ ગામડાં વીંખી ફરીવાર બંધાવવાની જરૂર છે. ખેડુતોનું લોહી ચૂસનારી મહાન આફત દૂર થાય અને આપણું રાજ થાય એટલી વાર છે.

બુકોબા આગળ સરોવર રુદ્ર રૂપ ધારણ કરે છે. સાગર જેવાં મોજાં, સાગર જેવી રેતી. સાગરની ઉદારતા સાથે મિઠાશ ભળવાથી સરોવર માનવસમાજને પ્રિય થઇ પડયું છે.

બુકોબામાં મુખ્ય વેપાર કૉફીનો છે. આ વરસે બ્રાઝીલમાં ખૂબ કૉફી થવાથી ભાવ બેસી ગયા છે. વેપારીઓ હાથ જોડીને બેઠા હતા. અમે વળતાં ફાળો કરવાનું ઠરાવી માંઝા ચાલ્યા.

મીઠા પાણીના પ્રતાપે સ્ટીમરમાં મચ્છરનો ઉપદ્રવ ખૂબ છે! વરસાદને લઇને ડેક ઉપર તાડપત્રીનો 'ઘૂંઘટ દેરા' કરીને સૂવું પડે છે. તબિયત લથડવાની બીકે આજ આટલી મુસાફરી પછી અમે બીજા વર્ગની ટિકિટ કપાવી!

માંઝાના વેપારની સ્થિતિ બુકોબા જેવી જ હતી એટલે માંઝા જતાં અમારો પગ ભારે થયો હતો. પણ સ્ટીમર પર ચડયા ત્યાં અરજન્ટ તાર મળ્યો: 'ઘણા રાજી થયા છીએ, ખુશીથી પધારો.' અમારી

રાત સુખરૂપ વીતી. એક રાતમાં સ્ટીમર લાગી નહિ. મીઠા પાણીને લીધે ફેર નહિ ચડતા હોય એમ લાગ્યું. સવારમાં દસ વાગ્યે અમે ઊતરવા માટે તૈયાર થઇ ગયા.

નાનીમોટી ટેકરીઓની છાયામાંથી પસાર થતી સ્ટીમર એકાએક ધીમી પડી. ડેક પર ચડીને જોયું તો સામે આંબા–ગુલમોરની કુંજમાં ડોકિયાં કરતું માંઝા દેખાયું. સ્ટીમરે લંગર નાખ્યું ત્યારે અમારી નજર મહેમાનોને લેવા આવેલા મંડળ તરફ હતી. બે શુદ્ધ ખાદીધારી સજ્જનોએ અમને જોઇ મૃદુ હાસ્ય કર્યું. એ અજાણ્યા ગૃહસ્થોની હસતી આંખોમાં રહેલી પરિચિત લાગણી અમે પારખી લીધી. પાસપોર્ટની વિધિ પતાવી નીચે ઊતર્યા.

જૂના દોસ્તો મળે તેમ કાસમભાઇ અને જુમ્મા-ભાઈ મળ્યા. કાસમ કું. એટલે આ બે ભાઇઓ. બોહરા ગૃહસ્થ છે. ઘરમાં ગાદલાંના ખોળિયાંથી માંડીને કોટ પાટલૂન સુધી વિશુદ્ધ ખાદી વાપરે છે. જંગબાર છોડ્યા પછી આટલે દિવસે આવા ખાદી ધારી બિરાદરો મળતાં ખૂબ હર્ષ થયો. નવજીવનના નિયમિત વાચક છે. હિંદથી આવતા દરેક પ્રતિનિધિનો ઉતારો બનતાં સુધી એમને ત્યાં જ હોય. હમણાં સરગૂજાના મહારાજા આવેલા. સાથે રસાલો. વરસાદના હેરાન થઈ માંઝા માંડ પહોંચ્યા. જુમ્માભાઇએ એમને આશરો આપ્યો. સ્થાનિક શાળાની મુલાકાત કરાવી સારી રકમ લીધી.

જુમ્માભાઈ પડદા પાછળ રહી કામ કરે છે. અમારૂં કામ જરા ધમાલિયો માણસ મળે તો ઝડપથી ચાલે. મોસમ નહોતી; વેપાર મંદ હતા; આવા ફાળામાં સાથે ચાલનાર પટેલ બૅરિસ્ટરે ઘસીને ના પાડી દીધી હતી; છતાં જુમ્માભાઇએ કુશળતાથી અમારૂં કામ પાર ચડાવી દીધું, ને તે પણ પ્રત્યક્ષ રહીને નહિ !

કાસમભાઇ પોરબંદર પરિષદ વખતે હાજર હતા. એમણે મને અનેકવાર જોએલો. એટલે એમની સાથે મન મળે એ તો સ્વાભાવિક હતું, પરંતુ જુમ્માભાઇએ પણ પોતાની હમેશની રીત મુજબ ચાર દિવસમાં મને પોતાનો કરી લીધો. પોતાનો અંગત પત્રવ્યવહાર મારા ખોળામાં મૂક્યો. સંતાનોને કેળવવાની કાળજી અને ગમે તે ભોગે ધર્મપત્નીને પોતાની જોડીદાર બનાવવાની તેમની ધગશ એમાં સ્પષ્ટ જણાતાં હતાં. છતાં પોતે કાંઇ કરી શકતા નથી એનો અસંતોષ સદાય રહ્યા કરે છે. બનતી સાદાઇથી રહેવા પ્રયત્ન કરે છે. માણસનું માપ એના મિત્રો ઉપરથી નીકળી શકે છે. જુમ્માભાઇને કોઇ સ્થાનિક મિત્ર નથી, પત્રવ્યવહાર દ્વારા ગુજરાતની સારીસારી વ્યક્તિઓ સાથે એમણે સંબંધ બાંધ્યો છે. સાધારણ રીતે શેઠ શાહુકારો તરફ મને બહુ પ્રેમ નથી થતો, એટલે આવા માયાળુ ભાઇ મળી જાય ત્યારે ઘણો આનંદ થાય છે.

છેલ્લે દિવસે સાંજે અમે માંઝા જોવા નીકળ્યા. સડકને બંને પડખે જામેલી આંબા-ગુલમોરની ઘટા; હરિયાળા ખડકને ખોળામાં લઇને બેઠેલું વિક્ટોરિયા સરોવર; ત્રણ તરફ ફરતી પહાડી. એ પહાડો કેનિયા યુગાન્ડા જેવા માટીના નથી. અહીં તો જબરજસ્ત શિલાઓ પડી છે. એક ભયંકર શિલા માત્ર અડી રહી છે. એવી રીતે તોળાઇ રહી છે કે જાણે હમણાં પવનને સપાટે દડી પડશે; પણ વરસો થયાં એ ઊભી છે. લડાઈના વખતમાં એના ઉપર નીસરણી માંડી ચાડીઓ બેસાડતા. માંઝાનું બંદર રળિયામણું છે. સ્ટેશન હમણાં જ બંધાયું છે. માંઝાથી ટાંગાનિકા રેલવે શરૂ થાય છે. ઠેઠ દારેસલામ સુધી જાય છે.

બંદર, સ્મશાન, માર્કેટ એમ ફરનાફરતા જુમ્મા-ભાઇ પોતાને શાંબે લઇ ગયા. શાંબો છે તો સાવ નાનકડો, પણ શાકપાંદડું ને ફળફૂલ ઘણી જાતનાં થાય છે. નમૂનાનું પ્રદર્શન કર્યું હોય એમ લાગે. માંઝાની કેરી મોટી અને રસદાર. મિઠાશ પણ એવી જ. ઠેઠ મોંબાસા–દારેસલામ સુધી પહોંચે છે.

સોમવારે સાંજે માંઝા છોડ્યું.

પાછા બુકોબા થઇને કંપાલા જવાનું હતું. એ જ સરોવર અને એવી જ નાની મચ્છરિયા સ્ટીમરમાં જવાનું હતું. બીજા વર્ગમાં જગ્યા ન મળી. એક રાત ગાળવાની હતી. તાડપત્રીના 'ઘૂંઘટ દેરા'માં અમે મૂંઝાઇ મરીએ તેમ હતું. ખુલ્લામાં સૂતા. બે ધાબળાની સોડ તાંણી. નીચે છાયાનો લઠ ધાબળો; ઉપર રાનીપરજનો ગોદડા જેવો કામળો. ટાઢ આંટા મારવા માંડી.

રાતમાં સ્ટીમર ડોલવા લાગી. બે અઢી વાગ્યા હશે. વીજળીના ચમકારા ને વાદળાંના ગડેડાટ શરૂ થયા. મોજાં ભયંકર હતાં ને ચોમેર ઘોર અંધારૂં. એમાં વરસાદ તૂટી પડ્યો. અમે હાર્યાં, નીચે ઊતર્યાં. ગોઆ ક્લાર્કની સિફારસથી બીજા વર્ગના ડેક પર સૂઇ રહ્યા.

સવારે સાડા બારે બુકોબા આવ્યું. પહેલો મછવો ટપાલ લઇ ગયો ત્યાં સુધી બધું શાંત હતું. બીજો મછવો આવ્યો અને ખળભળાટ શરૂ થયો. મછવાને સ્ટીમર પાસે આવવા જ ન દે. દોરડું નાખે ત્યાં મછવાને ઉડાડીને દૂર ફેંકી દે. સ્ત્રીઓને તો તેડીતેડીને બેસાડવી પડી. છોકરાં રાડારાડ નાખે. અમે માંડ ઊતર્યાં. ટાંગાનિકા જનરલ એજન્સી વાળા ભાઇઓ સામા આવ્યા હતા. બંદર ઉપર જ બુકોબાની વિષમ સ્થિતિનું વર્ણન કરી બતાવ્યું. જમી કારવીને અમે સ્ટીમર ઉપર ચડી ગયા. શ્રી શાહ ને રાવજીભાઇ ઓછાઓછા થઇ ગયા. એમનો અંત્યજપ્રેમ અમે જોઈ શક્યા હતા, પણ તેઓ નિરૂપાય હતા. ૫૧ શિલિંગ આપી પોતાની લાગણી વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. ફરી બે માસ પછી વખત હોય તો આવવા આગ્રહ કર્યો.

સ્ટીમરમાં અમારી સાથે સરગૂજાના રાજા હતા. કાસમભાઇને ત્યાં સાથે જમેલા એટલે ઓળખાણ તો હતી જ. રાજાઓ બહાર નીકળે છે ત્યારે નમ્ર થઇ જતા લાગે છે. કહો કે માણસની હારમાં આવી જાય છે. અમે ઊભા હોઇએ ત્યાં આવી વાતે વળગે. ખૂબ વાતો કરી. અમને કહે, 'તમે રાજાઓ પાસેથી પૈસા કેમ નથી લેતા? મહાત્માજીકી બાત તો સબ રાજા માનતે હૈ.' એ મહાપુરુષનાં ખૂબ ગુણગાન ગાયાં. એમનો એક ભાણેજ તો પરાણે વહાલો થવા આવે. નાના રાજ્યનો કુંવર હતો. મેં વાતવાતમાં કહ્યું, 'આપ સમઝેંગે તો ઠીક હૈ નહિ તો સમઝના પડેગા.' 'હા જી, યે તો બરાબર હૈ. હમ લોગ નહિ સુધરેંગે તો પ્રજા કાનપકડ કર સીધા કરેંગી.' રાજાઓ આટલી સરળતાથી દેશમાં રૈયત સાથે વર્તતા હોય તો કેવું સારું?

એને વીસ લાખની આમદાની છે. અમે માગણી કરી તો કહે 'સફરમેં લાચાર હૈ. મહાત્માજી કો વહાંસે ભેજેંગે.' કાંઇ એમ પૈસા છૂટે?

બીજે દિવસે સવારમાં બુકાકાટા આવ્યું. બુકાકાટા અરણ્ય જેવું છે. ત્યાંથી મસાકા ચોવીસ માઇલ થાય. બેત્રણ ક્લાર્કનાં ઘર છે. બાકી તો સરોવરમાં મૌન ધારીને બેઠેલા પહાડ.

એક દિવસ મસાકા રોકાઇ કંપાલા ઉપડ્યા. મોટરમાં બેસતાં જ તાવ ચડ્યો. આટલા દિવસે પહેલી મુલાકાત લીધી. આખે રસ્તે રહ્યો. સાંજે કંપાલા પહોંચ્યા ત્યારે ઊતરી ગયો.

• યુગાન્ડાનાં ગામડાંમાં

સત્તાશી માઇલની મુસાફરી કરી, રજભર્યે લૂગડે શ્રી ધોળકિયાને ઘેર પહોંચ્યા. અમે જંગબાર હતા ત્યારે હીરાલાલ જોષી ઉપર એમણે પત્ર લખેલો: 'એ ભાઇઓ કંપાલામાં મારે ત્યાં જ ઊતરશે ને?' બાકી આંખની ઓળખાણ નહોતી, ભલામણનો પત્ર નહોતો, અગાઉથી જણાવ્યું નહોતું. સીધા જઇને બિસ્ત્રા મૂક્યા. શ્રી ધોળકિયા ફરવા ગયા હતા. અમારો આધાર માત્ર સામે લટકતી ગાંધીજીની છબી હતી. બરાબર દોઢ કલાકની તપશ્ચર્યા પછી શ્રી ધોળકિયા આવ્યા. ગંભીર મુદ્રા રાખી પૂછવા લાગ્યા, 'ક્યાંથી આવો છો?' 'મસાકાથી.' 'કેવા છો?' 'બ્રાહ્મણ.' મારે મન નિરાંત હતી. ધોળકિયા વિચારમાં પડ્યા. મારા સીધા જવાબ-



ગ્રંથમહિમા

પ્રાચીન કાળમાં મહાપુરુષોની પ્રેરણા ઝીલવા માટે, તેમનાં શ્રીમુખનાં પ્રવચનો સાંભળવા તેમની પાસે ગમે તેટલે દૂર જવું પડતું. પણ છાપકળાની શોધથી હવે વચનામૃતો પોતે પ્રેરણા આપવા આપણી સમક્ષ હાજર થાય છે છતાં આપણે બેપરવા રહીએ છીએ, કારણકે આપણે ગ્રંથમહિમા સમજતા નથી. વખત ગાળવા માટે વાંચનારા આજકાલ ખૂબ વધ્યા છે તેથી વર્ષો પછી યે તેઓ 'ગજરામારૂ' કે 'બારીસ્ટરની બૈરી'થી આગળ વધી શકતા નથી. આપણા કવિઓને પણ કોયલ કબુતર અને કાનખજુરા સિવાય બીજા વિષયો પર કવિતા કરવી સૂઝતી નથી, કારણકે ગ્રંથોના નિત્ય સહવાસથી તેઓ પોતાની બુદ્ધિને જે નવી દૃષ્ટિ ને નવી પ્રેરણા આપવી જોઇએ તે આપી શકતા નથી. હાઇસ્કૂલ કૉલેજના શિક્ષણ કરતાં યે ઉત્તમ ગ્રંથોનો નિત્ય સહવાસ વધુ ફળદાયી છે. વાંચનાર માત્ર પોતાના વાંચનમાં પ્રગતિ કરતો રહે, વાર્તા, નવલકથા, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન, વિજ્ઞાનની વાતો, કાવ્ય . . એમ ઉત્તરોત્તર પોતાના વાંચનનું ક્ષેત્ર વિસ્તારતો જાય તો દિનપ્રતિદિન તેની બુદ્ધિ ખીલતી જાય, દૃષ્ટિ વિશાળ થાય, વિવેકબુદ્ધિ તીક્ષ્ણ થાય ને વાણીમાં સચોટતા આવે. આવો ગ્રંથમહિમા સમજનાર તે સૌ ગ્રંથમંદિરો સ્થાપશે અને ગ્રંથોનો નિત્ય સહવાસ રાખશે તો સદા પ્રસન્નચિત્ત, સહિષ્ણુ ને પરગજુ રહી શકશે. (સૌરાષ્ટ્રમિત્ર)

થી મૂંઝાયા. આખરે છેલ્લું શસ્ત્ર છોડ્યું, 'આપનું નામ?'

'ભાઇનું નામ રામજીભાઇ, મારૂં રામનારાયણ.'

બીજી જ ક્ષણે ઘોળકિયાના ખડખડાટ હાસ્યથી ઓરડો ગાજી રહ્યો: 'ભલા માણસ! અગાઉથી જણાવવું તો હતું! હું કેટલાયે દિવસથી રાહ જોતો હતો. મને એમ કે એ મોટા માણસો મારે ઘેર નહિ ઊતરે!'

બસ, પછી અમારી લગામ અમે ઘોળકિયાને સોંપી દીધી.

યુગાન્ડામાં કંપાલા એક જ શહેર ગણાય. જીંજા વેપારના મથકને કારણે અને મોટી પેઢીઓને લીધે પ્રખ્યાત થયું છે, પણ એના દીદાર શહેર જેવા નથી. અમે તળ કંપાલામાં રહી શનિ-રવિની રજામાં ગામડાંઓમાં ફરવાનું ઠરાવ્યું.

પહેલો વારો આવ્યો બૉમ્બોનો. કંપાલાથી ચોવીસ માઇલ થાય. પાંચ વરસ પહેલાં બૉમ્બોમાં પંદર-વીસ દુકાનો હતી, ત્યાં આજે એંશી વેપારીઓ બેસી ગયા છે. ઘરાક તો એના એ જ. આવક વહેંચાઇ જવાને કારણે વેપાર ભાંગી પડ્યો. એમાં વરસ નબળાં આવવા માંડ્યાં, દેશ જેવી સ્થિતિ થતી જાય છે. દર પખવાડિયે આવતા પાંચસો માણસો જાય ક્યાં? નોકરી ન જડે તો કે કર દુકાન! માલ તો ગમે તેને નેવું દિવસની હૂંડી પર મળી શકે. આ સ્થિતિમાંથી ઉગરવાનો સમજુ લોક વિચાર કરે છે. આવનાર વિચાર કરે તો કેવું સારૂં?

બૉમ્બોથી ચાલ્યા કરૂડે. રસ્તામાં હારબંધ બાંધેલા જુમ્બા (કૂબા) આવ્યા. એ લશ્કરી છાવણી હતી. શરૂઆતમાં પંજાબીઓને રાખેલા. ધીરેધીરે અહીંના વતની કેળવાતા ગયા તેમ પંજાબીઓ ઓછા કરી નાખ્યા. ખાસ કરીને બૉમ્બો છાવણીમાં નૂબીને રાખવામાં આવે છે. નૂબી ઝનુની ને લડાયક કોમ છે. શરીરનો બાંધો મજબૂત પડછંદ છે. નૂબી સ્ત્રીઓ તેજ ગણાય છે. બદદાનતથી પડખે ચડનાર જાન ખોઇ બેસે. આફ્રિકાના લોકોને ઇશ્વરે દેશ આપ્યો પણ વાળ ફળદ્રુપ ન આપ્યા. સ્ત્રી પુરુષ કોઈને વાળ ન ઊગે. અરધા ગૂંચળિયા હોય એ કાંઇ વાળ ન ગણાય. પરંતુ નૂબી સ્ત્રીઓને એની બહાદુરીના શિરપાવ તરીકે ચોટિયાં રાખી શકાય એટલા વાળ આપ્યા છે. નૂબીનાં ચોટિયાં જોઇ બીજા લોકોને થતું હશે કે ઇશ્વર પણ પક્ષપાતી છે! છાવણીની ચોખ્ખાઇ જોઈ દંગ થઈ જઇએ. હથેળી જેવાં આંગણાં રાખે છે. એની નકલ જંગલમાં રહેનાર પણ કરે છે. સડકને કાંઠે જુમ્બો હોય તો સડકથી જુમ્બા સુધી મજાનો ચોક કંડારેલો હોય છે. ચારે તરફ કેળ ને વચમાં જુમ્બો. એકાદ કટકામાં કપાસ, એકાદમાં મોગો. કરૂડેથી બોવા ગયા. બોવામાં બે દુકાન અને એક જીનેરી. નાની નાની તકરારો પતાવવા સાટે સ્થાનિક ન્યાયમંદિર (ચોરો) હતું. અમુક માઇલ સુધી બોવા ગામ ગણાય. એમાં છૂટાછૂટા જુમ્બા કરી સૌ વસેલા. અમારે મન ગામ એટલે આ બે દુકાન અને મુખીનો ઉતારો. મુખી-પોલીસ પટેલ આફ્રિકાવાસી હોય છે. જૂની રીતે ન્યાય ચૂકવે છે. બાસઠ માઇલની મુસાફરી કરી, સમયના પ્રમાણમાં શિલિંગનો ભાર ભરી રાત્રે પાછા ફર્યા.

બીજો શનિવાર આવ્યો. આ વખતે લાંબી સફર કરવાની હતી. કંપાલાથી ચાર મોટી સફર: મસાકા થઇ મ્બરારા ૧૭૮ માઇલ; મબેન્ડે થઇ ફૉર્ટ પોર્ટલ ૨૦૮; હોઇમા થઇ મસિંડી પોર્ટ ૧૯૧; જીંજા થઇ મબાલે ૧૭૯. યુગાન્ડાના રસ્તા જગતભરમાં વખણાય છે. નથી ડામર પાથરવો પડ્યો કે નથી ગિફી ઘરબની પડી. ચીકણી માટી હોવાથી મોટરો ચાલીચાલીને ચકચકિત આરસ જેવા રસ્તા બની ગયા છે. શરૂઆતમાં મુશ્કેલી પડતી, પણ હવે બહુ મજાના થઇ ગયા છે. એક દિવસમાં બસો માઇલ જઇ આવવું અહીં રમત વાત. જ્યારે કેનિયા ટાંગાનિકાના કાદવિયા રસ્તા પર સો માઇલ જવાની કોઇ હિંમત ન કરે. ડુંગરાળ પ્રદેશ હોવાથી રસ્તા ભયંકર વાંક વળે છે જરાક સરતચૂક થઇ કે સો વર્ષ પૂરાં. એમાં 'ભૂવો બીંગી સાના' (વરસાદ ઘણો બધો) હોય તો મોટર સરકતાં વાર ન લાગે. અહીં અકસ્માત ખૂબ થાય છે. બધો વહેવાર મોટર મારફત. આ વરસે પાક નથી, એટલે પ્રમાણમાં ઓછી ધમાલ હતી. નહિતર ફેબ્રુઆરી-માર્ચમાં ધમાચકડી બોલતી હોય. વેપારીને માથે માથું ન હોય. એમાં ડ્રાઇવર મગાન્ડો (યુગાન્ડાનો વતની) હોય તો જરૂર અકસ્માત કરે. રામજીભાઇને મસાકા જતાં રખડાવ્યા'તા એ વાત સાંભળવા જેવી છે. એ મગાન્ડાની મહેમાનગતિમાં પાછળ આવશે.

અમે મસાકા, બરારા જઈ આવ્યા હતા. મસિંડી જવાનો નિશ્ચય કર્યો. જમીને છેલ્લે કાગળે મોટરમાં

બેઠા. અમે બે ઉપરાંત ત્રણ ભાઇઓ: શ્રી ધોળકિયા અને એમની ઑફિસમાં જ કામ કરતા શ્રી નાનજી-ભાઈ તથા અલીદીના.

અલીદીના ક્લર્ક તરીકે કામ કરતા, પણ મોટર હાંકવામાં ઉસ્તાદ હતા. નાનજીભાઇ પીઢ માણસ. ક્યાંક ગાડું અટકે તો 'ઘરડાં ગાડાં વાળે' એ ન્યાયે એ ભાઈ ઉપયોગી હતા. એમને અમે 'અદા' ઠરાવ્યા હતા. રવિવારે રાત્રે પાછા ફરવાનું હતું એટલે ભેગા ધાબળા બાંધી લીધા હતા.

ચાળીસ માઇલની ઝડપે મોટર ઊપડી. અગિયારમે માઇલે બે દુકાન આવી. દસદસ શિલિંગ લઇ આગળ વધ્યા. સડકને કાંઠે આવતી દુકાનોએ ફાળો ઊઘરાવતા સાંજે કટેરા પહોંચ્યા. કટેરામાં જીનેરી અને પાંચસાત દુકાનો હતી. જીનેરીના વ્યવસ્થાપક દામુ-ભાઇ ઓળખીતા હતા. વાળુપાણીનો આગ્રહ કર્યો. અમે ના ન પાડી. વાળુપાણીથી પરવાર્યા ત્યાં સાડા નવ થયા. હજી કંપાલાથી ૫૬ માઇલ આવ્યા હતા. અમારા મનમાં ૮૦ માઇલ પર કીબોગામાં ફાળો કરી રાત રહેવું એમ હતું. રાત અંધારી હતી. દાદુ-ભાઇ કહે, રાત અહીં જ સૂઈ રહો. હજી પરમ દિવસે જ એક મગાન્ડાને સિંહ ઉપાડી ગયો'તો. અહીંથી ત્રણ માઇલ દૂર એના ઝુમ્બામાંથી લઇ ગયો. એટલે અમે કહ્યું, 'દામુભાઇ, સિંહ અમારે જોવો છે. ઇમ્બેરાનું જંગલ જે સિંહનું ઘર કહેવાય છે ત્યાં રખડયા પણ ન દીઠો. એકવાર દૂરથી જોઇ લેવો છે.'

'દૂરથી જોવો છે ને?' દામુભાઇ હસી પડયા. 'ઠીક ત્યારે ઊપડો. હોઇમા જતાં ૧૦૦ અને ૧૧૪ માઇલની વચમાં મળશે. ત્યાં નદી છે. જંગલ ઘાડું છે.'

'બસ ચાલો ત્યારે. કેમ અલીદીનાભાઇ, તમારો શો વિચાર છે?'

'આપણે તો તૈયાર છીએ. પણ રસ્તામાં ઊંઘ આવશે.' ધોળકિયા કહે 'ઊંઘનું ઓસડ આપણી પાસે છે.'

મોટરના પડદા બરાબર કરી લીધા. પટારા જેવી બનાવી દીધી. અમારે સિંહ જોવો'તો, પણ દોડતી મોટરે; નીચે ઊતરીને નહિ! એ કામ તો મગાન્ડાનું. આખી રાત રસ્તા પર ચાલ્યા જતા હોય. રાત અંધારી હોય કે અજવાળી. રાતના એક વાગ્યે પણ અમને એ સામા મળતા. બીકનું નામ ન જાણે.

અમે ચાલી નીકળ્યા. રાત્રે અગિયાર વાગ્યે કીબોગા આવ્યું. આઠ દુકાનો, એક જીનેરી બધું સૂમસામ હતું. 'વળતાં રોકાઇશું' કરીને આગળ વધ્યા. પાંચદસ માઇલ આગળ ગયા ત્યાં એકાએક મોટર ઊભી રહી. મને થયું કે નક્કી સિંહ! ચારેકોર જોવા માંડયો. રામજીભાઈ અલીદીનાને પૂછે, 'કાં, મોટરને શું થયું?'

અલીદીના કહે, 'ઊંઘ આવે છે!' બધા હસી પડયા. ઊંઘનું ઓસડ વાર્તા: વાર્તા ચાલી; મોટર પણ ચાલી.

એક સો માઇલનો પત્થર ગયો ત્યારે અમે ધારી ધારીને જોવા માંડયા. ઘોર જંગલ કાળી રાતે અઘોર લાગતું હતું. મોટર ઝપાટાબંધ જતી હતી. આઠદસ માઇલ કપાયા પણ સિંહ ન દેખાયો. અમે નિરાશ થતા હતા, ત્યાં એક કાળું જનાવર દીવાને તેજે અંજાઇ પીળી આંખો મીંચીને બેસી ગયું. મોટર પડખે થઇને પસાર થઇ ગઈ. અલીદીના કહે 'ચિત્તો હતો.'

'ચાલો, સિંહ નહિ તો ચિત્તો.' અમે મન વાળ્યું. બાકી આમ દોડતી મોટર આડે થઇને સિંહ ચાલ્યો જાય તો ય એમાં જોવાની કાંઇ મઝા ન આવે! મનમાં થયું, 'સિંહ જોવાનું કામ આપણું બીકણુ લોકોનું નહિ. એ મરદનું કામ.'

મધરાતે હોઈમા પહોંચ્યા. ગામ આખું ભરનિંદરમાં પડયું હતું. શ્રી ધોળકિયા કહે 'ચાલો સીધા મસિંડી. હોઇમા વળતાં પતાવશું. કેમ અલીદીના તૈયાર? થાકયા તો નથી ને!'

'ચાલો આપણી ના નથી. પણ ઊંઘ ન આવવી જોઇએ!'

મસિંડીનો રસ્તો કોઇએ જોએલ નહિ. દોઢેક માઇલ આગળ ચાલ્યા ત્યાં બે રસ્તા ફાટયા. પાટિયા ઉપર વાંચ્યું '૩૪ મસિંડી'. લગભગ પોણો થવા આવ્યો હતો. આંખમાં ઊંઘ ભરાવા લાગી હતી. મસિંડીને રસ્તે પહાડ અને જંગલ વધારે આવે છે. ઉપડયા. બરાબર દોઢ વાગ્યે મસિંડીના જાણીતા દુકાનદારને બારણે જઇને ટકોરા દીધા. આંખો ચોળતાં એમણે આવકાર દીધો. એક નવા બંધાતા મકાનમાં ગાદલાં ગોદડાં નખાવી દીધાં. હું અને રામજીભાઇ તો પડયા ભેગા જામી ગયા. યુગાન્ડાનાં પાણી પી સુંવાળા થઇ ગએલા શ્રી ધોળકિયા અને નાનજીભાઇએ સવાર સુધી પડખાં ફેરવ્યા કર્યાં.

સવારમાં સાડા સાત વાગ્યા ત્યાં દાતણપાણીથી પરવાર્યા. દુકાનો પૂરી ઊઘડી ન હતી. નવ વાગ્યા પહેલાં કોઇને ઉંબરે જઇને ઊભા રહેવાય તેમ ન હતું. ધોળકિયા કહે, 'મસિંડી પોર્ટ જઈ આવીએ; ફેરો અફળ નહિ જાય. ૨૯ માઇલ છે.' ચાલ્યા. ત્રણત્રણ માઇલ સુધી નજર પડે એવો સીધો રસ્તો. પ્રભાતનો પહોર. અલીદીના ચાનો કપ ચડાવીને બેઠેલા. એમાં રાતની વાર્તા યાદ આવી 'ઝકાક બકાક ધમ્ ખરરરર્ ઘોડી ગઇ . . .' કરીને પંચાવન માઇલની ઝડપ મૂકી દીધી. નાનજીભાઇનો જીવ હાથમાં રહી ગયો. પણ શું કરે? આજકાલના જુવાનિયા કોઇનું માને?

મસિંડી બંદર નાનકડું છે. સ્ટીમર નાની આવે છે. ભરૂચની નર્મદા જેટલો પટ માંડ હશે. બંદરના કલાર્કને મળ્યા. દુકાનો ત્રણ હતી. નાનજી કાલિદાસ મહેતાનો કેતકીનો શાંબો (વાવેતર) હતો. જીનેરી હતી. યુગાન્ડામાં કેતકીનું વાવેતર આ અખતરા રૂપે જ નાનજીભાઇ કરે છે. કેનિયા ટાંગાનિકામાં પુષ્કળ થાય છે. પચીસ શિલિંગની આશા નહોતી ત્યાંથી સવા બસો લઈ પાછા ફર્યા. મસિંડીમાં નાનજીભાઇની જીનેરી છે. ત્યાં જમવાની વરધી આપી. ગામનું કામ પતાવી લીધું. જમી કારવીને હોઇમા ગયા. હોઇમાનાં હવાપાણી સારાં ગણાય છે. આસપાસ પહાડો પડેલા છે. ચોત્રીસ માઇલ દૂર પડેલું આલ્બર્ટ સરોવર જોવા લાયક છે. ત્યાંથી બેલ્જિયમ કૉંગોની હદ શરૂ થાય છે. કૉંગો ઉજ્જડ પ્રદેશ છે. ત્યાંનો હાથીદાંત પરદેશ ચડે છે. બેલ્જિયન લોકો રતુમડા હોય છે. એક મોટર અમને સામી મળી હતી. મોટરને એ લોકો ડાબી બાજુ ચક્કર રાખે છે. ડ્રાઇવર મોટરની ડાબી બાજુ બેસીને હાંકે એ ત્યાં જ જોયું. હોઇમામાં ફાળો કરી કંબિગા પહોંચ્યા ત્યાં રાત પડી ગઇ હતી. બધા ભાઇઓ હાજર હતા. એક કલાકમાં કામ પતી ગયું. કંપાલા એંસી માઇલ હતું. રાત્રે અગિયાર વાગ્યે ઘેર પહોંચ્યા ત્યારે સૌ થાકીને લોથ થઇ ગયા હતા.

બીજે શનિવારે નાગલામા તરફ ગયા. અલીદીના સાથે ન હતા. રસ્તામાં એક નદી આવી. બંને તરફ સૈયા જામી ગએલા. કાચો રસ્તો બનાવ્યો છે. બે મોટર સાથે ચાલી શકતી નથી. નદી ઉપર નાનાં અગિયાર ગરનાળાં બનાવ્યાં છે. પહેલાં અહીં મોટરો ખૂંચી જતી.

રવિવારે એન્ટેબે ગયા. કંપાલાથી ૨૪ માઇલ થાય. એન્ટેબે જતાં અગિયાર માઇલ પર સરોવરમાં એક મગર રહે છે. એને ખારવા લોકો સાદ કરીને પાણી બહાર બોલાવે છે. ઘણાં માણસો જોવા જાય છે. અમે પણ ગયા. મુખ્ય રસ્તાથી સરોવર સુધી જતાં ગીચ જંગલમાંથી પસાર થવું પડે છે. રસ્તો આપણાં ગામડાં જેવો પત્થરિયો. સવારના આઠ વાગ્યા હતા. છતાં મગર ન આવ્યો. એનો સમય છ વાગ્યાનો છે. બે ત્રણ જણ હોડી લઇ નીકળી પડયા 'ટેમ્બે, ટેમ્બે, ટેમ્બે' કરવા માંડયા. પણ એ તો સરોવરનો રાજા. એના સમય સિવાય આવે તો પ્રતિષ્ઠા જાય ને!

એન્ટેબે દૂરથી સુંદર વન જેવું દેખાય છે. બાદશાહી બગીચા વચ્ચે હવામહેલ બંધાવ્યો હોય તેવું એ સરોવરતીરે શોભે છે. એન્ટેબેમાં યુગાન્ડાનો ગવર્નર રહે છે. બધી મુખ્ય ઑફિસો પણ ત્યાં જ છે. ત્યાંથી જંગલમાં ઊતરી પડયા. આ વખતે રાંધવાનો વખત ન જાય માટે સાથે ભાતું લઇ લીધું હતું. બરાબર એક વાગ્યો ત્યાં પંકચર પડયું. પાસેના કેળાના ઝુંડમાં બેસી નાસ્તો ઉડાવ્યો. પાણી નહોતું એટલે શેરડી ચૂસી. ચાલતી મોટરે શેરડી ચૂસ્યા કરી. જંગલમાં 'પોઝિશન'નો કોઇને ખ્યાલ ન આવ્યો. અમે ખરેખરા જંગલમાં ફરતા હતા. આવા અઘોર જંગલમાં જંગલી મગાન્ડાની વચ્ચે માત્ર એકાદ હિંદી નાનકડી હાટડી માંડી બેઠો હોય છે. આ વરસે વેપાર નથી, છતાં ત્રણ હજાર માઇલથી આંગણે આવેલા હિંદી ભાઇને ખાલી હાથે પાછો કાઢતાં અચકાય છે. અમને બધા ભાઇઓએ શક્તિના પ્રમાણમાં છૂટે હાથે આપ્યું છે. જંગલમાં જે પ્રેમ અને લાગણી જણાય છે તે આપણે ત્યાંનાં ગામડાંની યાદ આપે તેવી છે. સો માઇલનું ચક્કર લગાવી રાત પડયે કંપાલા પહોંચી ગયા.

ઝીંજા વિભાગ આખો બાકી હતો. કંપાલાનું આઠેક દિવસનું કામ બાકી રાખી અમે ઝીંજા ગયા. ઝીંજા વિભાગમાં કપાસના પાકને ઠીકઠીક નુકસાની લાગી હતી, એટલે અમે બેચાર ગામ ફરીને પાછા જવાનો વિચાર કર્યો. ઝીંજાથી ત્રીસ માઇલ ઇગાંગા મોટું ગામ છે. ત્યાં ગયા. બે હારમાં પચાસ ફીટ રસ્તો મૂકી બ્લૉક પાડી વસાવ્યું છે. છાપરાં તો આ તરફ બધે પતરાનાં જ હોય છે. કેટલાંક ગામડામાં તો મકાન

સુદ્ધાં પતરાનાં. ચોખ્ખાઇ ઘણી હતી. પણ પાણી બહુ ખરાબ. આખા યુગાન્ડાનું પાણી ખરાબ. અમે ખૂબ જાળવતા છતાં મને તાવ આવ્યો. એક દિવસમાં તો ખાટલાવશ કરી દીધો. ત્રણ દિવસ અણઉતાર રહ્યા. બધાને ચિંતા થવા માંડી. રામજીભાઇ કહે, 'જીંજા લઈ જઇએ.' ઇગાંગામાં એક યુરોપીયન દાક્તર હતો. પરંતુ એ મનમોજી. કોઇ વખત આવે. ઇશ્વરકૃપાથી બીજે દિવસે આરામ થયો. ઇગાંગામાં ફાળો થયો એટલે આગળ જવાનું મન કર્યું. ઇગાંગાથી મબાલે ૯૫ માઇલ થાય. મબાલે મોટો જિલ્લો છે. સારે વરસે પેદાશ પણ ઘણી થાય છે. અમે રાત્રે પહોંચ્યા. કુબેરભાઇ પટેલને ઘેર ઊતર્યા. બધી વસ્તુસ્થિતિ રાત્રે જ સંભળાવી દીધી. સવારમાં ઊઠીને તરત અમે રસ્તો પકડ્યો. મબાલેના મોટા પહાડને નમસ્કાર કરી, પ્રદક્ષિણા કરતા ઊતરી આવ્યા.

જીંજા દસ દિવસ રોકાયા. રામજીભાઇને નાઇલનો ધોધ બતાવ્યો. અરધા માઇલમાં ઘૂમરી ખાતુ દૂધના ફીણ જેવું પાણી બતાવ્યું. ધસમસતા ધોધમાં સામે ચડતી ચમકતી માછલીઓ બતાવી. ત્રણ ધોધને જુદા પાડતાં જામેલાં ઝુંડ અને ઉપર કિલકિલાટ કરતી ચકલીઓ બતાવી. એક સાંજે નાઇલ ઉપર બંધાતો પુલ જોવા ગયા. કંપાલાથી જીંજા સુધી સડક ને પાટા તૈયાર છે, પણ પુલ હજી અધૂરો છે. બહુ જબ્બર પુલ બંધાય છે. બે ટેકરી વચ્ચે અંતર ઘટાડવા સો ફીટ ઊંચી લાલ માટીની સડક બનાવી છે. પુલના ચાલુ કામ દરમિયાન મજૂરોને આવવા જવા માટે એક ઝલતો પુલ બાંધ્યો છે એ પણ જોવા જેવો છે. અમે ઉપર ચાલ્યા. નીચે નજર કરતાં ચોમાસામાં પૂર આવે ત્યારે જે જોસ આપણી નદીઓમાં હોય છે એટલા વેગથી નાઈલ વહેતી હતી. કહે છે કે આ પુલ બાંધતાં ત્રણ માણસો પાણીમાં પડી ગયા હતા. બે જણનો પત્તો ન લાગ્યો. એક તણાતોતણાતો દોઢેક ગાઉ માથે ઓવાળે ચડી ગયો તે બચ્યો. નાઇલ ઉપરનો આ પુલ યુગાન્ડામાં જોવાલાયક સ્થળ બનશે.

જીંજાનું કામ પતાવી અમે કંપાલા આવ્યા ત્યારે અમારે માત્ર મબેન્ડે તરફ જવાનું બાકી હતું. આ વખતે અલીદીનાને ખાસ લઇ લીધા. એમના હાથમાં અમારી જાન સલામત હતી. બધા રસ્તાઓમાં મબેન્ડે રોડનો નંબર પહેલો આવે છે, કારણકે ત્યાંથી ફૉર્ટ પોર્ટલ જવાય છે. ફૉર્ટ પોર્ટલની હવા અફલાતુન છે. ગોરાઓને બહુ ભાવી ગઇ છે. શનિ-રવિની રજામાં ત્યાં પહોંચી જાય છે. ફૉર્ટ પોર્ટલ પાસેની રૂવેન્ઝોરી નામની પહાડીને એ લોકોએ 'માઉન્ટન્સ ઑફ ધ મૂન' (ચંદ્રગિરિ) એવું કાવ્યમય નામ આપ્યું છે. આજુબાજુનું દૃશ્ય પણ એટલું જ મનોહર મનાય છે.

મબેન્ડે જતાં પહેલું મીટિયાના આવ્યું ત્યાં જ સાંજ પડી ગઇ. ૪૭ માઇલે રાત પડી. અમારે ચારસો માઇલ દોઢ દિવસમાં ફરવું; પાછો ફાળો કરવો. એટલે મીટિયાના વાળુ માટે નહિ રોકાતાં મારી મૂક્યા. રસ્તો સરસ હતો, પરંતુ પહાડીને લીધે વાંક ઘણા હતા. રાતનો વખત એટલે ધારી ઝડપે જઇ શકતા ન હતા. મુખ્ય રસ્તો મૂકી અંદરના ભાગમાં દસ માઇલ ઉપર એક જીનેરી હતી ત્યાં જઇ વાળુપાણી કરી સૂઇ રહ્યા.

સવારમાં મબેન્ડે પહોંચ્યા. જરાક ઉંચાણમાં વસ્યું છે. ફરતા નાનામોટા ડુંગરા પડ્યા છે. મબેન્ડેથી ફૉર્ટ પોર્ટલ સુધી પહોંચાય તેમ ન લાગ્યું. પાછા ફર્યા. આડે રસ્તે થઇ હોઇમા રોડ ઉપર નીકળવાનું ઠરાવ્યું. મબેન્ડેથી હોઈમા રોડ સુધીનો પ્રદેશ વધારે ડુંગરાઉ ને રળિયામણો છે. પહાડીઓના પેટાળમાં ચાલતાં સામે સીનેમાની ફિલ્મની માફક ઊંચીનીચી ચાર પાંચ પહાડી નીકળી આવે. નીચે જંગલ પથરાએલાં હોય. સાડા બાર વાગ્યે કાકમેરો પહોંચ્યા. કાકમેરો જમવાનું તૈયાર કરવાનું કહી અંદર સાત માઇલ જઇ આવ્યા. જીનેરી ઍંજીનના પાણી માટે નીચાણમાં રાખી હોય છે. વ્યવસ્થાપકનું મકાન ઉંચાણમાં રાખે છે. મકાન આગળ કોઈ શૉખીન જીવડા રંગબેરંગી ફૂલઝાડ વાવે છે. જો સ્વચ્છ હવાપાણી અને પૌષ્ટિક ખોરાક મળતો હોય, પ્રામાણિક કમાણી કરવાની અને આફ્રિકનોને સંસ્કારી બનાવવા જેટલી ઉદાત્ત ભાવના ને સંસ્કારિતા હોય, તો દેશમાંથી બીડ ઓછી કરી આફ્રિકામાં વસવા જેવું છે.

યુગાન્ડાની છેલ્લી લાંબી સફર પૂરી કરી રાત્રે ઘેર આવ્યા. સૌએ સાથે બેસી વાળુ કર્યું.

પ્રાતઃકાળે ઊઠીને રવેશમાં ઊભો રહ્યો તો હમેશનું એ આકર્ષક દૃશ્ય દેખાયું. બે ઊંચી ટેકરીઓની ખીણમાંથી વહેતી નદીમાં રાતોરાત કપાસનું પૂર આવ્યું હોય તેમ ધુમ્મસનાં વાદળાં જામી ગયા'તાં. ધીરેધીરે

ઘુમ્મસ ગળવા માંડ્યું એટલે શાંતિના સ્મરણચિહ્નસમું રૂબાકા ચર્ચ દેખાયું. રોગીઓના રોગ હરવા નિર્માએલું હૉસ્પિતાલ બીજી ટેકરી પર દેખાયું. છેલ્લી વાર નજરભરી નિરખી લીધું.

છેલ્લે દિવસે કંપાલા જોવા નીકળ્યા. પહેલું રૂબાકા ચર્ચ. સૌથી ઊંચી ટેકરી પર ઈશુનો ધર્મધ્વજ હોય તેમ રૂબાકા દીપે છે. ટેકરી પર ચડતી સીધી સડકને બંને પડખે આંખ ઠારે તેવાં લીલાંછમ ઝાડ રોપ્યાં છે. ચર્ચમાં પ્રવેશ કરતાં જ એક પ્રકારની મનોને ટાઢક વળે છે. પચાસ ફીટ ઊંચા છાપરામાં અથડાઈને પાછો ફરતો અવાજ ઘોઘરો થઈ માણસને ગંભીર બનાવે છે. બારણાં સિવાય બધો પત્થર વાપર્યો છે. અમે ગયા ત્યારે ચારપાંચ યુગાન્ડા ગોઠણભેર પડી સોગા (પ્રાર્થના) કરતા હતા. ઈશુની શૂળીએ ખડકાએલ કરૂણામય પ્રતિમા જોતાં હૃદય ગળવા માંડે છે. દીવાલો પર એ પ્રેમના ફિરસ્તાના જીવનપ્રસંગોનાં ભાવનાત્મક ચિત્રો લટકતાં હતાં. એ ચિત્રો કળાના ઉત્તમ નમૂનારૂપ હોઈ માનવહૃદયના તારોને ઝણઝણાવી નાખે તેવાં છે. રૂબાકાનું ભવ્ય ચર્ચ યુગાન્ડાઓએ નાસ્તાન તેમજ મિસ્કીન પાસેથી સેન્ટસેન્ટ ઉઘરાવી બંધાવ્યું છે. ખ્રિસ્તી દેવળની શાંતિ અજબ હતી.

રૂબાકાના ચોગાનમાંથી કંપાલા બહુ રૂપાળું લાગે છે. ત્યાંથી સામે જ કબાકા (યુગાન્ડાનો સુલતાન–કંપાલાનો ભામો—)નો મહેલ છે. અત્યારે એની સત્તા નામની જ છે. એનો મંત્રી યુગાન્ડા જાતિનો છે. બહુ બાહોશ ગણાય છે.

રૂબાકાથી ત્રણેક માઈલ દૂર કબાકાના સદ્‌ગત પિતાની કબર છે. બહુ વખણાય છે. અમે જોવા ગયા ત્યારે દરવાજો બંધ થઈ ગયો હતો. દેશી બાંધણીમાં બંધાએલી છે. સોએક થાંભલા છે. કળાકારીગરી સારી છે.

યુગાન્ડા કોમ પૂર્વ આફ્રિકાની બધી કોમો કરતાં સુધરેલી ગણાય છે. યુગાન્ડામાં મિશનરીઓએ ધર્મ અને કેળવણી બહોળા પ્રમાણમાં ફેલાવ્યાં છે. જંગબારમાં જેમ સ્વાહિલી ભાષા ઉર્દૂ લિપિમાં લખાય છે તેમ યુગાન્ડામાં યુગાન્ડા ભાષા અંગ્રેજી લિપિમાં લખાય છે! એ લોકો છાપાં પણ કાઢે છે. આ દેશ પોતાનો છે; અંગ્રેજ લોકો પચાવી પડ્યા છે; આ હિંદીઓ આપણને છેતરીને લૂંટી ખાય છે વગેરે વાતો સમજવા માંડ્યા છે. ગાંધીજી અને તેમના કામને સારી રીતે જાણવાવાળા પણ પડ્યા છે. એ કહે છે 'તમારો આગેવાન ગાંધી ન્યાય માટે લડે છે. અમને એની વાતો બહુ ગમે છે. અમે એવી રીતે લડવા માગીએ છીએ; પણ અમારામાં ગાંધી જેવો મોટો માણસ નથી.' હમણાં એમના છાપાંઓમાં ગાંધીજી અને સ્વાતંત્ર્ય-યુદ્ધના સમાચાર પણ છપાય છે. આપણે સ્વરાજ્ય મેળવીને આ લોકોને સ્વતંત્ર થવામાં સાથ આપવો પડશે નહિતર સ્વાર્થી કહેવાશું; ઈશ્વરના ઘરના ગુનેહગાર ઠરશું.

તા. ૨૬મીએ કંપાલા છોડ્યું. જીંજા થઈ કમલી આવી રાત રહ્યા. બીજે દિવસે ગાડીએ ચડી યુગાન્ડાને છેલ્લી તાજીમ કરી લીધી.

અથાણું

શેઠ—(નોકરને) જો, તારે રાંધવાનું, ઘર સાફ રાખવાનું, ઢોર સંભાળવાનું, ઘોડાગાડી હાંકવાનું, ઘોડાની માવજત કરવાનું અને ફરનીચર સાફ રાખવાનું કામ કરવાનું છે; બોલ કરીશને?

નોકર—હાજી, એમાં શું? એ બધું મને આવડે છે. પણ સાહેબ, આ બાજુની જમીનમાં માટી કેવી હોય છે?

શેઠ—કેમ, માટીનું આમાં શું કામ પડશે?

નોકર—એ તો એટલા માટે કે આ આટલાં બધાં ઓછાં (!) કામમાંથી પરવારૂં ત્યારે ફુરસદને વખતે માટીમાંથી ઈંટો બનાવવાનું કામ પણ કરતો રહું!!

ૐ

બા—(ચીનુના ઓરડામાં દાખલ થઈ ધીમેથી) ભાઈ ઊંઘી ગયો લાગે છે.

ચીનુ—હા બા, દાક્તર કહેતા હતા કે હું ઊંઘતો હોઉં ત્યારે દવા આપવા ઊંઘમાંથી ઉઠાડવો નહિ.

ૐ

એક વૃદ્ધ લક્ષાધિપતિ–અરે જુવાન, તું એમ ન ધારતો કે હું જિંદગીથી મોટરમાં ફર્યા કરૂં છું. શરૂઆતમાં તો મારે પગે ચાલીને ખૂબ રખડવું પડતું. પછી જ્યારે મોટર ખરીદવા જેટલા પૈસા થયા ત્યારે એક મોટર ખરીદી.

જુવાન–તમે જિંદગીની શરૂઆતમાં પગે ચાલતા, પણ હું તો શરૂઆતમાં પેટે ચાલતો અને રીબતો; પગે ચાલતાં પણ મને તો બહુ મોડું આવડ્યું હતું. છતાં હજી મોટર નથી મળી.

ૐ

કનુ—રમુ, કેમ હજી ઘેર નથી ગયો?

રમુ—ઘેર જાઉં તો બાપા મારે.

કનુ—બાપા શા માટે મારે?

રમુ—ઘેર નથી ગયો માટેસ્તો.



(નવયુગ)

માધુકરી

ગાજતા સાગરો છોળછોળે ભર્યા,
ગિરિ બધા ડોલતા ખળભળે સામટા;
આજ ત્રૂંટે ગુલામીભરી જો દશા!
કાળ પડખું ફરેઃ ક્રાન્તિની નોબતો ગડગડે જીવનમાં શાન્તિ ભરવા.
વર્ષથી વાટડી જોઇ, ખોઇ જાતડી,
આજ ખપ્પર મહીં રક્ત મા માગતી;
કાલનો સૂરજ તો ઊગશે સોનલો,
કાળ પડખું ફરેઃ અડગ તું ના ડરે, નિશ્ચયે સ્થાન તારૂં ગ્રહી લે.—બલદેવ મહેતા

ક્રાંતિકાર ક્રૉમવેલ

એ આપણી આ બ્રિટિશ સરકારનો જ પૂર્વજ હતો. એનો મોટો દાદો ટૉમસ ક્રૉમવેલ, ઇતિહાસને સુવિખ્યાત કાર્ડિનલ વૂલ્ઝીનો ઉત્તરાધિકારી હતો. તેણે કૅથલિક મઠોનો નાશ કરવામાં તે સમયના રાજા આઠમા હેનરીને સહાય આપેલી. અને એ રાજાએ આ મદદ બદલ ટૉમસ ક્રૉમવેલને ફાંસીનું ઇનામ આપ્યું! ભાવિની કોઇ અકલિત ઘટનાથી, કેમ જાણે એ કૃત્યનો બદલો જ તેના વંશજ ઑલિવર ક્રોમવેલે પહેલા ચાર્લ્સને ફાંસીએ ચડાવીને ન લીધો હોય શું?

ઑલિવર ક્રૉમવેલનો જન્મ હંટિંગ્ડન નામના ગામડામાં ઈ. સ. ૧૫૯૯ના એપ્રિલ માસની ૨૫મી તારીખે થયો હતો. તેના પિતાને એક નાની જાગીર હતી. તેનામાં તેની માતાનું સૌંદર્ય અને પિતાનું સાહસ ઊતરી આવ્યાં હતાં. પોલાદના ચકચકિત બખ્તરમાં સજ્જિત બનેલી તેની આકૃતિ આજે પણ જોતાં અપૂર્વ ભવ્યતાનું ભાન કરાવે છે.

બાલ્યાવસ્થાના તેના દિવસો બગીચાઓ લૂંટવા, વાંદરાંઓનો પીછો પકડવો વગેરે પ્રકારનાં તોફાનોમાં (અને તેના પરિણામે પિતાનો માર ખાવામાં) વ્યતીત થયા હતા. એવી જ કોઇ રમત દરમ્યાન એકવાર તે એક નદીના ઊંડા પાણીમાં ડૂબતો હતો, એવામાં કાંઠે તે શહેરના પાદરી રેવ. મિ. જ્હૉનસન જતા હતા તેગણે તેને જોયો અને મહામહેનતે બહાર કાઢયો. મોટપણે જ્યારે તે સ્વદેશના સૈન્યનો કર્નલ બની રાજા સામે યુદ્ધે ચડતો હતો ત્યારે રસ્તામાં એ જ જ્હૉનસન પાદરી તેને ગળ્યો. તરત જ ભૂતકાળના બનાવની ઉપકારવશ અંતરથી તેણે યાદ આપી અને પોતાને લાયક કાંઇ કામ હોય તો લખવા વિનંતિ કરી. પણ રાજભક્ત પાદરીએ ગુસ્સે થઇને કહ્યું, 'મને કશું યાદ આપવાની જરૂર નથી. મને બધું યાદ છે. તારા જેવા દુષ્ટનો જીવ મારા હાથે બચ્યો તે સંભારીને આજે મને ખૂબ દિલગીરી થાય છે. જો ન બચાવ્યો હોત તો અત્યારે તું તારા રાજા સામે બળવો કરવા હયાત ન હોત.' પણ કર્નલ ક્રૉમવેલ આ કશું ન ગણકારતાં હસતો હસતો પોતાને પંથે પડ્યો.

નવ વર્ષની ઉમરે ક્રૉમવેલે એક વખત એક પાડોશીનો બગીચો લૂંટ્યો. તેના પિતા બહારગામ ગયા હોઇ તે ફરિયાદ તેની મા પાસે આવી. માતાએ નેતરની સોટીથી તેની સારી પેઠે પૂજા કરી તેને સૂવાના ઓરડામાં બેસી રહેવાનો હુકમ કર્યો. રોતોરોતો તે પથારીપર પડ્યો. થોડી ક્ષણ પછી તેણે નોકરોને વાત કરતાં સાંભળ્યા કે તેની મા અમુક સ્થળે કોઇ માંદાને જોવા ગએલી છે અને ખેતરની કેડીના રસ્તે પાછી ફરનારી છે. આ સાંભળતાં જ તેને કાંઇક યાદ આવ્યું અને તે સફાળો ઊઠ્યો. પોતાની નાનકડી ફરશી લઇ નોકરોની નજર ચુકાવવા પાછળની બારીએથી કૂદી શ્વાસભેર તે માતાને આવવાના રસ્તે દોડ્યો. રસ્તો ભયાનક અને નિર્જન હતો; રાત અંધારી હતી; પણ બાળક ક્રૉમવેલ નીડરપણે ખભે ફરસી નાખી નાનકડા પરશુરામ જેવો આગળ ધપ્યે જતો હતો.

માર્ગમાં તેની માએ તેને દૂરથી આવતો જોયો. દૂરદૂર નજર નાખતો ધ્રુસ્કાં ખાતો, આંસુ લૂછતો, ખભે ફરશીવાળો આ નાનો છોકરો આવે છે તે તો પોતાનો ઑલિવર! અંધારી રાતે તેને આમ આવતો જોઇ તે આશ્ચર્ય પામી. ક્રૉમવેલની નજર પણ મા પર પડી. પડતાં વેંત દોટ મૂકી માને બાઝી પડ્યો. અને ત્રૂટક શબ્દો બોલ્યો, 'બા, બા, પેલા ખેતરમાં તેના માલિકે એક ભયંકર આખલો છૂટો મૂક્યો છે. તારાં રંગીન કપડાં જોઇ તે ભડકીને ક્યાંક તને મારી ન બેસે એટલા માટે તારૂં રક્ષણ કરવા હું આવ્યો.' માતાની આંખમાં



ઑલિવર ક્રૉમવેલ

વાત્સલ્ય અને અભિમાનનાં આંસુ ભરાઇ આવ્યાં. ચુંબનોનો વરસાદ વરસાવી તેણે પોતાના નાનકડા વીર પુત્રને છાતી સરસો ચાંપ્યો અને પેલા ભયંકર આખલા પાસે થઇને તેઓ નિર્વિઘ્ને પસાર થઇ ગયાં.

ઑલિવરનો પિતા હેનરી ક્રૉમવેલ રાજ્યભક્ત હતો. પહેલો જેમ્સ રાજા તેને ત્યાં ઘણી વખત અતિથિ બની આવતો. તેની સાથે તેનો કુમાર ચાર્લ્સ પણ આવતો. જ્યારે રાજા અને હેનરી મુત્સદ્દીગીરીની વાતો કરતા ત્યારે તેમના બંનેના પુત્રો ચાર્લ્સ અને ઑલિવર બગીચામાં રમતા. એક વખત આમ રમતાંરમતાં ચાર્લ્સનો દાવ દેવાનો વારો આવ્યો. તેણે કહ્યું, 'હું તો રાજાનો કુંવર, હું દાવ શાનો આપું!'

'અમે દાવ આપીએ ને તમે કેમ ન આપો? રાજાના કુંવર એટલે શું થયું?'

'અમે ઈશ્વરના અંશો; કાયદાઓ અમને ન લાગુ પડે.'

'ઈશ્વરને તો આ તમાચો ન વાગે. જોઉં, તમને વાગે છે કે નહિ?' કહી ઑલિવરે તેના એ ભવિષ્યના રાજાને એક તમાચો ચોડી કાઢ્યો. ચાર્લ્સ રડતોરડતો રાજા પાસે રાવ ખાવા ગયો!

આમની સભામાં એક અગત્યના બિલની ચર્ચા થઈ રહી હતી. રાજ્યપક્ષના પ્રધાનનું એ વિષેનું ભાષણ સાંભળતાં એક જુવાનના ચહેરાનો રંગ બદલાતો જતો હતો અને તેથી થતો ભ્રૂકુટિભંગ તેના કરડા ચહેરાની ભયાનકતામાં વધારો કરતો હતો. આવેશથી તેના હોઠ ધ્રૂજી ઊઠ્યા અને તે વિરુદ્ધ-માં બોલવા ઊભો થયો. એના કાતિલ હુમલાથી સૌ લાકડાની પેઠે સ્તબ્ધ થઇ ગયા. સર ડિગ્બીએ પોતાની પાસે બેઠેલા જ્હૉન હૅમ્પડનને પૂછ્યું, 'આ જુવાન કોણ છે?'

'હંટિંગ્ડન તરફથી એ બેસે છે. મારો સંબંધી છે. એનું નામ મિ ઑલિવર ક્રૉમવેલ. રાજાની કુટિલ રાજનીતિનો એ કટ્ટર વિરોધી છે.'

'ખરેખર, જતે દહાડે એ નામ કાઢે એવો લાગે છે. રાજાની રૂબરૂ એની સામોસામ એ ખુલ્લો બળવો પોકારે છે!'

કિંગપીમ, હૅમ્પડન વગેરે લોકપક્ષના મોટા બળવાખોરો મરી પરવાર્યા હતા. પાર્લામેન્ટનો પક્ષ ઢીલો પડ્યો હતો. રાજા ચાર્લ્સ એક પછી એક કિલ્લાઓમાં પોતાના લશ્કરના બળે વ્યવસ્થા ફેલાવતો જતો હતો અને પાર્લામેન્ટની તરફેણનાં ગામો પર અસહ્ય જુલમો ગુજારતો આવતો હતો. લંડન હવે થોડા જ માઇલ દૂર રહ્યું હતું એ ભયાનક નિરાશામાં જુવાન ઑલિવર ક્રૉમવેલ આશાની ચિનગારી ફેલાવતો બહાર ધસી આવ્યો ને તેવતેવડા જુવાનોને સાદ દીધો, 'બાંધવો, હવે આખરી ફેંસલો છે. માથાંના મોહ મૂકી આવી જાઓ. ને મુરબ્બીઓ હવે આપ નિવૃત્તિ લ્યો; આપનો ખપ નથી.'

ભીષણ નિશ્ચયે, પોતાના કડક અને ચાતુરીભર્યા રચના-બળ વડે તેણે લશ્કરની પુનર્ઘટના કરી. ઇંગ્લંડના ઇતિહાસમાં લોહબંધ (Ironsides)ને નામે સુવિખ્યાત તેના સેનાનીઓ-માં દેશભક્તિ અને અજેય બળના રૂપા પ્રવાહો છોડી મૂકયા. અને એવા બિનકવાયતી પણ અણનમ સૈન્ય વડે તેણે પ્રિન્સ રૂપર્ટ જેવા મહાન સેનાનાયકના લશ્કરને પવનમાં પીંછું ઉડાડે તેમ ઉડાડી મૂક્યું.

અપૂર્વ આત્મબળ દાખવી એણે લોકપક્ષને વિજય અપાવ્યો અને જુલ્મી રાજાને તેના અન્યાયો સાબિત કરી ફાસીને લાકડે ચઢાવ્યો. દેશનો એ રક્ષક પ્રજાનો હૃદયમણિ બન્યો અને ઇંગ્લંડનો રાજમુકુટ તેને ચરણે ધરાયો. પણ તેને ઠોકરે મારી એ તો દેશનો સેવક જ રહ્યો અને જીવનભર ગ્રહેમત ખેડી, પાછળ સુવ્યવસ્થિત ને સમૃદ્ધિશાળી રાષ્ટ્ર મૂકતો ગયો.

(સંકલિત) 'રસનિધિ'

સ્વ. મિ. સેસિલ એલ. બર્ન્સ

મુંબાઇની સરકારી કળાશાળાના મુખ્ય અધ્યક્ષને સ્થાને ૧૮ વર્ષની લાંબી ને પ્રગતિમાન કારકીર્દિ ગાળનાર એ બાહોશ અંગ્રેજ કલાકાર ગયા વર્ષમાં ગુજરી ગયા. મુંબાઇની એ કળાશાળા (સર જે.જે. સ્કુલ ઑફ આર્ટ)માં તૈયાર થએલા અનેક ડ્રૉઇંગ માસ્તરો અને ચિત્રકળા કે સ્થાપત્ય ને મૂર્તિ-કામના વિદ્યાર્થીઓ તેમનું પ્રેરક વ્યક્તિત્વ ને ઊજળું નામ કદી ભૂલશે નહિ પોતાના હોદ્દાની રૂએ તેમણે આ દેશની કેળવણીમાં જે અસર પહોંચાડી છે તેનાં પરિણામોની અસર હજુ લાંબા વખત સુધી ટકશે. એક કુશળ અને બહોશ અંગ્રેજ અધિકારી તરીકે તેમણે આખા ઇલાકા ઉપર પોતાની છાપ બેસાડી હતી. તેમના જ કાળમાં ચિત્રકામ બધી શાળાઓના પાઠ્ય વિષય તરીકે દાખલ થવા પામ્યું અને આજે કેટલાય ના ઘરમાં ડ્રૉઇંગનાં સર્ટિફિકેટો ઉપર તેમની સહી યાદ-ગીરી રૂપે હશે.

મિ. બર્ન્સ અભ્યાસ-યોજનાના નવા અખતરા હમેશાં કર્યા જ કરતા અને તેમાં મનમાન્યાં પરિણામ ન આવે તેમ તુરત ફેરફારો કર્યે જતા. કેળવણીની સાથે કલાદૃષ્ટિ ખીલવવાના ઉદ્દેશથી એમણે ડ્રૉઇંગની પરીક્ષાઓ સરળ કરીને ચિત્રકામને ખૂબ વ્યાપક બનાવ્યું. પરંતુ તેથી પણ કેળવાએલાં માણસોમાં રૂપ અને રંગની ઊંચી અભિરૂચી ન પ્રકટી, એટલે એમણે એલિમેન્ટરી અને ઇન્ટરમીજિયેટ પરીક્ષાઓ ઘડી કાઢી. બધા ડ્રૉઇંગ માસ્તરોને પણ ફરીવાર તે ક્રમનું ભણતર સુધારી લેવા એકએક વર્ષ એમણે ખાસ ક્લાસમાં બોલાવ્યા હતા. ત્યાર પછી એનો અમલ બરોબર થાય છે કે નહિ તે જોવા એક ડ્રૉઇંગ ઇન્સ્પેક્ટર તરીકે કુશળ અધિકારીની ગોઠવણ કરી. તે જાતે ફરીને બધી સ્થિતિ પર સુધારાવધારા સૂચવે એવો ઉદ્દેશ રાખ્યો હતો. ત્યાર પછી તો એ રીટાયર થયા, પરંતુ એ બધા પ્રયત્નો છતાં હજુ યે ડ્રૉઇંગનું શિક્ષણ વિદ્યાર્થીઓના હાડમાં ઊતર્યું જણાતું જ નથી.

મિ. બર્ન્સે આખા પ્રાંત માટે જેમ પ્રયાસો કર્યા તેમ પોતાની સીધી દેખરેખ નીચે રહેલી શાળામાં યે સુધારાવધારા કરવામાં બાકી રાખી નહોતી; છતાં આ દેશના મર્મમાં પહોંચે એવી કળા કે કારીગરીનો પ્રસ્તાવ કરવાનો યશ એ શાળાને એમના સમયમાં તો મળ્યો જ નહિ. બંગાળમાં ઊગતી નૂતન હિંદી કળા તરફ હમેશાં તેમનો કટાક્ષ હતો, અને ડૉ. આનંદ કુમારસ્વામી તથા તેમની વચ્ચે વારંવાર એ સંબંધે લાંબા વાદવિવાદો અને ચર્ચાઓ એ વખતનાં પત્રોમાં પ્રગટ થયા કરતા. મિ. બર્ન્સ એક જબરદસ્ત વ્યક્તિ હોવાથી એ શાળાના અધ્યક્ષ તરીકે ઘણામાં ઘણાં વર્ષો ટકી શક્યા. એમની જ કારકીર્દિ દરમ્યાન માટીના વાસણકામ માટેનો સિડનહામ પૉટરી ક્લાસ, સ્થાપત્યના અભ્યાસ સારૂ આર્કિટેકચરની સ્વતંત્ર શાળા, કારીગરી વિભાગમાં બીજો સંગીન અભ્યાસક્રમ અને ચિત્રવિભાગમાં પણ ઊંચી કક્ષાનો અભ્યાસક્રમ દાખલ થયો. છતાં તેમના સમયમાં તેમણે ધારેલી કક્ષા માટે એક પણ પરીક્ષા કે ડિપ્લોમા મંજૂર કરી નહિ. પોતાના મનમાં તેમણે એનું એટલું ઊંચું ધોરણ ધારી મૂક્યું કે તેમને મન કોઇ કામ લાયક બન્યું લાગ્યું નહિ હોય.

તે પોતે અતીવ ઉત્સાહી અને સશક્ત કામ કરનાર આદમી હતા પોતે પૂરા સામ્રાજ્યવાદી હોવાથી શાળાના વાતાવરણમાં બ્રિટિશ પ્રભાવ બને તેટલો વ્યક્ત કરતા. તેમનો દાબ શિક્ષકો તેમજ વિદ્યાર્થી ઉપર ઘણો રહેતો અને તેને લીધે એ બંને વચ્ચે કદી હાર્દિક સંબંધો થવા પામ્યા નહિ. એમ છતાં કહેવું જોઇએ કે તેમનામાં વિદ્યાર્થીને દોરવાની વિરલ શક્તિ હતી. ચિત્રવિદ્યાના અટપટા પ્રયોગોમાં તે અજબ રીતે માર્ગ દર્શાવતા અને ગમે તે સાધનો દ્વારા આશ્ચર્યકારક રીતે આબાદ પરિણામ લાવતા.

શાળાના વહીવટ અને ઇલાકાની ચિત્રપરીક્ષાઓ ઉપરાંત



સેસિલ એલ. બર્ન્સ

ઘણાં સરકારી કામો અને ચિત્રોના ઑર્ડરો તથા સ્થાનિક મ્યૂઝિયમની દેખરેખ વગેરે બીજી જવાબદારીઓ પણ તેમને માથે રહ્યા કરતી. પણ તે એકેએકને એ એકસામટા પહોંચી વળતા. તેમની લેખનશૈલી ઘણી ઊંચી પંક્તિની હતી. તેમાં ઇતિહાસની અને અન્વેષણની ખાસ દૃષ્ટિ જણાય છે. ‘ટાઈમ્સ ઑફ ઇન્ડિયા’ના વાર્ષિક અંકોમાં દર વર્ષે તેમનો એકાદ લેખ ચિત્રો અને સ્કેચ હોવાનાં જ, અને તે ક્રમ તેમના જીવનની આખર સુધી જળવાયો છે. એને લીધે તેઓ શાળાઓ સિવાયના જગતમાં પણ જાણીતા થયા હતા. ૧૯૧૭માં એ મુંબાઇની શાળા છોડી ફારગ થયા ત્યારે મુંબાઇમાં વસતા જૂના નવા સેંકડો વિદ્યાર્થીઓ એમને વિદાય આપવા મળ્યા હતા. તેમાં હાલના કેટલા યે નામાંકિત ચિત્રકારો, ફોટોગ્રાફરો, સ્થપતિઓ અને ડ્રૉઇંગ માસ્તરો હતા. પછીનાં વર્ષોમાં તેમણે હિંદમાં ભ્રમણ કર્યાં કર્યું હતું અને ઠારોઠારથી અવનવાં પાત્રોની તસ્વીરો, દેખાવો અને આલેખનોના થોકડા ભેગા કર્યા હતા. છલ્લા એક જ વર્ષના તેમના આવા કામના નમૂનાઓ લગભગ પાંચસો જેટલા હતા! પોતે તાદૃશવાદી ચિત્રકાર હતા. આંખ સામે રમી રહેલી રંગસૃષ્ટિ બારોબાર ચિત્ર પર ઉતારવા તેમની શક્તિ સાધનો સાથે અજબ હરીફાઇ કરતી.

લંડનની ન્યૂમૅન સ્ટ્રીટમાં આવેલી આર્ટ સ્કૂલમાં પ્રો. હીધર્લીના હાથ નીચે તેમણે પ્રથમ અભ્યાસ કર્યો. ત્યાર પછી પાંચ વર્ષ વિખ્યાત પ્રોફેસર હર્બર્ટ હર્કોમર આર. એ.ના હર્ટફર્ડશાયરમાં આવેલા બુશે ખાતેના સ્ટુડિયોમાં કામ કર્યું. આ સુપ્રસિદ્ધ કલાસિદ્ધના તે પ્રથમ શિષ્ય હતા.

બુશે છોડયા પછી રૉયલ ઍકેડેમી અને ન્યૂ ગૅલેરીમાં તેમજ લંડનનાં પ્રાંતિક પ્રદર્શનોમાં તે નિયમિતપણે ચિત્રો મોકલતા. મોટે ભાગે તેઓ તસ્વીરો અને માનવ આકૃતિનાં ચિત્રો કરતા વૉટર કલર, ઑઇલ કલર કે પેસ્ટલ (રંગીન ચાક) ગમે તે સાધનોમાં તે પ્રવીણ હતા.

૧૮૯૩માં પ્રો. હર્કોમરની માગણીથી તેમના બુશે ખાતે તૈયાર થતા કલામય ઘરને ખાસ સુશોભનોથી શણગારવાને તે મદદ કરવા ગયા. ત્રણ વર્ષ સુધી તેમાં મૉડેલિંગ (ઉઠાવદાર રૂપકામ) તથા ચિત્રકામ કર્યું ત્રાંબારૂપાનાં સુંદર જડતરકામ પણ તેમાં કર્યાં હતાં.

એ કામ પૂરૂં થવા આવ્યું એવામાં લંડન (સાઉથ વેસ્ટ)માં ચેલ્સી ખાતે પૉલિટેકનિક હુન્નરશાળાની સ્થાપના થઇ. તેના કળાવિભાગના અધ્યક્ષસ્થાન માટે ઊભા થએલા ૨૬૧ ઉમેદવારોમાંથી કોઇ સંપૂર્ણ લાયક નહિ લાગવાથી એ સંસ્થાના ચાલકોએ પ્રો. હર્કોમરની સલાહ માગી. તેમણે પોતાના પટ્ટશિષ્ય મિ. બર્ન્સની તે જગ્યા માટે આગ્રહપૂર્વક ભલામણ કરી અને મિ. બર્ન્સ એકદમ ત્યાં નીમાઈ ગયા.

બે વર્ષ એ જંગી ખાતામાં કામ કર્યા બાદ, ૨૪૦ ઉમેદવારોની હરીફાઈમાંથી તેઓ સાઉથ લંડન ક્રૅફ્ટ સ્કૂલના પ્રિન્સિપાલ અને સાઉથ લંડન આર્ટ ગૅલેરીના ક્યૂરેટર થયા. અહીં રહીને તેમણે આલ્બર્ટ ડ્યુરરના જમાનાથી આજસુધીનાં ગ્રંથ-ચિત્રોના નમૂનાઓનું પ્રદર્શન તૈયાર કર્યું જેનો એક લાખ માણસોએ લાભ લીધો હતો. આ વર્ષોમાં તેમને ડૅકોરેટિવ ઢબનાં (સુશોભનોનાં) ઘણાં કામો કરવાં પડ્યાં હતાં, છતાં થોડાં સુંદર પોરટ્રેટ (તસ્વીર) ચિત્રો તેમણે તૈયાર કરેલાં. ૧૮૯૬માં રૉયલ સોસાએટી ઑફ બ્રિટિશ આર્ટિસ્ટના તે સભ્ય બન્યા. તેમણે ખૂબ લખ્યું છે, ખૂબ ચીતર્યું છે તેમજ સાદાં રયાગરંગી ચિત્રોથી પણ અનેક આગેવાન ચોપાનિયાં અને પત્રોનાં પાનાં ભર્યાં છે.

૧૮૯૯માં મુંબાઇ સરકારને મુંબાઇની કળાશાળા માટે યોગ્ય માણસની જરૂર પડી અને સર જ્યૉર્જ બર્ડવૂડની ભલામણથી મિ. બર્ન્સને તે જગ્યા મળી. ત્યાં સુધી એ શાળા માત્ર તસ્વીરો અને દેખાવો ચીતરવાનું શિક્ષણ આપનારી સંસ્થા છે એમ જ મનાતું. પણ ૧૮ વર્ષને અંતે જ્યારે મિ. બર્ન્સે તે શાળા છોડી ત્યારે ત્યાં સ્થાપત્ય, માટીકામ, ચિત્રકામ, મૂર્તિકામ અને કારીગરી વાળા લગભગ બધા ધંધાનું શિક્ષણ વ્યવસ્થિત અભ્યાસક્રમ દ્વારા અપાતું થયું હતું. આ એમની વિશાળ કલાદષ્ટિ અને સર્વદેશીય અનુભવ દર્શાવે છે.

ઑસ્ટ્રેલિયાનું મીઠાનું સરોવર

મધ્ય ઑસ્ટ્રેલિયાના આજ લગી અગમ્ય અને અણજાણ રહીગએ રણપ્રદેશની શોધ-સફરમાંથી હમણાં જ પાછા વળેલા ઑસ્ટ્રેલિયન સફરી મિ. મૅડિગને એ પ્રદેશમાં આવેલા એક અજબ જેવા મીઠાના સરોવરનું વર્ણન બહાર પાડ્યું છે. ધ્રુવ પ્રદેશ ઉપર જેમ બરફના થરના થર જામી ગયા છે તેમ આ સરોવરમાં નર્યું મીઠું જ જામી ગએલું છે. ખાસ્સા પાસાદાર મીઠાનાં પડનાં પડ એ વિશાળ જગ્યાના માઇલોના વિસ્તારમાં બંધાએલાં પડ્યાં છે. જૂના વખતમાં એ સરોવર હશે તેની ખાતરીનાં બધાં ચિહ્નો મળી આવે છે. ચોમેર ઊંચી કરાડોવાળા કિનારા—કોઇકોઈ સ્થળે તો ત્રીસત્રીસ ફૂટ ઊંચા—છે, અને તેની વચ્ચે કંઇ કલ્પના ન થઈ શકે એટલું મીઠું પડ્યું છે અટકળે અંદાજ કરીને મિ. મૅડિગન જણાવે છે કે માત્ર સરોવરના ઉત્તર તરફના ભાગમાંથી જ આશરે ત્રણ અબજ ટન (૫૬ મણનો એક ટન) મીઠું નીકળે! રાસાયણિક પ્રયોગની ખાતરી પછી જો એમાં પોટાશ હોવાનું માલૂમ પડે તો તો એ સરોવરની કિંમત અવર્ણનીય થઇ પડે. એકલા મીઠાની જ કિંમત આંકવા બેસીએ તો પણ બેનું કામ ન કરે, કેમકે એ સરોવરના પાત્ર (તળિયા)માં જમીનનાં પડની પેઠે જ મીઠાના થર પર થર જામ્યાં છે;—તે એવાં કે તેના પર મિ. મૅડિગને મોટરટ્રકમાં માઇલોની મુસાફરી ખેડી, અને સરોવરની વચ્ચે જઇને તંબુ પણ નાખ્યા;—જેમ બરફના પ્રદેશમાં થાય છે તેમજ! બીજી નવાઇ જેવી શોધ ત્યાંથી એ પણ મળી કે કિનારાથી બાર માઇલ દૂર અંદરના ભાગમાં સરોવરની જામેલી જમીન પર ત્રણ ઇંચ લાંબી જીવતી ગરોળીઓ જણાઇ! તે ઉપરાંત કીડીઓનાં દર અને ત્રણ ઇંચ ઊંચા મીઠામાંથી જ બનાવેલા તેમના રાફડા પણ મળી આવ્યા. નવાઈની વાત છે કે એ જંતુઓ તથા પ્રાણીઓ ત્યાં કેમ જીવતાં હશે, કેમકે ખોરાક માટે ત્યાં કશું જ મળે એવું નહોતું. એ પ્રદેશની આસપાસમાં વસતા દેશી જંગલીઓમાં આ સરોવરને વિષે ચિત્રવિચિત્ર દંતકથાઓ ચાલે છે. એ સરોવરમાં ગએલાં તેમનાં ઢોરઢાંખરનો ફરી પત્તો જ મળતો નથી, અને એવાં બીજાં કારણોને લીધે એ બહુ ગહન અને ભેદી મનાય છે.

મિ. મૅડિગન માને છે કે ૫૦ હજાર વરસ પહેલાં આ સરોવર નિર્મળ મીઠા પાણીથી લહેરાતું હશે. આજે તેના કિનારાની ચારે તરફ જે માત્ર પાંચ નાનાંનાનાં વહેળિયાં જેવાં દેખાય છે તે એ પ્રાચીન કાળમાં મોટી નદીઓ હશે અને તે ઑસ્ટ્રેલિયાના વિશાળ પ્રદેશમાંથી ઢગલાબંધ ક્ષાર ઘસડીઘસડી આ સરોવરમાં ઠલવતી હશે. અહીં પડતી અતિશય ગરમીને લીધે કાળક્રમે એ નદી અને સરોવર સુકાઇને મીઠું જામ્યું હશે. પુરાણ કાળમાં જોકે આ પ્રદેશ વસવાટને યોગ્ય હશે, પણ આજે તો અગ્નિની જ્વાળા જેવી લૂના

સતત વાતા ઝંઝાવાતો અને પ્રચંડ ભઠ્ઠી જેવા સૂર્યના સદા તપતા તાપને લીધે સૈકાંઓ થયાં હવે એ સહારા માટે વસવાટને સારૂ નકામો ને વેરાન બની પડ્યો છે. (ટ્રેઝર ચેસ્ટ)

મધ વિષે થોડુંક

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે મધપૂડામાંથી આપણને જેવું મધ મળે છે તેવું ને તેવું જ એ ફૂલમાંથી મળતું હશે; પણ એ ભૂલ છે. મધપૂડાના મધ અને મૂળ પુષ્પમાં રહેલા પરાગ-મધમાં ઘણો જ ફેર હોય છે. ખરૂં (માખીએ બનાવેલું) મધ ઘટ્ટ, ચીકણું અને મીઠું તથા કોઈ પણ તરેહની ખાસ વાસ વિનાનું હોય છે જ્યારે ફૂલમાં રહેલું મધ મીઠાશે ફિક્કું ને પાતળું હોય છે, કેમકે તેમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે. વળી તેમાં થોડેઘણે અંશે તે તે ફૂલોની સુવાસ રહેલી હોય છે. માખી પુષ્પોમાં રહેલ આ મીઠો પરાગ-રસ ચૂસે છે. તે માખીના પેટમાં જતાં આ રસને લાળ જેવો એક પદાર્થ મળે છે તેમાં તે ખૂબ ઘૂંટાય છે અને તેમાં રહેલું પાણી થોડુંઘણું શોષાય છે. ત્યારબાદ માખી ઘેર જઇ પૂડામાં એ પદાર્થ પેટમાંથી પાછો કાઢે છે. આ બહાર કાઢેલો પદાર્થ એ જ ખરૂં મધ. દિવસો જતાં એમાં રહેલું પાણી સુકાવા માંડે છે અને મધ ઘટ્ટ બને છે. વળી કોઇકોઇ મધમાખીઓ મધને જલદી ઘટ્ટ બનાવવા પોતાની પાંખોથી પવન પણ નાખે છે. આ રીતે મધપૂડામાંનું મધ તૈયાર થાય છે.

મધના ગંધ, સ્વાદ અને રંગનો આધાર તે જે જે વિવિધ પુષ્પોમાંથી લેવાયું હોય છે તેના પર આધાર રાખે છે. લીમડાનું મધ ઘણી વાર કડુંધું હોય છે. કોઇ મધનો રંગ ધોળાશ પર તો કોઇનો બદામી, કોઇનો પીળો અને કોઇકોઇ તપખીરિયા ને છેક કાળાશપડતું પણ હોય છે. ધોળા રંગનું મધ ખાસ કરીને સૌથી ઊંચું, ને સ્વાદિષ્ટ મનાય છે.

મધની બાબતમાં શાસ્ત્રજ્ઞોએ પુષ્કળ શોધો કરી છે, પણ હજી સુધી તેના તમામ ગુણધર્મોનું પૃથક્કરણ કરી શકાયું નથી. મધમાખો ફૂલોમાંથી મધ રૂપે જે પરાગ-રસ ખેંચી લે છે તેમાં પરાગ, પાણી (મુખ્ય ભાગ-એટલે કે લગભગ ⅔ જેટલું), સાકર, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, કેટલાક જમીનના ક્ષાર અને એ. બી. તથા સી. એ ત્રણે વિટામિન્સ, આટલાંનું મિશ્રણ હોય છે. આ ઉપરાંત તેમાં લોહનું પ્રમાણ દૂધ કરતાં પણ વધારે છે; એટલે એ રીતે તે અધિક ગુણકારી છે. શરીરને ઉપયોગી ગરમી પણ મધમાં ઘણી છે;—એક ઔંસમાં ૯૫ કૅલરીઝ જેટલી. ટૂંકામાં, માનવશરીરમાં રહેલાં અને તેને પૂર્તિરૂપ જરૂરનાં લગભગ બધાં જ તત્ત્વો ઓછાવત્તા પ્રમાણમાં મધમાં રહેલાં છે.

મધમાં જે અનેક વૈદકીય અને શાસ્ત્રીય દૃષ્ટિના ગુણધર્મ છે એમાં ડેક્સ્ટ્રોસ ને લેવુલોઝ બે મુખ્ય છે. તે પૈકી લેવુલોઝને લીધે મધને ગળપણ ને તેની વિશિષ્ટ રૂચી પ્રાપ્ત થાય છે. મધુમેહના દરદીઓને પણ આ પદાર્થ આપી શકાય તેવો હોય છે. આ લેવુલોઝમાં માંદા અશક્ત માણસને સ્ફૂર્તિ આપવાનું સામર્થ્ય હોય છે. ઉધરસ જેવા રોગો પર મળતી પુષ્કળ પેટંટ દવાઓમાં મધનો ઉપયોગ ખાસ દેખાઇ આવે છે. મધમાં રહેલા ગુણધર્મોને લીધે પહેલાંના લોક મધ પુષ્કળ પ્રમાણમાં ખાતા ને એથી તેમનો દેહ ભવ્ય ને સશક્ત બનતો. ગરમ દૂધ સાથે મધ દિવસમાં ચાર વાર લેવાથી પ્રકૃતિ ઘણી જ સારી રહે છે એવો અનુભવ છે. (સંકલિત)

મનુષ્યને પાંખો ?

છેક માનવબુદ્ધિના ઉગમકાળથી મનુષ્યને પક્ષીની જેમ આકાશમાં ઊડવાની આકાંક્ષા થયા કરી છે, અને તેને માટે કૈંકૈં પ્રયત્નો મનુષ્ય જાતિએ આજ લગી કર્યા જ કર્યા છે. આધુનિક વિજ્ઞાનના વિકાસ પછી તો શોધકોને પાકી આશા બંધાઈ કે મનુષ્યો વિહંગોની જેમ આકાશમાં સ્વછંદે ઊડે એવો દિવસ બહુ નજીક છે. એ દિવસ હવે ખરેખર આવી પહોંચ્યો જણાય છે; કેમકે એક ઑસ્ટ્રીઅન શોધકે પક્ષીની જેમ ઊડી શકવા માટે હમણાં જ એક જૅકેટ—બદન—ની શોધ કરી છે.

પટાની મદદથી તે માણસની પીઠ પર પહેરાય છે. ઊડવા માટે તેને પાંખો જેવા બે ઊભા પંખા ગોઠવવામાં આવેલા હોય છે, જે માણસના માથા ઉપર રહે છે. એના ફફડાટથી માણસના મસ્તકને ઇજા ન થાય તે સારૂ માથે પહેરવાનો ધાતુનો ટોપ પણ બનાવવામાં આવ્યો છે. પીઠ પર એક નાની પેટીમાં એન્જિન રહે છે અને એ એન્જિનને વજનની સમતોલ રાખવા માટે આગળ છાતીના ભાગમાં સામેની બાજુ જુદાજુદા ઘડાનાં વજન—કાઉન્ટર બૅલેન્સ—રાખવામાં આવે છે.

પણ માણસને વિજ્ઞાને ઉગાડેલી પાંખોની આ નવી શોધમાં સૌથી પહેલી ખામી એ છે કે એ જૅકેટ-યંત્રને કાબુમાં રાખી આગતેમ ચલાવવું તથા સંભાળવું શી રીતે? પહેરનાર હવામાં બલૂનની જેમ ઊડે તો ખરો, પણ પછી તે ઊંચે ને ઊંચે ઠેઠ ચંદ્ર પ્રદેશમાં પહોંચે ત્યાં સુધી, અથવા તો પેટ્રોલ ખતમ થતાં સુધી ઊડ્યે જ જાય તેનો કંઇ અર્થ નથી. પેટ્રોલ ખલાસ થઇ યંત્ર બંધ પડતાં ઊડનાર પાછો ગમે ત્યાં નીચે પડે અને જીવ ગુમાવે. ઘણાખરા શોધકો માને છે કે એમાં જુદાજુદા પ્રકારનાં કાઉન્ટર બૅલેન્સો યુક્તિપૂર્વક ગોઠવવાથી જ આ મૂંઝવણનો નિવેડો લાવી શકાશે. ઊડતો માણસ તે વડે શરીરને તથા પંખાને મરજી મુજબ આગળ પાછળ કે ઊંચેનીચે ફાવે તેમ વાળી શકશે.

ઘણા વૈજ્ઞાનિકોએ તો ભવિષ્ય ભાખ્યું છે કે એમાં એન્જિનને બદલે એક નાજુક હલકી વીજળીક મોટર જ વપરાશે, તેમજ તેની સાથે એરીઅલની એવી ગોઠવણ થશે કે તે હવામાંથી જ બારોબાર વીજળીક શક્તિ ગ્રહણ કરી એ વીજળીક મોટરને ચલાવે. આ વીજળી, અલબત્ત, વિના મૂલ્યે જ મળી શકશે; માત્ર આ ઉડણખાટલી (જૅકેટ)નાં જ દામ બેસશે. પછી તો હાલ જેમ સાઇકલો ઘેરઘેર નજરે પડે છે

તેમ ગમે તે માણસ એ રાખી શકશે અને હવામાં ઊડી શકશે.

મશહૂર મોચીઓ

શકૂર વિના મશકૂર બનાતું નથી. અને શકૂરનો ઈજારો કોઇ ખાસ કોમ કે વ્યક્તિને આપવામાં આવતો નથી. એ તો 'મારે તેની તલવાર' અને 'કરે તો પુરુષાર્થ' છે. સદ્‌ભાગ્યે કોમ પ્રતિની ઘૃણા અને મિથ્યાભિમાન આ સ્વરાજ્ય યુગની ગરમી આવતાં આપણા દેશમાંથી ઓસરતાં જાય છે. જન્મની મહત્તાને સ્થાને કર્મની મહત્તાથી (By worth and not by birth) હવે પ્રજા અને વ્યક્તિ મપાવા લાગ્યાં છે એ એક સુચિહ્ન છે. કર્ણની માફક दैवाधीनं कुले जन्म, ममाधीनं च पौरुषंનો પડકાર કરનારા અનેક પુરુષાર્થી વીરો પછાત કોમોમાંથી પણ નીકળી આવશે ત્યારે જ આપણો ઉદ્ધાર છે.

દલિત કોમો પણ પુરુષાર્થ સાધી કઇ કક્ષાએ પહોંચી શકે છે તેના ઉદાહરણ તરીકે 'ન્યૂ એમ્પાયર'માંથી પશ્ચિમની મોચી કોમનો દાખલો ટાંકીશું.

વનસ્પતિશાસ્ત્ર કોણે રચ્યું? લિનસ—એક મોચીએ!

ઇંજીલ (બાઈબલ)ને બંગાળીમાં કોણે ઉતાર્યું? કેરી નામના એક મોચીએ!

લંડન ક્વાર્ટર્લી રિવ્યૂ નામનું વિખ્યાત ત્રૈમાસિક કોણે સ્થાપ્યું? ગીફર્ડ નામના આપબળે વિદ્વાન થએલા મોચીએ!

રૅગેડ સ્કુલો (ધૂળી નિશાળો) કોણે ચાલતી કરી? જૉન પાઉન્ડસ—એક મોચીએ!

'ફાર્મર્સ બૉય'નું પુસ્તક કોણે રચ્યું? બ્લૂમફીલ્ડના મોચીએ!

અમેરિકાની 'સ્વાતંત્ર્યઘોષણા'નો મુસદ્દો ઘડવામાં કોનો મુખ્ય હિસ્સો હતો? શેર્મેન—જન્મે મોચી-નો જ!

સોસાએટી આફ ફ્રેન્ડ્ઝ—સુહૃદસમિતિ—નામની સંસ્કારમંડળીનો સંસ્થાપક કોણ? જૉન ફોક્સ—મોચી!

લ્યૂથરથી પણ અધિકું લ્યૂથરનું કામ કોણે કર્યું? હન્સ સૅક્સ—મોચીએ!

પહેલા ચાર્લ્સ રાજાના ફાંસીનામા ઉપર બીજા કોની સહી હતી? હ્યુસનની—એ પણ મોચી!

શેક્સપીઅરનાં કરુણાન્ત નાટકો (ટ્રૅજેડી)માં પ્રેરણા આપનાર કોણ હતું? માર્લો—મોચી!

ઊનનાં શત્રુ-જંતુઓનો નાશ

ઊનનાં કપડાં વગેરેને બરોબર ફેલાવવામાં અને સંભાળવામાં ન આવે તો તે બેસી જઇને (સડી જઇને) નાશ પામવાથી ઘણી વખત બહુ નુકસાન થાય છે એ તો ઘણાંનો અનુભવ હશે. અંદર કપૂર, પેલી ગંધાતી ડામરની ગોળીઓ અથવા બીજા પદાર્થો રાખીને સાચવવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ. પણ એ બધાં દ્રવ્યોની અસર ક્ષણિક હોય છે.

પણ હવે તો રસાયણીઓ એક એવી જ પ્રવાહી દવાની શોધ કરી રહ્યા છે કે જે, ઊનને વણતાં પહેલાં રંગતી વખતે રંગમાં જ નાખીને તેમાં ઊન બોળી લેવાથી એ જીવાત વિનાનું સલામત બની જાય. આ પ્રવાહીને ઊનના કપડા પર પાછળથી પણ છાંટી શકાય છે, અને તેની વાસ કે રંગ કશાની અસર કપડા પર રહેતી નથી, માત્ર ગુણની અસર રહે છે,—ને એ એટલી બધી કે સદાને માટે એ કપડું સુરક્ષિત બની જાય છે.

ઊનમાં કોઇકોઇ વાર જે જીવડાં દેખાય છે તે ખરી રીતે, ઊનનાં દુશ્મન નથી. પણ એ જીવડાં બન્યા પહેલાંની જીવાત રૂપે જે નાનાં બચ્ચાં હોય છે તે જ ખરાં નુકસાનકારક હોય છે. નરી આંખે તે દેખાતાં નથી અને ઊનના જ રંગના હોઇને ઊનની ઝીણી રૂંવીમાં ભરાઇ રહે છે. તેનો ખોરાક એ રૂંવાટી જ. વિનાશકારક ઉગ્ર ગંધવાળા પદાર્થોની અસર સ્થાયી નથી હોતી, એટલે તે ગંધ જતી રહેતાં ફરી આ જીવાતનું કામ ચાલુ થાય છે. એ જીવાત ઊનની જ ઉત્પન્ન હોવાથી તેને બહારથી આવતી અટકાવવાનું તો શક્ય નથી, એટલે તેનાથી બચવાનો ખરો રસ્તો તેને ભૂખે મારી નાખવી એ જ છે. અને તે આ છેલ્લા શોધાએલા રસાયણથી બરોબર શક્ય બને છે. તેની અસર ઊનની રૂંવીમાં એવી સજ્જડ બેસી જાય છે કે સદાકાળને માટે પેલી જીવાત એ રૂંવીને અડી પણ શકતી નથી, અને એમ આપમેળે જ નાશ પામે છે. હમણાં જ આ રસાયનવાળું ફલાનલનું કપડું દવા લગાડયા પછી ત્રણ વરસે નવી જીવાત આગળ મૂકવામાં આવ્યું, પણ જીવાત તેને અડકી સુદ્ધાં નહિ! (ટ્રેઝર ચેસ્ટ)

ગળી જઈ શકાય એવો કૅમેરા

મનુષ્યના પેટની અંદરના-જઠરના જુદાજુદા ભાગના તથા તેની ક્રિયાઓના બારીક ફોટોગ્રાફો લઇ શકે તેવો એક અતિ વિચિત્ર નાજુક કૅમેરા શોધાયાના ખબર ચિલ્ડ્રન્સ ન્યુસપેપર નામના છાપામાં આવ્યા છે. કદમાં તે અતિશય નાનો હોવાથી ગળી જઈ શકાય છે! અંદર વીજળીક રોશનીની એવી ગોઠવણ હોય છે કે તેનાં કિરણો 'લેન્સ' (કાચ)ના મુખની સામેની બાજુએ પડે. એક પછી એક એવી સોળ અતિશય બારીક છબીઓ પડી શકે તેવી તેમાં ગોઠવણ હોય છે. છબી લેવાયા પછી તેને બહાર કાઢવામાં આવે છે અને છબીઓને 'ડેવલપ' કરી (રસાયણમાં ધોઇ) તેના પરથી વિસ્તારી કદની છાપો ઉતારવામાં આવે છે. એ ફોટાનું કદ અમુક સોગણું મોટું કરી શકાય તેટલી સાફ અને ચોખ્ખી છબી પડે છે. હવે ડૉક્ટરો લોકોના રોગ સારી પેઠે જાણી શકશે અને મુંઝવણભર્યાં અસાધ્ય દરદોની રગ પણ પામી શકશે. (અંગ્રેજી ઉપરથી)

ઘડિયાળની સંભાળ

ઘડીઘડીમાં ઘડિયાળ બોટક્યાની તો ઘણાની ફરિયાદ હશે. પણ જો ઘટતી કાળજી રાખવામાં આવે તો એ જ ઘડિયાળ લાખ રૂપિયાની થઈ પડે. દેખીતાં નજીવાં એવા ઘણાં કારણો હોય છે કે જે ઘડિયાળને ધૂળ કરી નાખે છે.

હમેશાં નિયત કરેલા સમયે જ બરોબર ઘડિયાળને ચાવી

આપવી. પણ ઊંધું ઘાલીને ચાવી દે દે ન કરવી. ચાવી પૂરી થવા આવે ત્યારે કમાન ટાઇટ થવા માંડે છે, ત્યારે હાથ ધીમો પાડવો. કમાન તૂટી ન જાય તેની કાળજી રાખવી.

ઘડિયાળને બહુ ઠંડીમાં રાખવી નહિ કેમકે ઠંડીને લીધે મશિનમાં પૂરવામાં આવેલું તેલ ઘટ્ટ થઇ જામી જાય છે અને ઘડિયાળની ગતિ મંદ પડે છે, તેમજ તેને ગરમીમાંથી એકાએક સ્થલાંતર કરવી નહિ. કારણકે એકદમ વાતાવરણ બદલાતાં મુખ્ય કમાન છટકી કે તૂટી જવાનો ભો રહે છે. બને ત્યાં સુધી ઘડિયાળને એક જ ઠેકાણે સ્થાયી રાખવી. ગજવાની કે કાંડે બાંધવાની ઘડિયાળ ને ટીંગાડવા કરતાં બેઠી સ્થિતિમાં રાખવી સલાહભર્યું છે. બહુ ફેરબદલ કરવાથી સમતોલપણું નહિ સચવાવાથી પણ ઘડિયાળ બંધ પડે છે. મશિનમાં અંદર કસ્તર ન ભરાય તેની ખાસ ચીવટ રાખવી રહેજ અગરથુ તણખલું ઘડિયાળને અટકાવવા પૂરતું છે, માટે ઘડિયાળને ઘરામાં જ રાખવી સહીસલામત છે. ઊન કે સુતરાઉ કપડાના ગજવામાં ઘડિયાળ રાખવી હોય તો ઘરૂં ખાસ રાખજો, કેમકે ઘસારાને લીધે એવાં કપડાંનાં રજકણ ઘડિયાળમાં દાખલ થવા સંભવ રહે છે અને કાળક્રમે ઘડિયાળ મંદ પડે છે. આપણને આ કારણ કલ્પનામાં પણ હોતું નથી. ઘડિયાળને શો રોગ થયો છે તે જાણવા વારે ઘડીએ ખુલ્લામાં ઉઘાડબંધ કરી ચૂંથતા નહિ; તેમ કરવાથી ઊલટો વધારે કચરો ભરાશે અને જો અણઘડ હશો તો કામ વધારી મૂકશો. તેનાં કરતાં તો સારા ઘડિયાળીને સોજ કરવા આપવું તે સલાહભર્યું છે. પણ ધ્યાન રાખવું કે ઘડિયાળી મશિનમાં કંઇ ફેરબદલો કરે નહિ.

ત્રિજ્ઞાન

૧. ત્રણ ગુણ: સત્ત્વ, રજસ અને તમસ. ૨. ત્રણ અવસ્થા: જાગ્રતિ, સુષુપ્ત અને તુર્યા. ૩. દ્રવ્યની ત્રણ ગતિ: દાન, ભોગ અને નાશ. ૪. ત્રણ આયુદ્ધ: તન, મન અને ધન ૫. ત્રણ મૂળ રંગ: લાલ, પીળો ને વાદળી. ૬. ત્રણ સંધ્યા: પ્રાતઃ, મધ્યાહ્નઃ અને સાયં. ૭. ત્રણ મત: અદ્વૈત, દ્વૈત અને વિશિષ્ટાદ્વૈત. ૮. ત્રણ કાળ: વર્તમાન, ભૂત અને ભવિષ્ય. ૯ ત્રણ કર્મ: સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ. ૧૦. ત્રણ પ્રારબ્ધ: ઇચ્છિત, અનિચ્છિત અને પરઇચ્છિત. ૧૧. ત્રણ માદક: સુરા, સ્ત્રી અને કુપાત્રગ્રહવિત્ત. ૧૨. ત્રણ રાત્રિ: શિવરાત્રિ, ગોકુળઆઠેમ અને કાળીચૌદસ. ૧૩. ત્રણ સૂતક: જન્મ, મરણ, અને ગ્રહણ. ૧૪. ત્રણ દેવ: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. ૧૫. ત્રણ શિવનેત્ર: રવિ, શશિ અને અનલ. ૧૬. પ્રણવમંત્રની ત્રણ માત્રા: અકાર, ઉકાર અને મકાર. ૧૭. ત્રણ વખત: સવાર, બપોર અને સાંજ. ૧૮. ત્રણ તાપ: દૈહિક, દૈવિક અને ભૌતિક. ૧૯.ત્રણ લોક: સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ.—'સારસ્વત'

૭૪ાા

વેપારીઓ આ ૭૪ાાની સંખ્યા પોતાના ચોપડા, કાગળો, હૂંડીઓ, ખાતાં વગેરે પર લખે છે. તેનું રહસ્ય થોડા જાણતા હશે. આ રિવાજ મૂળ મેવાડ-મારવાડનો છે. તે વેપારીઓ ગુજરાતમાં વસ્યા એટલે તેમનો રિવાજ, દેખાદેખીથી ગુજરાતી વેપારીઓએ પણ સ્વીકાર્યો.

મેવાડનો રાણો પ્રતાપ મોગલ સમ્રાટ મહાન અકબરના સૈન્ય સાથે હલદીઘાટનું યુદ્ધ ખેલ્યો, તેમાં અસંખ્ય રજપૂતોનો સંહાર થયો હતો. રજપૂતો જનોઇ પહેરતા (અને હજી પહેરે છે.) યુદ્ધમાં ખપી ગએલા રજપૂતોનાં શરીર પરથી જનોઇ ઉતારી, તેનું વજન કર્યું તો ૭૪ાા મણ થયું હતું. શબ એટલાં અસંખ્ય હતાં કે તેમની સંખ્યા ગણવી અશક્ય હતી. તેથી તેમનો અંદાજ કાઢવા, ઉપર પ્રમાણે જનોઇનું વજન કર્યું હતું!

૭૪ાાની સંજ્ઞા, એ આ ઐતિહાસિક બનાવનું સ્મરણચિહ્ન છે. એ આંકડો લખનાર, એ પ્રમાણે લખી, પરોક્ષ રીતે એમ સૂચવે છે કે, જો મારૂં લખ્યું ન પાળું તો એ યુદ્ધમાં કામ આવેલા અસંખ્ય શૂરવીરોની હત્યા જેટલું મને પાપ લાગે.

સોનાની વપરાશ

દર વર્ષે દુનિયામાં સોનાની વપરાશ વધતી જ જાય છે. ૩૫ વર્ષ પહેલાં આશરે ૪૦ કરોડનું સોનું ઉત્પન્ન થતું; આજે લગભગ બે અબજનું સોનું ઝવેરીઓ વાપરે છે. દર વર્ષે ૧૫૦ ટન જેટલું સોનું તો પાછું ઉપયોગમાં ન આવે એ રીતે વપરાઇ જાય છે! એકલા વિલાયતમાં જ આશરે ૪૦,૦૦૦ ઔંસ સોનું સોનાનો વરખ બનાવવામાં જાય છે. એ ઉપરાંત ધાતુ ઉપર ગિલ્ટ ચડાવવામાં તથા વાસણો ઉપર ચિત્રકામનો શણગાર કરવામાં વપરાય છે તે તો જુદું.

હિંદુસ્તાનમાં દર વર્ષે લગભગ દોઢ લાખ રૂપિયાનું સોનું મંદિરોના ઘુમ્મટ ઉપર ઢોળ ચડાવવામાં વપરાય છે એમ કહેવાય છે. આવા અને બીજી જાતના ઉપયોગમાં હિંદુસ્તાન દર વર્ષે ૩ થી ૪ કરોડ રૂપિયાનું સોનું વાપરે છે. એટલું જ સોનું ચીનમાં વપરાય છે. ચીના લોકો પોતાનો ખજાનો જમીનમાં દાટી રાખે છે અને મરણ પહેલાં પોતાના વારસોને ઘણી વાર ખજાનો દાટેલી જગ્યા બતાવી શકતા નથી અને એ રીતે એટલું સોનું નકામું જાય છે.

નેલ્સનનું ઘડિયાળ હજી ચાલે છે!

બ્રિટિશ વીર નેલ્સનના અવશેષ-સંગ્રહમાં તેની ઘડિયાળનો ઉમેરો કરવામાં આવ્યો છે. ટ્રફાલ્ગરની તેની છેલ્લી વિખ્યાત લડાઇમાં એ પડ્યો ત્યારે એ તેની પાસે જ હતી. તેના મૃત્યુ પછી તે તેની ભત્રીજીને મોકલવામાં આવેલી. ત્યાર પછી તેણે તે સરકારને એવી શરતે આપી કે મારો જે કોઈ વારસ નૌકાસૈન્યમાં નોકરી કરે તેને એ મળે. હમણાં એવો કોઇ ઉમરલાયક વારસ ન હોવાથી તે યૂનાઇટેડ સર્વિસ મ્યૂઝિયમમાં રાખવામાં આવી છે. નેલ્સનના અવસાનને આજે સૈકા ઉપરાંત વરસો વીતયાં છતાં એ ઘડિયાળ હજી બરોબર ચાલે છે અને સાચો વખત આપે છે! (ટ્રૂઝર ચેસ્ટ)

ડાયૉજિનિસને કોઇ મિત્રે એક વાર દારૂની બાટલી આપી. તેણે તરત તે ધૂળમાં ઊંધી વાળી દીધી. મિત્રે પૂછ્યું, 'આવો સારો દારૂ કેમ ઢોળી દીધો?' ડાયૉજિનિસે કહ્યું, 'દારૂ શીશીમાં રહેવાનો તો હતો જ નહિ. ધૂળને બદલે પેટમાં પડયો હોત તો યે તે નાશ પામત; ને વધારામાં હું પણ નાશ પામત.'

ચોમાસામાં પાણીથી ભીંજાએલા જોડામાં કાગળના ડૂચા મજબૂત ખોસી રાખશો તો વહેલા સુકાઇ જશે અને ચીમડાઇને તેનો આકાર બગડશે નહિ.

અમેરિકાના પેન્સિલવેનિયા પ્રાંતમાં એક જબરદસ્ત કોલસાની ખાણમાં ઇ. સ. ૧૮૫૮માં આગ લાગેલી માણસો તો ભાગી છૂટયાં; પણ તે પછી એ આગ હોલવવાના ઘણાઘણા પ્રયત્નો કરતાં છતાં યે હોલવાતી જ નથી. હજી તે ધૂંધવાયા કરે છેઃ આજ ૭૨ વરસ થયાં!


બત્તીના ઘાસતેલમાં મીઠાનો ગાંગડો નાખી રાખજો. એથી દીવો સ્વચ્છ બળશે અને સારૂં અજવાળું આપશે.

૨૦૦૦ વર્ષ પહેલાં ચીનમાં ઐતિહાસિક હકીકતો વાંસની પટીઓ ઉપર લખાતી. પછી તેને ભેગી કરી એક છેડે કાણું પાડી પંખાની જેમ બાંધી દેવાતી.

મધની પરીક્ષા માટે અનેક નુસખા કહેવાય છે; એક વધારેઃ મધ પાણીમાં તળિયે બેસી જાય તો ચોક્ખું અને જો પાણી સાથે ભળી જાય અથવા અંદર પથરાઇ જાય તો ભેળવાળું સમજવું.

ચોમાસામાં સોય અથવા લોખંડની પિનો સાચવવા માટે સાબુના કટકામાં ખોસી રાખજો; એથી કટાશે નહિ.

સ્વદેશી વસ્તુઓ અને બનાવટો વિષે માહીતી મેળવવી હોય તો 'ઑલ-ઇન્ડિયા સ્વદેશી ઇન્ફરમેશન બ્યુરો, એલીસ બિલ્ડિંગ, હૉર્નબી રોડ, મુંબાઇ-૧' એ સરનામે પુછાવોઃ મફત માહીતી મળશે.



વીંછીના ડંખ ઉપર દાડમડીનાં પાંદડાં છૂંદીને બાંધી દેવાથી થોડી વારમાં ઠંડક થશે ને ઝેર ઊતરી જશે. પાંદડાં વાટતી વખતે તેમાં પાણીનો જરા યે ઉપયોગ કરવો નહિ. વીંછીના ડંખ ઉપર ચીરો કરી અંદર મધ નાખવાથી પણ ઝેર ઉતરી જાય છે. કરી જોજો.

આંબાનાં બળતાં પાંદડાંનો ધુમાડો આપવાથી હેડકી બંધ થઇ જાય છે.

લીંબુ નીચોવેલા ઠંડા પાણીમાં વાસી શાકને કલાકેક પલાળી રાખવાથી તેમાં તાજાપ આવી જશે.



વિમાની ટપાલ માટે સરકારે હમણાં ખાસ નવાં કવરો બહાર પાડયાં છે. તેના પર જે લેબલ ને ટિકિટ છાપેલાં છે તેનાં ચિત્રો આ ઉપર આપ્યાં છે. મુખ્ય ટપાલ ઑફિસોમાં આવાં કવર સવા આઠ આને એક છૂટક, અથવા રૂા. ૪-૨-૦નું આઠનું પૅકેટ લેખે વેચાય છે.

કણીઓ પડી ગએલા ને કઠણ બુટ-પૉલિશમાં ટર્પેન્ટાઈનનાં થોડા ટીપાં નાખવાથી નરમ બની જશે.

ચાના અને ફળના ડાઘ કાઢવા માટે પાણીમાં થોડો ચાક નાખીને ઉકાળી તેમાં કપડું બોળી રાખી પછી ઠંડા પાણીથી ધોઇ નાખજોઃ જતા રહેશે.



અતિશય પાતળા સફેદ કાગળના એક ટુકડામાંથી ફક્ત એક નાનકડી કાતર વડે કોરી કાઢેલી ચાતુરીભરી આ જાળી પાટણના એક જૈન યતિની કારીગરી છે. પછી તેને કાળા કાગળ ઉપર સાવચેતીથી ચોડી દીધી છે. આવા સુંદર સર્જનની શક્તિ ઉપરાંત કારીગરમાં જે ધીરજ, સફાઇ, માપ પકડવાની ચોકસાઇ અને ખંત જોઇએ એ બધા ગુણની કસોટી આ કામમાં તેના કારીગરે સફલતાથી આપી છે.